# ઓપિનિયન

**यो वै भूमा तत् सुखम्।**

**તંત્રી : વિપુલ કલ્યાણી**


**પુસ્તક : 18 • પ્રકરણ : 09 • સળંગ અંક : 213** **26 ડિસેમ્બર 2012** **ડિજિટલ અવતાર – તેત્રીસ**


## ગુજરાત પ્રત્યે આત્મભાન જાગવો જોઈએ

• રવિશંકર મહારાજ

1લી મે, 1960ની સવારે રવિશંકર મહારાજના હસ્તે, હરિજન આશ્રમ – અમદાવાદ ખાતે ગુજરાત રાજ્યની સ્થાપના કરવામાં આવી હતી. એ પ્રસંગે રવિશંકર મહારાજે વ્યક્ત કરેલી અપેક્ષાઓ આજે આટલાં વર્ષે પણ એટલી જ પ્રસ્તુત છે. ગુજરાતની પ્રજા અને શાસકો મહારાજના ઉદ્‌ઘાટન પ્રવચનમાં વ્યક્ત થયેલી અપેક્ષાઓ તરફ લક્ષ આપે, એવી આશા સાથે એ પ્રવચન સ-આદર …

•



આજે ગુજરાતનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે તે વખતે પૂ. ગાંધીજીની ભવ્ય મૂર્તિ અને એમણે આપેલો ભવ્ય વારસો તેમ જ આ સ્થળે રહીને આપણને આપેલા અનેક પાઠો પણ નજર સમક્ષ તરવરે છે. વળી ગુજરાતના ઘડવૈયા અને આપણને સૌને પ્રિય એવા પૂ. સરદારશ્રીનું આ પ્રસંગે સ્મરણ થાય છે. તેમને નમ્ર ભાવે પ્રણામ કરી મારી ભાવભીની અંજલી અર્પણ કર્યા સિવાય રહી શકતો નથી. દેશને માટે જેમણે નાની મોટી કુરબાનીઓ અને પ્રાણ અર્પ્યા છે, તે સૌ નામી-અનામી રાષ્ટ્રવીરોને આદરભાવે વંદન કરું છું.

રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષ દરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાંની પ્રજા રહેતી. એમના વિકાસમાં એ ભારતનો વિકાસ જોતા. આપણા ગુજરાતનાં ગામડાંઓમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. ભણેલા ન હોવા છતાં ધંધારોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા આપણે ત્યાં સુંદર કારીગરો છે. વહાણવટું કરવામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડૂતો પણ છે, અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમાં કુશળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે.

આ બધાની શક્તિને ગુજરાતના હિતમાં ચાહના મળે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તો પણ થોડા વખતમાં સમૃદ્ધ બની શકે એ વિશે મારા મનમાં બિલકુલ શંકા નથી. સ્વરાજ્ય મળ્યા પછી દેશભરમાં ઘણાં વિકાસકાર્યો થયાં છે. રાષ્ટ્રની સંપત્તિ તેમ જ પેદાશ પણ વધી હશે. પણ એની યોગ્ય વહેંચણી થાય તો જ આપણે સમતા અને શાંતિની દિશામાં પ્રયાણ કર્યું કહેવાય, યોગ્ય વહેંચણી કરવાનો રસ્તો ધનદોલતની લહાણી કરવી એ નથી. પણ આપણે ત્યાંની એક એક સશક્ત વ્યક્તિને એને લાયકનું કામ મળી રહે અને હોંશે એ કામ કરવાનો એનાં દિલમાં ઉત્સાહ પ્રગટે એ કરવાની ખૂબ જરૂર છે.

આપણે ત્યાંની માનવશક્તિનો અને કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય તો આપોઆપ સંપત્તિ અને સમૃદ્ધિ પણ વધવાની અને યોગ્ય વહેંચણી પણ થવાની. આવું કરવું હશે તો આપણે ખેતી અને ગોપાલન તરફ આજે આપીએ છીએ તેથી પણ વિશેષ ધ્યાન આપવું પડશે. ભૂમિ એ કદી શોષણનું સાધન ન બનવી જોઈએ. આપણું ગોધન અને પશુધન ખાંડુમાંડું હવે નહીં ચાલે, પણ જોઈને આંખ ઠરે એવું ગોધન હોવું જોઈએ. જે દેશમાં દૂધ – ઘીની નદીઓ વહેતી, એ દેશમાં ચોખ્ખાં ઘી-દૂધ મળવા દુર્લભ થાય એ આપણી કેવી દુર્દશા કહેવાય ! એ સ્થિતિ ટાળવી જ જોઈએ.

ગોસંવર્ધન અને ગૌસેવા એ જ એનો સાચો ઈલાજ છે. ગોવધબંધી જેમ અમદાવાદ શહેરે અને સૌરાષ્ટ્રે કરી છે, એમ આખા ગુજરાતમાં થવી જોઈએ. એમ થશે તો મને બહુ ગમશે. પણ ઉત્તમ ગોપાલન એ જ ખરેખર ગોસેવાનો સાચો માર્ગ છે એ કદી ભૂલવા જેવું નથી.

આજે અનાજ આપણે પરદેશથી મંગાવવું પડે છે. આ સ્થિતિ આપણે માટે ખતરનાક અને શરમજનક છે. અનાજની બાબતમાં ગુજરાતે સ્વાવલંબી બનવાનો નિર્ધાર કરવો જ જોઈએ. અને એ સાથે સુવ્યવસ્થિત યોજના ઘડીને દેશને માર્ગદર્શન આપવું જોઈએ.

સ્વરાજ્ય મળી પછી અતિ પવિત્ર ઉત્પાદક શ્રમશક્તિ દિવસે દિવસે આપણામાં ઘટતી જાય છે અને પ્રજાનું મોં વધારે ભોગ તરફ જઈ રહ્યું છે. એ ભોગપ્રાપ્તિ માટે એને અન્ન અને ઘી – દૂધ કરતાં સિક્કાની અગત્ય વધુ સમજાવા લાગી છે. તેથી ખેતી જેવો પવિત્ર ધંધો કરનારા ખેડૂતો પણ સિક્કા પાછળ પડ્યા છે. પણ આ બધાનું ખરું કારણ છે સુધરેલા ગણાતા ભદ્રસમાજનો આચાર. આપણા આ વર્ગે સ્વરાજ્ય મળ્યા પછી ત્યાગને ભોગ તરફની રુખ બતાવી છે. એટલે એ દિશાએ સામાન્ય જન પણ વળ્યા છે. આ કારણે જીવનમાં બધાં ક્ષેત્રોમાં તાણ અને અસંતોષનું ભાન થવાલાગ્યું છે.

માણસ વધારે પૈસા પાછળ દોડે કેમ કાઢે છે ? એને જેટલું મળે છે એટલું ઓછું કેમ પડે છે ? એનું મોં સંગ્રહ તરફ અને વધુ સુખોપભોગ તરફ કેમ વધે છે ? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ આટલાં કપડાં પહેરો, આમ જ કરો, આ જ વર્તો એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરંતુ આપણા પ્રધાનો, આપણા આગેવાનો અને આપણા અમલદારો તથા આપણા મુખ્ય કાર્યકરો પોતાના જીવનમાં સાદાઈ અને કરકસરનું તત્ત્વ અપનાવીને પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકશે.

બંગલાઓ, મોટરો, ફર્નિચર, મોટાઈ દેખાડવાની રીતભાતો, હોટેલો, મિજબાનીઓ, એ સૌમાં સાદાઈ અને કરકસરની છાપ પડવી જોઈએ. રાજ્યનાં કામોમાં તો ઠીક, પણ અંગત જીવનમાંય એ તત્ત્વ દેખાવા લાગશે તે પ્રજા પર એની જાદુઈ અસર પાડશે.

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•


**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR **[U.K.]**

**e.mail :**
**vipoolkalyani.opinion@btinternet.com**

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

**Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004**

**e.mail : bharti_parekh@hotmail.com**
**સંપર્ક : ભારતીબહેન પારેખ**


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**

આજે લાંચ અને રુશ્વત અને કાળાબજારની બદીઓ ઠેર ઠેર જોવા મળે છે. એ માટે રાજ્યે અને પ્રજાજનોએ સહકાર સાધીને એને દૂર કરવાનો દૃઢ નિર્ધાર કરવો પડશે.

આપણને સ્વરાજ્ય મળ્યાને આજે બાર બાર વર્ષનાં વહાણાં વાયાં, એમ છતાં આપણા સામાન્ય જનોને આપણું રાજ્ય પરાયા જેવું લાગે છે, કારણ કે આપણા વહીવટની ભાષા હજી અંગ્રેજી ચાલે છે. લોકોની ભાષામાં ન્યાય ન તોળાય, લોકો સમજી શકે એવી ભાષામાં શિક્ષણ ન અપાય, ત્યાં સુધી લોકોને 'આ અમારું' રાજ્ય છે અને એના ઉત્કર્ષ માટે અમારે પરિશ્રમ ઉઠાવવો જોઈએ એવી ભાવના નહીં જાગે. રાજ્ય માટેનો આત્મભાવ નહીં જાગે. એટલે ગુજરાતે સૌ પ્રથમ એવી જાહેરાત કરવી જોઈએ કે ગુજરાત રાજ્યનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં ચાલશે, શિક્ષણનું માધ્યમ પહેલેથી છેલ્લે સુધી ગુજરાતી જ રહેશે અને નોકરીઓ માટેની પરીક્ષાઓ પણ ગુજરાતીમાં જ લેવામાં આવશે.

પ્રાથમિક શિક્ષણનાં પ્રથમ સાત ધોરણમાંથી સ્વ. ખેર સાહેબની મુંબઈ સરકારે અંગ્રેજીને બાદ રાખવાની જે નીતિ વર્ષો પહેલાં જાહેર કરીને અણલમાં આણી છે, એ બહુ ડહાપણભરી નીતિ છે, અને એને ગુજરાત રાજ્ય દૃઢતાથી વળગી રહેશે. શિક્ષણનું ધોરણ ઊતરી ગયું છે એને ઊંચું લાવવા માટે શું કરવું જોઈએ, એની પણ ખૂબ વિચારણા કરવી પડશે.

તુમારની ચુંગાલમાંથી પ્રજાને બચાવવાની યુક્તિ જો ગુજરાતનું રાજ્ય ખોળી કાઢશે તો પ્રજા ભારે રાહત અનુભવશે. કલેક્ટર મામલતદારોને મળીને અને મામલતદાર સ્થળ પર જઈને તુમારનો ઝટઝટ નિકાલ કરવા લાગે તો ઘણો બગાડ અટકી જશે. રૂબરૂ પતી જતું હોય એવું કામ તુમારે ન ચઢાવવું જોઈએ. મંત્રીઓ પણ શક્ય હોય ત્યાં કલેક્ટર વગેરેને મળી ને વ્યવહારુ ઉકેલ કાઢશે તો બધાં બહુ મોટી રાહત અનુભવશે.

વિક્રમરાજાની માફક આપણા મંત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરી નગરચર્ચા જોવા ન નીકળે, પણ કોઈ ખાતાની ઓફિસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઈ પણ જાતની હોહા કે જાહેરાત કર્યા વિના કોઈ કોઈ વખતે જઈ પહોંચવાનો શિરસ્તો પાડશે તો એમને ઘણું જાણવાનું મળશે, અને કર્મચારીઓને એમનું કામ ઝડપથી અને સુંદર રીતે પાડવાની ચાનક ચઢશે.

ભણેલા તેમ જ અભણને કામધંધો આપવો એ આજની મુખ્ય સમસ્યા છે. એ માટે ખાદી અને ગ્રામદ્યોગ જેવા યોગ્ય ધંધારોજગાર શરૂ કરવા. જે ધંધાને રક્ષણ આપવાની જરૂર હોય તેને રક્ષણ આપવું અને વધુ બેકાર બનતા અટકે એવી શિક્ષણમાં પ્રણાલી ઊભી કરવી એમાં આપણી સફળતાની ચાવી પડેલી છે.

નોકરી અને શિક્ષણની ડિગ્રી વચ્ચેનો સંબંધ છૂટો કરી દેવામાં આવે અને જે ધંધામાં જવા માટે જે આવડતની જરૂરત હોય તે અંગેની પ્રવેશપરીક્ષા લઈને જ ઉમેદવારને દાખલ કરવાની પ્રથા અપનાવવામાં આવે તો શિક્ષણમાં જે ગંદકીઓ પેસે છે, તેમાંથી આપણે સહેજે બચી જઈ શકીએ.

બધા પક્ષોને મારી નમ્ર વિનંતી છે કે તેઓ એટલું સતત જરૂર નજર સમક્ષ રાખે કે આપણા પક્ષ કરતાં પ્રજા બહુ મોટી છે. સમગ્ર રાજ્ય કે દેશના હિત ખાતર પક્ષનું મહત્ત્વ ઓછું આંકવાની પરિપાટી આપણે શરૂ કરવા જેવી છે. વિરોધ પક્ષે વિરોધ ખાતર વિરોધ કરવાનો ન હોય અને રાજ્યકર્તા પક્ષે વિરોધ પક્ષની વાત છે માટે એનો વિરોધ કરવાની પ્રથામાંથી બચવા જેવું છે. પક્ષો એ ખરેખર તડાં છે, ગામનાં તડાં પાડવાની જેમ ગામની બેહાલી થાય છે, એમ રાષ્ટ્રનાં તડાં પડવાથી રાષ્ટ્રની બેહાલી થાય છે.

બધા પક્ષવાળા ભલે આજે ને આજે પક્ષમાંથી મુક્ત ન થઈ શકે. પણ ગ્રામપંચાયતોમાં પક્ષો ન પેસે એનો તો આગ્રહ જરૂર આપણે રાખી શકીએ, અને ચૂંટાણી દરમ્યાન પક્ષનું ઝેર ફેલાતું અટકે એ માટે બધા પક્ષોએ શુદ્ધિ માટે પાળવા જેવા કેટલાક નિયમો નક્કી કરી એને અમલમાં મૂકવાની નીતિ સ્વીકારવી જોઈએ. તો જ આપણે પ્રજાને લોકશાહીની સાચી કેળવણી આપી શકીશું.

લોકશાસનની સાચી ચાવી છે લોકકેળવણી. વહીવટ ચલાવવમાં રાજ્યકર્તાઓને દંડ શક્તિનો ઓછામાં ઓછો આશરો લેવો પડે અને ગોળીબાર જેવા આકરાં પગલાં લેવાં જ ન પડે, એવી રીત શોધવી જોઈએ. તેમ છતાં કોઈ કારણસર ગોળીબાર અનિવાર્ય થઈ પડે તો તેની જાહેર તપાસ કરાવવી જોઈએ.

આજકાલ આપણે ત્યાં શહીદ નહીં, શહીદની ચર્ચાઓ ચાલે છે, પણ એ વખતે જે બનાવો બન્યા હતા એ બહુ દુઃખદાયક હતા. છેવટે તો એ વખતે ઘવાયેલા કે મરાયેલા એ આપણા ગુજરાતનાં જ બાળકો હતાં, એ લાગણી ભુલાતી નથી. પ્રજાની એ લાગણી તરફ પણ સહાનુભૂતિથી જોવું જોઈએ. તેમનાં માબાપોને પણ હું વિનંતી કરું છું કે તેઓ ગઈગુજરી ભૂલી જાય. પરમેશ્વર એમના આત્માને શાંતિ આપે એ પ્રાર્થના.

આજકાલ નાનાં નાનાં છોકરાંઓને હું જોઉં છું, એમની સમજણ અને એમનું શૌર્ય અને એમનું પાણી જોઉં છું, ત્યારે હું ખૂબ ખુશ થઈ જાઉં છું. પણ માબાપોએ કુટુંબો મારફત અને પોતાના જીવન મારફત જે સંસ્કારો સિંચવા જોઈએ, એમાંથી આપણે કંઈક પાછા પડ્યા છીએ. કેવળ પૈસા અને મોટાઈ કમાવામાં પડ્યા છીએ. શિક્ષકો પણ એમના હાથમાં જે અમોલી મૂડી મૂકવામાં આવી છે, એની કેટલી જવાબદારી છે એનું ભાન પણ વીસર્યા લાગે છે. સરકાર તથા રાજકીય પક્ષો પણ કેળવણી તથા કેળવણીમાં કામ કરનારાઓ પ્રત્યે જેવું ધ્યાન આપવું જોઈએ તેવું નથી આપી શક્યા. આ ત્રણેય જો પોતાનું કર્તવ્ય બરાબર બજાવવા લાગી જાય તો આજે જુવાનોની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ પ્રજાના હિતમાં વપરાતો થઈ જાય અને આપણે ખૂબ સુખી થઈ શકીએ.

અસ્પૃશ્યતાનિવારણ માટે આપણી સરકારે ઉત્તમ કાયદો કરીને આપણું કલંક ધોયું છે. પણ વર્ષોથી સેવેલા ઊંચનીચના સંસ્કારો હજી પ્રજાજીવનના

# વ્યાધિ એક ઉપાધિ હજાર

• આશા બૂચ

ભારતમાં મેડિકલ સારવારની ગુણવત્તા સુધરી છે અને ઘણાં શહેરો-ગામડાંઓ સુધ્ધાંને એનો લાભ મળવા લાગ્યો છે, એ હકીકત નિર્વિવાદ છે. આને પરિણામે બાળ મરણનું પ્રમાણ ઘટ્યું છે અને આયુષ્ય મર્યાદા વધી છે એ સુખદ પરિવર્તન માટે ગૌરવ લેવું રહ્યું. જો કે આવું વિધાન આરોગ્ય સેવા પૂરી પાડનાર ડોક્ટર્સ, કેમિસ્ટ્સ, સોનોગ્રફ્રસ, રેડિયોલોજીસ્ટસ, અને એનો લાભ લઈ શકનાર ઉચ્ચ વર્ગ અને ઉચ્ચ માધ્યમ વર્ગના લોકો જ કરી શકે.

હકીક્ત એ છે કે હજુ પણ ભારતમાં ગામે ગામ પ્રાથમિક સારવાર કેન્દ્રો અને તેને માટેનાં સાધનોની સાથે કુશળ ડોક્ટર્સ, દાયણો અને અન્ય આરોગ્ય સેવાઓ પૂરી પાડનાર પહોચ્યાં નથી. પરિણામે મોટા શહેરોમાં નહિ રહેનારાઓ, માધ્યમ વર્ગના લોકો, નિમ્ન માધ્યમ વર્ગના લોકો અને બાકીના સહુ વંચિત લોકો, કે જેમને મો માંગ્યા દામે વૈદકીય સારવાર ખરીદવી પરવડે તેમ નથી તેવા કરોડો લોકો આધુનિક સારવારથી વંચિત રહે છે.



આશા બૂચ

માનવ શરીરને પ્રકૃતિની એક અદ્દ્ભુત દેન એ છે કે તે જીવનના મોટા ભાગનાં વર્ષો તંદુરસ્તી ભોગવે છે. વ્યક્તિ પોતે જ પોતાનાં શરીરની તાસીર જાણતો હોવાથી નાની-મોટી માંદગી સામાન્ય ઉપચારોથી દૂર કરી શકે છે. પરંતુ આવી, જાતની સંભાળ જાતે લેવા જેવી સામાન્ય સમજ આપણે ગુમાવી બેઠાં છીએ. કુટુંબના વડીલો કે પાડોશીઓના અનુભવનું ડહાપણ કામ આવતું એ ય હવે વિભક્ત કુટુંબ પ્રથા અને શહેરીકરણને કારણે ભૂતકાળની વાત બની ગઈ છે. આ કારણોસર સાધારણ અસ્વસ્થતા જણાતા જ આપણે વિહ્વળ થઈને ડોક્ટર પાસે દોડી જઈએ છીએ.

થોડાં વર્ષો પહેલાં ફિઝિશ્યન્સ કે જેઓ ક્લિનીશ્યન્સ તરીકે પણ ઓળખાય છે એમની સંખ્યા વધુ હતી. દર્દી પોતાને જણાતા ચિહ્નોનું સચોટ વર્ણન કરે, ડોક્ટર તેમને જરૂર પ્રમાણે તપાસે, અંગ દબાવે, ખેંચે કે વાળે અને એમ મોટા ભાગનાં દર્દોનું નિદાન થઈ જતું. એક વ્યાધિને લગતી માત્ર બે કે ત્રણ તપાસ કે શોધ આવશ્યક હોઈને કામ જલદી પતી જતું. આજે હવે જનરલ ફિઝિશ્યન્સ કરતાં સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. ખભ્ભા કે કમ્મરના સામાન્ય દુખાવા માટે ન્યુરો સર્જન પાસે, અંગુઠાના દર્દના ઈલાજ માટે હાડકાના નિષ્ણાત કે ચામડી પરના ચાઠાં દૂર કરવા ચામડીના દર્દોના નિપુણ ડોક્ટર પાસે જાઓ તો તેઓ વિવિધ પ્રકારના લોહીની તપાસ, એક્સ-રે, એમ.આર.આઈ. સ્કાન, હાડકાના સ્કાન, સોનોગ્રાફી વગેરે બધું જ કરાવવાની સૂચના આપશે; એમ કહીને કે 'ક્યું દર્દ નીકળી પડે તે કેમ કહેવાય? આપણે બધી તપાસ કરી હોય તો પછી તમે સલામત છો એવી નિરાંત રહે ખરું ને?' અને ડોક્ટર પાસે જનારા પણ શક્ય તેટલા બધા દર્દ/રોગ એમને થયાં હશે એવી આશંકામાં જોડાય અને તમામ તપાસ કરાવીને પોતે સલામત રહ્યાનો સંતોષ માને. જે કિસ્સાઓમાં તપાસ કે સંશોધનને આધારે ડોક્ટરની શંકા મુજબ કોઈ રોગ કે પરિસ્થિતિનું નિદાન થાય એમને તરત સારવાર મળવાથી રોગ આગળ વધતો અટકે અને જિંદગી પણ બચી જવા પામતી હોય છે તેની ના નથી. પણ એવા કિસ્સા કેટલા ટકા હશે? મોટા ભાગના કિસ્સાઓમાં 'બધું નોર્મલ છે, આટલી દવાઓ લેજો, સારું થઈ જશે અને મને દર ત્રણ મહિને બતાવીને ખાતરી કરાવી લેજો.' એવી ડોક્ટરોની ભલામણ અને દવાઓની યાદી લઈને વ્યક્તિ મટીને દર્દી હોવાના અહેસાસ સાથે નીકળેલ બંદા ત્રણથી ચાર આંકડાની રકમને પોતાનાથી અળગી કરે, ત્યારે હાશકારો અનુભવે. ડોક્ટરના કહેવા પાછળનો રણકો એવો હોય છે કે જો તમે ત્રણ મહિને મારી પાસે તપાસ નહીં કરાવો તો તમને કંઈ તકલીફ થાય તેની મારી જવાબદારી નથી. આવો ભય લોકોમાં ફેલાવીને એમને પાંગળા બનાવી દેવામાં આવે છે અને ડોક્ટરોના ખિસ્સા બિનજરૂરી તપાસ કરાવવાથી ભરાય છે તે નફામાં.

કોઈ અકસ્માત, મહારોગ કે હઠીલા દર્દોનો ભોગ બનો તો સામાન્ય માણસને કાં તો વધતા જતા દર્દ અને વધતી જતી તકલીફોથી જીવન અસહાય બને તે સ્વીકારવાનો અથવા જીવન ટૂંકાવી દેવાનો વિચાર આવે. વિકલ્પે પોતાની પાસે હોય તેટલી મૂડી પ્રમાણેની મધ્યમ કે નબળી કક્ષાની સારવાર મેળવવાનો નિર્ણય કરવો પડે છે. હોસ્પિટલમાં માગી રકમ મૂકો પછી જ દર્દીનો ઈલાજ શરૂ થાય એ સ્થિતિ હોવાને કારણે પહેલાં પોતાનાં ગજવામાં કેટલો ભાર છે, કોઈ ઉછીના પૈસા આપશે કે કેમ અથવા કુટુંબીઓ-મિત્રોની સખાવત મળશે કે નહિ એવી ખાતરી થાય પછી જ સારવાર કરાવી શકાય છે. રેલવેના પ્રધાન હૃદયમાં સ્ટેન્ટ મુકાવી શકે, પરંતુ રેલવેના કર્મચારીએ મોતને વહાલું ગણવું પડે. તમે કયા સામાજિક-આર્થિક વર્ગમાં જન્મ લીધો છે, તેના પરથી તમારી જિંદગીની કિંમત અંકાય. શું એ કર્મચારીને કૌટુંબિક જવાબદારી ન હોય? શું તેને પણ સ્વસ્થ અને દીર્ઘ આયુષ્ય ભોગવવાની ઇચ્છા ન હોય? શું તેની સેવાની બીજાને જરૂર ન હોય? એને ય કાં સ્વસ્થ જીવન જીવવાનો અધિકાર નહીં ભલા? આપણી આરોગ્ય સેવાના માળખામાં જરૂર કંઈક ખામી છે.

ભારતમાં કેવા પ્રકારની મેડિકલ સારવાર પદ્ધતિ હોવી જોઈએ એ વિષે વિચારતાં પહેલાં બીજા દેશોમાં કઈ વ્યવસ્થા છે તે જોઈએ. અમેરિકામાં ખાનગી વીમા યોજના છે. દરેક કમાનાર વ્યક્તિ પોતાની આવકમાંથી સ્વેચ્છાએ નિયત રકમ ભરે, જે જરૂર પડ્યે વીમા કંપની સારવારના ખર્ચ પેટે આપે. તમે જેટલો વીમો ભરો તે પ્રમાણે સારવાર મળે. આમ તો આ યોજના સારી લાગે છે, પરંતુ

---

વ્યવહારમાંથી દૂર નથી થયા. એ માટે તો હજી આપણે પ્રજામાનસ કેળવવાનો ભગીરથ પુરુષાર્થ કરવો પડશે. એ વાત સ્ત્રીજાતિના પ્રશ્નને પણ એટલી જ લાગુ પડે છે. આ માટે તેમના સમાજોપયોગી કામોને પ્રતિષ્ઠા આપવી જોઈએ, અને ઊંચનીચના જાતિભેદ દૂર કરવા જોઈએ .

આવો જ સવાલ દારૂબંધીનો છે. એ અંગે આપણી જ નીતિ છે, તે ખરેખર શ્રેષ્ઠ છે, તે ચાલુ રહેવી જોઈએ. તેને સંપૂર્ણપણે સફળ બનાવી શકીએ તો દેશને બહુ મોટો ફાયદો થાય. ખરી રીતે પૂ. વિનોબાજીએ આપણને ગ્રામસ્વરાજની જે રીત બતાવી છે, તે એ છે કે સરકાર પર બધો આધાર નહીં રાખતાં પ્રજાને પોતે ગ્રામશક્તિ એકઠી કરીને ખોરાક, પોષાક, રક્ષણ, કેળવણી, આરોગ્ય અને આપસઆપસના ઝઘડાઓ મિટાવવામાં સ્વાવલંબી બનવું જોઈએ. ઉત્તમ તો એ છે કે લોકો પોતાનો વ્યવહાર પોતાની મેળે કરતા થાય અને રાજ્ય તેમાં સરળતા કરી આપે.

ગુજરાત અને મહારાષ્ટ્ર ભલે અલગ અલગ રાજ્ય બન્યાં, પણ છેવટે તો આપણે સૌ એક જ ભારત દેશના વાસીઓ છીએ. સર્વ પ્રાંતો તો લોકો આપણા દેશબંધુઓ છે. સૌની ભાષાઓ એ આપણી જ ભાષા છે. જુદા પડવાનું કે ભેગા રહેવાનું, આપણા સ્વાર્થ અને સુખ માટે નથી, પણ આખા રાષ્ટ્રની ઉન્નતિ અને સેવા કરવા માટે છે. આપણે એક જ નાવમાં બેઠેલા છીએ એ વાત કદી ન ભૂલીએ.

વળી આપણી પાસે ગુજરાતની મોટી કોમ, આદિવાસી જે જંગલમાં પડી છે તે કરકસર અને મહેનતથી જીવે છે પણ અજ્ઞાનતામાં જીવે છે. તો એ આદિવાસી કોમની ઉન્નતિ માટે આપણે ખૂબ લક્ષ આપવું પડશે.

આપણે ગાંધીજીના અને સરદારશ્રીના વારસદારો છીએ. એટલે એમના વારસાને શોભાવીએ. પ્રભુ આપણને ગાંધીમાર્ગે રાજ્ય ચલાવવાની, ધનથી ગરીબ છતાં સંસ્કારથી ભવ્ય એવા ભારતના સેવકો થવાની શક્તિ અને સદ્‌બુદ્ધિ આપે અને સુપંથે ચાલવાનું પ્રભુ બળ આપે એવી શુભ પ્રાર્થના કરીને આપણે નવું પ્રયાણ કરીએ.

આપ સર્વેએ આ પ્રસંગે આ પવિત્ર કાર્યની શરુઆત કરવા માટે મને આગ્રહ કર્યો તે માટે તમારા સૌના આભાર માનું છું.

**સર્વેત્ર સુખિન : સન્તુ સર્વે નિરામયા :**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્**

**(સૌજન્ય : Posted on મે 12, 2008 by Himanshu Kikani)**

બાળકો, વૃધ્ધો અને બેકાર લોકો તથા કંઈ કામ ન કરી શકે તેવા શારીરિક-માનસિક અશક્તિ ધરાવનાર લોકો માટે કોઈ જોગવાઈ નથી. આ વીમા કંપનીઓ સસ્તામાં સસ્તી સારવાર જેટલા જ પૈસા ચૂકવવા તૈયાર હોય છે અને ઘણી વખત 'તમારી પોલિસીમાં -------નો સમાવેશ નથી' એમ કહીને ચુકવણીમાંથી સદંતર છટકી જાય અથવા પૈસાની ચુકવણીમાં અતિ વિલંબ કરતી હોવાનું જાણમાં છે. આથી પોતાના જ પૈસા વીમા કંપની પાસે બચત રૂપે ભર્યા હોવા છતાં સારવાર પહેલાં મસમોટી રકમની જોગવાઈ કરવી પડે છે. તે પછી પણ દાવો કરીને અધિકારની રકમ મેળવતા નાક રગડવું પડે તે નફામાં. વીમા કંપનીઓ માત્ર પોતાને થતા નફામાં જ રસ ધરાવે છે, એમને ગ્રાહકોનાં સ્વાસ્થ્ય માટે કોઈ પરવા નથી હોતી.

બ્રિટનની સરકારે ઇ.સ. ૧૯૪૮માં ઉદ્‌ઘોષણા કરી: કલ્યાણ રાજ્યની સ્થાપના અંતર્ગત નેશનલ હેલ્થ સર્વિસ શરૂ કરવામાં આવશે જે નોકરિયાતો દ્વારા ભરાયેલા કરવેરામાંથી મળેલી રકમને આધારે તમામ જરૂરિયાતમંદ નાગરિકોને ખપ પડે ત્યારે નિ:શુલ્ક સેવા પૂરી પાડશે. આ યોજના હેઠળ તમામ પુખ્ત વયના નોકરિયાતો, ખાનગી વેપારીઓ અને સ્વરોજગાર કર્મચારીઓ પોતાની આવકના નિયત પ્રતિશત સરકારને નેશનલ ઇન્સ્યોરન્સ પેટે ભરે છે. આ ભંડોળમાંથી સરકાર કર ભરનાર સહુને તથા તેના કુટુંબના સભ્યોને, વૃધ્ધોને, બેકાર અને અશક્ત એવા તમામ નાગરિકોને પ્રાથમિક તથા ખાસ પ્રકારની મેડિકલ સારવાર વિના મૂલ્ય પૂરી પાડે છે. કોઈ પણ સમાજવાદી સમાજ રચના માટે આ એક આદર્શ યોજના છે. અલબત્ત આ વ્યવસ્થા તંત્રના કેટલાક ગેરફાયદા પણ છે. એક તો કેટલીક વખત દર્દીની તપાસ થતાં, નિદાન કરતાં અને સારવાર મેળવતા ઘણો સમય રાહ જોવી પડે છે અને બીજું, તબિયત બગડે ત્યારે પ્રજાને રોકડા પૈસા ભરવાની જરૂર ન હોવાથી કેટલાક લોકો તેમને મળતા લાભનો દુરુપયોગ કરે છે.

ભારતમાં હવે ખાનગી કંપનીઓનો પગપેસારો સ્વાસ્થ્યના વીમા ઉતરાવવા માટે થવા લાગ્યો છે. આથી તો દવાખાના કે હોસ્પિટલમાં દાખલ કરતાં પહેલાં ડોક્ટરો 'તમારે મેડિક્લેઈમ છે?' એની ખાતરી કરી લે છે. જો દર્દીએ મેડિક્લેઈમ ન લીધો હોય તો પહેલાં ડિપોઝીટ ભરો પછી જ ડોક્ટર સ્ટેથેસ્કોપ હાથમાં લે અને જો દર્દીને મેડિક્લેઈમનો લાભ મળવાનો હોય તો બીલની રકમ રૂ. ૯૦ હજારમાંથી રૂ.૧.૩૦ લાખ જેટલી પણ થઈ જાય!

સરકાર આપણી માઈ-બાપ છે અને આપણે તેની રૈયત છીએ. સરકાર જે સેવાઓ પૂરી પાડે તે તમામ પ્રજાજનોનું હિત ધ્યાનમાં રાખીને આપે, જયારે ખાનગી સેવાઓ વેપારી ધોરણે ચાલે એટલે વ્યક્તિગત નફો એના કેન્દ્રમાં હોય છે. ભારતમાં તો સરકાર પોતે જ ખાનગી ધોરણે ચાલે છે એટલે એની પાસે લોકહિતને કેન્દ્રમાં રાખીને સેવાઓ પૂરી પડવાની અપેક્ષા કેમ રહે, ભલા?

ભારત જેવા વિશાળ ભૌગોલિક ફલક ધરાવનાર અને વસ્તી વિસ્ફોટનો ભોગ બનેલ દેશને અમેરિકા કે બ્રિટન જેવી આરોગ્ય સેવા પધ્ધતિ અનુકૂળ ન પડે. માત્ર નાગરિકો જ કે માત્ર સરકાર જ જન્મથી મૃત્યુ સુધીના શારીરિક-માનસિક આરોગ્યની જવાબદારીનો ભાર વહન કરે, તે બન્નેમાંથી એકેયને ન પોસાય. આથી જ તો એક વચલો માર્ગ શોધવો રહ્યો. કદાચ એવી કોઈ વ્યવસ્થા વિચારી શકાય જેમાં ગ્રામ અને નગર પંચાયતથી માંડીને મહાનગરપાલિકા અને રાજ્ય કક્ષાએ એક અલગ આરોગ્ય પંચની નિયુક્તિ થાય, જે રાજકીય પક્ષાપક્ષીથી સદંતર સ્વતંત્ર હોય અને એની અંતિમ જવાબદારી કેન્દ્રીય આરોગ્ય ખાતાની રહે તેવું માળખું ઊભું કરવું રહ્યું. આ પંચનું કામ દરેક કમાનાર વ્યક્તિ પાસેથી તેની આવકના પ્રમાણમાં આરોગ્ય ભંડોળ પેટે રકમ લેવાનું અને બદલામાં એ ગ્રામ કે નગર પંચાયતની ભૌગોલિક સીમામાં વસનાર દરેક પ્રજાજનને ઉપલબ્ધ સેવાઓ લઘુતમ સરેરાશ કિમતે પૂરી પડવાનું રહેવું જોઈએ. આમ થશે તો જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કુંભારને જરૂર પડ્યે ગોઠણ બદલવા કે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવા માટે તેના સ્વાસ્થ્યની જરૂરિયાત મુજબ ઈલાજ થઈ શકશે નહિ કે તેની આર્થિક સધ્ધરતાને આધારે. ઈશ્વરે સૌ માનવ શરીરધારીને સારું સ્વાસ્થ્ય અને થોડી ઉપાધિઓ આપી હોય છે. કંપનીના ડાયરેક્ટર ડાયાલિસીસ કરાવી શકે એવી જ રીતે તેના ચપરાસી પણ કરાવી શકે. કુદરત ઉપાધિઓની વહેચણી કરવામાં ભેદભાવ નથી રાખતી. કંપની ડારેક્ટર ૨૪૦૦ રૂપિયાનું એક એવાં ઇન્જેક્શન લઈને પોતાની જાન બચાવવાના અધિકારી છે, પણ પેલો ચપરાસી પૈસાના અભાવે વધતા જતા દર્દથી પીડાય, નોકરી ગુમાવે કે એનું જીવન પણ ટુંકાય એવું શક્ય છે. જેમ બાપની માંદગી ટાણે બધા દીકરા, દીકરીઓ એ ખર્ચ વહેચી લે છે તેમ ગામના, શહેરના અને પ્રાંતના બધા બાંધવો માટે પણ દરેક વ્યક્તિ પોતાની આવકનો અમુક ભાગ અલગ મૂકે તો સહુને લાભ થાય. યાદ રાખજો કે પૈસાના અભાવે મેડિકલ સારવાર ન મેળવી શકનારો તમારો જ દૂધવાળો, ટપાલી કે છાપા આપનારો હશે. એક ગયો તો તમને બીજો ટપાલી મળશે, પણ એનાં કુટુંબીઓને બીજો પતિ, ભાઈ, બાપ કે પુત્ર મળશે? તમે જાતે એવી સ્થિતિમાં મુકવાનું પસંદ કરશો?

ભારત તેના શસ્ત્રદળ પાછળ રૂ. ૧,૯૪,૦૦૦ કરોડ ફાળવે છે જયારે આરોગ્ય પાછળ સરકાર પોતાની આવકનો માત્ર ૧% ભાગ જ ખર્ચે છે! આ તે ક્યાંનો ન્યાય? સામાન્ય નાગરિકને રોજિન્દા જીવનમાં આરોગ્ય અને સ્વાસ્થ્યને લગતી સેવાઓની વધુ જરૂર પડે કે વિદેશી આક્રમણથી બચવાની? અને જો સૈન્ય અને શાસ્ત્રોની વધુ જરૂર પડતી હોય તો ખરેખર દેશના સંચાલન અને અગ્રતાક્રમમાં મૂળભૂત ખામી છે એમ સાબિત થાય. ભારતમાં આશરે ૯,૦૦૦ કુટુંબો એટલે કે લગભગ ૫૦,૦૦૦ નાગરિકો દેશની કુલ સમ્પતિના ૭૦% સંપત્તિના માલિક થઈ બેઠા છે. બાકીના કાશ્મીરથી કન્યાકુમારી અને સોમનાથથી અસ્સામ સુધીના ભૂખંડમાં રહેનાર તમામ નાગરિકોને એક સરખી મેડિકલ સારવાર દરેકને પોસાય તેવી કિમતે પૂરી પડવાની જવાબદારી સરકાર અને ખાનગી ક્ષેત્રે મળીને ઉપાડવાનો સમય આવી ગયો છે, નહીં તો સંપતિની અસમાન વહેચણીની જેમ સ્વાસ્થ્યની અસમાન વહેચણીને કારણે ભારે વિષમ પરિસ્થિતિ સર્જાશે.

[71, Half Edge Lane, Eccles, Manchester M30 9AZ U.K.]
Email: ten_men@htomail.com

=====================================

## ગઝલ

**• મૌન બલોલી**

પ્રત્યેક માનવીની જેમ હું ચિક્કાર છું,
છું માનવી ને માનવીની બહાર છું.

એ ભીંતના ટેકે જીવે છે બાપડું,
સરિયામમાં કહેતું ફરે છે દ્વાર છું.

જેનો ઝરૂખો શહેરમાં ચર્ચાય છે,
એની તળે ઢંકાયેલો આધાર છું.

પણ આંગળીની ખડકીઓ ખોલી જુઓ,
ગમતા લયોનો હું ય એક વિસ્તાર છું.

સૂરજ-કથાથી કાન ફૂંકાતા રહ્યા,
ને ત્યારથી તે આજ લગ અંધાર છું.

છું ખૂશ્બુને હત્યાનો પૂરાવો છતાં
ચર્ચાઉં છું કે ડાળખી પર ભાર છું.

પણ કૈંક અવતરતું હશે મારા વિષે
હું પણ નગરમાં ફરતું કારાગાર છું.

ખામોશ પામ્યો અન્યથી બસ એટલું,
કે હું જ મારો એકલો અવતાર છું.

## એક કવિતા

• હરેશ પરમાર

પાદરની ખારાવડની છાયા છોડી
ગામની ધૂળ ભરી કેડીઓ છોડી,
રખડું જીવનના સંગાથને છોડી
હું દિલ્હી આવ્યો...

એક આઝાદીનો શ્વાસ મેં ખૂબ ઊંડે સુધી લીધો
ગામડાને ધુત્કારી ને કહ્યું
તારી જાતિવાદી માનસિકતાને ત્યાગી છે મેં
હવે દે ગાળી મને ...
'હાક ... થું ...'
વર્ણવ્યવસ્થાના ગઢ ગામડાં પર થૂકી હું આગળ ચાલ્યો.

દુઃખ પણ હતું કે,
મા-બાપ હજી ગાળો ખાય છે મનુવાદીઓની,
દોસ્તો બધા હજુ કરે છે વેઠ અશિક્ષાના કારણે,
હજુ બાળકો ઉકરડા ફેંદે છે,
શાળા હજુ બંધ છે અસ્પૃશ્યો માટે ....

ખબર નઈ ...
દિલ્લીની હવા જ કૈક એવી છે કે,
છોડોને ભાઈ બધું
દુનિયા છે ચાલ્યે રાખે
ઇંડિયા ગેટની ફરતે સલામી ભરી
'જય ભારત, જય જવાન' ...

નખ વધે અને એને કાપીને ફેંકી દઈએ
શહેરની વચ્ચે, શહેરના લોકોની વચ્ચે
આપણે પણ કપાઈ જતાં હોઈએ છીએ
એની ક્યાં ગતા-ગમ હતી મને ...

સમય પરિચય કરાવે છે
મને શહેરનો
જે શહેરમાં આવી હું પોતાને આઝાદ સમજતો હતો
એ જ શહેરના સીમાડામાં રહું છું હું,
ગામમાં પાદરમાં અને શહેરના સીમાડામાં ...!

હું અવાજ બુલંદ કરું ન કરું
મારી જાતિ બુલંદ અવાજે મને નગ્ન કરી રહી હોય છે.
આસ-પાસ વાતાવરણ હવે તંગ છે,
મારી સાથે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય બેસી
જમે-રમે-પીએ છે, હાથ મિલાવી મને ભેટી પડે છે.
સંવેદના સભર મને આવકારો આપે છે.
મને લાગે છે ક્યાં છે ભારતમાં કે વિશ્વમાં વર્ણભેદ કે વર્ણવ્યવસ્થા
જે કહે છે તે કરે છે - 'કોરો બકવાસ'

પણ
અંદર એક ભય રહે છે
જ્યારે તે સંવેદના બતાવે છે ત્યારે કહે છે
'તમે તો અસ્પૃશ્ય પણ અમે કંઈ માનતા નથી હો',
'તું ગભરાય નહીં, તું ગમે તે હો મને કોઈ ફરક નથી પડતો',
'તમે લોકો હજી જાતિનું પૂછડું પકડે રાખો છો ... ?',
'ભાઈ સાહેબ ! ૨૧મી સદી ચાલી રહી છે ને હજુ તમે સુધર્યા નહીં !'

મને આ મીઠાં શબ્દો હૃદયમાં ઘા કરે છે
મારા ચહેરા પર, આંખો પર, કાનમાં
હજ્જારો ઘા પડી ચૂક્યા છે
પણ દેખતાને બતાવવાં કેમ ?
હું અંદર સમ-સમીને રહી જાઉં છું ...

શહેરના મીઠાં-મનુવાદી લોકો -
'એ દોસ્ત ! જરા પાણી તો ભરી દે !',
'એ દોસ્ત ! જરા ચાય તો મંગાવી દે !'
'એ દોસ્ત ! જરા નાસ્તો તો લઈ આવ સાથે નાસ્તો કરીએ !'
'એ દોસ્ત ! જરા થાળી તો ધોઈ આવ પછી સાથે જમીએ !'
'એ દોસ્ત !'... 'એ દોસ્ત !' ... 'એ દોસ્ત !' ...

આજે હું ફરી ઈંડિયા ગેટ પર ઊભો છું
લોકો આવે છે, જાય છે અને
હું ફરી પેલી ખારાવડની વડલીને યાદ કરું છું,
'શહેર અને ગામ કઈ રીતે જુદા છે ?'
ત્યા શિક્ષા, સ્વતંત્ર કામ કરવાનો સ્પષ્ટ નિષેધ હતો,
અહીં તમને અંદરથી મારીને નક્કામા બનાવી દેવાની તાકાત છે.
જાતિભેદ ક્યાં નથી ?
મનુ હજી શ્વસે છે માણસના મનમાં ...

સાંજનો સૂરજ ઢળી રહ્યો છે,
ઈંડિયા ગેટ રોશનીથી ઝળહળવા લાગ્યો છે.
હું મારા બેગ-બિસ્ત્રા ઉઠાવું છું ...
મારા પગ મક્કમ છે,
હું ફરી શહેરના સીમાડા તરફ જાઉં છું
જેથી હું શહેરના કેન્દ્રમાં આવી શકું ...

[School Of Humanities(SOH), Indira Gandhi National Open University, Maidan Garhi, New Delhi-110 068]
E-Mail-hareshgujarati@gmail.com

ooooooooooooooooooooooooo

**એક નાનું પંખીડું ટહુક્યું ને**
**યુગાન્તરોના મૌનને**
**વાચા ફૂટી.**

**– રવિ ઠાકુર**

## ખુશ ખબર

**દરેક વાચક, ચાહક, ભાવક તેમ જ લેખકને એક ખુશ ખબર ... ! ફરી પાછી, એક વાર, “ઓપિનિયન”ની વેબપેજ – http://opinionmagazine.co.uk/ – સજીવન થઈ છે. ‘મારે તો એક ડગલું બસ થાય’, સમજી, હળવે હળવે, તેના દરેક વિભાગ કામ કરતાં થયાં છે.**

**“ઓપિનિયન”ના ડિજિટલ અવતાર સ્વરૂપે આ સાથે, કુલે તેત્રીસ આવૃત્તિ બહાર પડી છે. માર્ચ 2013 સુધી આ સિલસિલો ચાલુ રહેવાનો છે. એટલે કે આ ઉપરાંત, બીજા ત્રણ અંકો ડિજિટલ સ્વરૂપે બહાર પડશે; અને પછી, તે અલોપ થઈ જશે. તેને સ્થાને આ વેબમથકે “ઓપિનિયન” ખાબકશે અને ત્યાંથી પોતીકું ડિમડિમ ગાજતું રાખશે.**

**આજ લગી તમે સૌએ “ઓપિનિયન”ને અમર્યાદ ચાહ્યા કર્યું છે. તમારા આ ભાતીગળ સ્નેહને કારણે, તમારી હૂંફાળી પોરસે, આ કેડી કંડારાઈ. તમારા ટેકેટેકે પથ કપાતો ગયો, ને હવે ધોરીમાર્ગે વણઝારાની પોઠ હીંડતી થઈ છે. સહૃદય ઓશિંગણ.**

# ચંદુભાઈ પટેલ ઉર્ફે 'મૌન બલોલી' ઉર્ફે 'ખામોશ' સાચે જ ખામોશ થઈ ગયા - -

**• અશોક ચાવડા 'બેદિલ'**

મહેસાણાના બલોલ ગામે 22 સપ્ટેમ્બર 1939ના રોજ જન્મેલા ચંદુભાઈ પટેલ, અમદાવાદના રાણીપ પાસે, ગામવાસીઓએ જ વસાવેલા બલોલનગરમાં રહેતા હતા. બચુભાઈ રાવતની 'બુધસભા'ના નિયમિત સદસ્ય એવા મૌન બલોલી સાથે, ધીરુભાઈ પરીખની રાહબરી હેઠળ મળતી 'બુધસભા'માં સાહિત્ય પરિષદ ખાતે મળવાનું થતું. 1996-1997થી લગાતાર 'બુધસભા' ઉપરાંત 'કાવ્યગોષ્ઠિ' અને 'પ્રગતિશીલ લેખક સંઘ'ની ચર્ચા-મુલાકાતો દરમિયાન ચંદુભાઈને મળવાનું થતું. આ તમામ મુલાકાતો બાદ, ચાલીને જવાનું એવો એમની સાથેનો મારો વણલખ્યો નિયમ. બસભાડાના બચેલા પૈસાની ચા પીને છૂટા પડવાનું. આમ, ચંદુભાઈ સાથેની નિયમિત પદયાત્રાથી ખબર પડી કે તેમણે ભલે 'મૌન બલોલી' અને 'ખામોશ' ઉપનામ ધારણ કર્યું છે, પણ વાસ્તવમાં તો તેઓ બોલકા છે. (સમય જતાં એ પણ ખબર પડી કે આ બોલકાપણા માટે તેમની બીમારી કારણભૂત હતી.) અલબત્ત, તેમની વિદ્વતાએ જ તેમને મૌન કર્યા છે, તેવું અનેક વાર લાગતું. એકવડિયો બાંધો, બીડી અને બોલતા રહેવું – એ એમની સાદી ઓળખ.



**મૌન બલોલી (યુવાવસ્થા) 1972**


**મૌન બલોલી (વૃદ્ધાવસ્થા)**

આ સાદી ઓળખ પાછળ મૌનમાં ગરકાવ થઈ ગયેલો એક આખો ઇતિહાસ છે. રાયપુર ચકલા પાસે, શાયર અંબાલાલ ડાયરની દુકાન પર, સામાન્ય શ્રમજીવી ગઝલકારો ભેગા થતા. અંબાલાલે જ તેમને 'કુમાર કાર્યાલય'ની દિશા બતાવી. 1968થી મૌન બલોલીએ 'કુમાર કાર્યાલય'માં કાર્યરત 'બુધસભા'માં જવાનું શરૂ કર્યું. "કુમાર"માં જ પહેલી કવિતા પ્રકાશિત થઈ, બસ ત્યાર બાદ તેમની કવિતાએ ક્યાં ય પાછું વળી જોયું નથી. "કવિલોક", "પરબ", "શબ્દસૃષ્ટિ" જેવાં શિષ્ટ સામયિકોથી લઈ અનેક પ્રતિબદ્ધ સામયિકોમાં 'ખામોશ'ની કાવ્યરચનાઓ જોવા મળતી. સાઠના દાયકામાં આધુનિકતા અને પરંપરા વચ્ચે મૂંઝાતા-પીસાતા સાહિત્યના કાળમાં, કવિ ચંદુભાઈએ પોતાની કવિતામાં સામાજિક નિસબતનું યથાર્થ કાવ્યારોપણ કર્યું. 1971માં સામાજિક બદીઓ સામે અવાજ ઉઠાવતા 'હું' સાઈક્લોસ્ટાઈલ સામયિકના પાયાના પથ્થરોમાંના એક એવા ચંદુભાઈએ 'હું'માં અનેક કવિતાઓ લખી છે. આ ગાળામાં 'હું'ના મનીષી જાની, બીપિન મેશિયા, વરદરાજ પંડિત અને પ્રબોધ જોશી જેવા સંપાદક મિત્રોની સોબતે તેમની પ્રતિબદ્ધતાને સોળે કળાએ ખીલવી હતી. 'હું' જૂથના મિત્રો મનીષી જાની, બીપિન મેશિયા સાથે મૌન બલોલી સંપાદક તરીકે 'તોડફોડ' અનિયકાલીન શરૂ કરી 'ગુજરાતી સાહિત્ય પરિષદ' સામે બાંયો ચડાવી સીધા સંઘર્ષમાં પણ ઊતર્યા હતા. અલબત્ત, આર્થિક પરિસ્થિતિએ આ પ્રવૃત્તિ એકાદ વર્ષમાં જ ખામોશ કરાવી દીધી.

આઝાદી અને આંદોલનોમાં ગવાતાં સંઘર્ષગીતોનું પણ એક સંપાદન મૌન બલોલીએ કર્યું છે. આમ, પોતાની વૈચારિકતાને તેમણે માત્ર સાહિત્યમાં જ નહીં, પણ સમાજ નવરચનામાં પણ ખપમાં લીધી છે. 1974ના નવનિર્માણ આંદોલન વખતે સરકારનું નાહવા જનારા લાભશંકર ઠાકર, ચિનુ મોદી જેવા સક્ષમ સાહિત્યકારો સાથે ચંદુભાઈ પણ સહુથી અગ્રેસર રહેલા. 1981ના અનામતના તોફાન વખતે ચંદુભાઈ દલિતો-આદિવાસઓની પડખે ઊભા રહેલા. આ સાંન્નિધ્યએ તેમને દલિત સાહિત્યની મશાલ પકડાવી. આમ, સામાજિક સમરસતા હોય કે નવરચના હોય તેઓ કર્મશીલ તરીકે સંકળાયેલા હોય જ. ક્યારેક સહુથી આગળ હોય તો ક્યારેક પડદા પાછળ હોય. તેમની કલમ સતત સામાજિક નિસબત માટેની લડાઈમાં પ્રવૃત્ત રહેતી. અનામતના તોફાનો દરમિયાન દલિત સામયિક 'આક્રોશ' જપ્ત થયેલું અને આ અંકમાંના કવિ-સંપાદક-તંત્રી-ચિત્રકાર સહુની ધરપકડ કરવામાં આવેલી, તેમાં પણ રમેશચંદ્ર પરમાર, મનીષી જાની, નીરવ પટેલ જેવા કર્મશીલોની સાથે કવિ તરીકે ચંદુભાઈ પણ સામેલ હતા. આમ, તેમનો કાવ્યપ્રવેશ પ્રથમ શિષ્ટ સાહિત્યમાં, ત્યાર બાદ પ્રતિબદ્ધ સાહિત્યમાં અને પછી દલિત સાહિત્યમાં – એમ ક્રમિક રીતે વિકસતો રહ્યો અને વિસ્તરતો રહ્યો.

કાવ્યઓળખમાં તો મૌન બલોલી ઉત્તમ ગઝલકાર અને કવિ. ઓછું ભણેલા એવા 'ખામોશ'ની ગઝલો અને ગદ્યકવિતા વધુ ભણેલાને પણ ઈર્ષા કરાવે એવી ઉત્તમ. ગઝલની બહેરોનું પણ તેમનું જ્ઞાન નોંધનીય હતું. તેઓ હિન્દી-ઉર્દૂમાં પણ લખતા. મૌનની કવિતાઓ તેમના સ્વભાવ અને અભાવની સાક્ષી પૂરે છે. તેમના આગવા મિજાજે તેમને જીવનમાં અને કવનમાં ક્યાં ય જંપવા દીધા નથી. મૌન બલોલી ખામોશ લખે છે :

**શી રીતે ખામોશની ઓળખ મળે?**
**એકલું અંધારું એના પર હતું.**

*

**દરિયો થવાની ઝંખના ક્યાં લઈ ગઈ,**
**સમથળ જગા પર ટેકરા ખાડા થયા.**

*

**ઝરમરતી પળો વચ્ચે પણ કોરા રઝળવાનું,**
**આ ચૂપકીદીની છત પર નાહક છે વરસવાનું.**
**ખામોશની આંખોમાં જળવાયું છે જલદર્શન,**
**ભીતર લ્યો, મને ઊગ્યું કાયમનું પલળવાનું.**

*

**ચેત ચંદુડિયા ચેત,**
**અહીં તો ભૂવાને વળગ્યા પ્રેત.**

આવા તો અનેક દૃષ્ટાંતો મૌનની ખામોશ થઈ ગયેલી કવિતામાં પડઘાય છે. સમગ્રતયા સામાજિક નિસબત, ભાવ-વૈવિધ્ય, પર્યાવરણીય સજાગતા, આંતરિક મનોમંથન, વૈશ્વીકીકરણ – ઈત્યાદિ ભાવો મૌનની કવિતાઓનું રો-મટીરિઅલ છે. મૌનની ગઝલો ખામોશ નથી, પણ પ્રતિકાર કરે તેવી બળૂકી છે જેની પ્રતીતિ દસ્તાવેજ અને સમય વચાળે 'હું'માંથી પસાર થતી વખતે થયા રહ્યા વિના રહેતી નથી.

મૌન બલોલી 'ખામોશ'નો પ્રથમ કાવ્યસંગ્રહ 51 વર્ષની વયે 1990માં 'દસ્તાવેજ' નામે પ્રકાશિત થયો હતો. કવિએ 'દસ્તાવેજ'ની પ્રસ્તાવના જણાવવાનું કે...માં લખ્યું છે :

**ના રાજ જોઈએ ન મારે તાજ જોઈએ,**
**માણસને શોભે એવો મિજાજ જોઈએ.**

**શ્રદ્ધાંજલિ :**

નવ નિર્માણ આંદોલન -- 1974 -- મૌન બલોલીને મળવાનું થતું ... મૂળ કવિ અને બીડી જીવ .... જીવનમાં જાત જાતના ખેલ પાડેલા તેવું કહેતા .... મનીષી જાની, કનુ ભાવસાર વગેરેના મિત્રો અને તે રીતે મારી અને અચ્યુત સાથે પણ પરિચય ... નેવુંના દાયકા સુધી મળતા ત્યારે કોઈક નવી દિશામાં બારી ઉઘાડી બેઠા હોય તેની વાત થાય -- કોઈક વાર એમ પણ થાય કે આ 1974વાળા જ મૌન છે કે બીજા ...?

**– ધીરેન અવાશિયા**

•

મૌન સાથે ઘણી વાતો .. બોલાચાલીના ભાસ જેવી થયેલી વાતો, પાક્ષિકીમાં વાર્તાની મરમી તાસતપાસની ઘટનાઓ સાંભરે છે. એ ભલુ હશે તો ભગવાન સાથે ય કશીક સૈધ્ધાંતિક ચર્ચા માંડીને બેઠા હશે.

**– અનિલ વ્યાસ**

# ડફેર ડફાણું જાત સાથે વાત (સામાને કહેવા માટે)

• સુમન શાહ


સુમન શાહ

પુસ્તકો જોડે જ વરસો વીત્યાં એટલે એની એક ગડ એ બેઠી કે એ વસે છે માત્ર ચિત્તમાં. જોડે એવી પણ ગડ બેઠી કે જન્મે છે પણ ચિત્તમાં. કબાટ કે પુસ્તકાલયમાં તો એમના જાડા-પાતળા આકારો ગોઠવાયા હોય છે. આ ‘ગડ’ શબ્દ કેવોક દેખાય છે ? જાતને પૂછું છું. નથી એને કાનો, નથી માતર. ‘ગ’ અને ‘ડ’. બન્નેને વારાફરતી જોયા કરું છું. જવાબ એ મળ્યો કે એના જેવા જોવા લાયક તો ઘણા છે : ડ-ગ, મ-ગ, પ-ગ, ર-મ, ભ-મ … આગળ વધીએ તો, મ-ફ-ત, સ-ર-લ, ભ-ર-ત, મ-ગ-ન, છ-ગ-ન, ર-મ-ણ, બ-ગ-લ, ગ-ગ-લ, મ-ગ-ર, ટ-ગ-ર, અ-સ-ર, ક-સ-ર, કંઈ કેટલાય … ! આ મારા વ્હાલા, કાનોમાતર-વાળાની સરખામણીએ, દેખાય બહુ ચોખ્ખા ! હ્રસ્વ કે દીર્ઘ ઇ-ઉ-વાળાની તુલનામાં ખરડાયેલા જરાય લાગે નહીં, નિર્દોષ દેખાય. ટૂંકમાં, સહજ. સ-હ-જ.

મને નથી ખબર, જીવનમાં ‘ગડ’ મને પહેલી વાર ક્યારે મળેલો. શબ્દો આપણને મળવાને ક્યારે નીકળી પડે છે, કેવી રીતે શોધી કાઢે છે, ને સીધા આપણાં મગજમાં ક્યારે ઘૂસી જાય છે; રામ જાણે. ને પછી, ખાસ તો એ, કે કયા કારણે કાયમ માટે ત્યાં રહી પડે છે; નથી ખબર.

છોટાલાલ દવે બીજી ગુજરાતીમાં મારા માસ્તર. કહે, તને બકારી થઈ ગઈ તે સારું થયું. મારા મોઢા પર પ્રશ્ન છવાઈ ગયેલો –બકારી શું ? ચશ્માં ઊંચે લીધાં, આંખો સ્થિર, મને જોતા રહી ગયેલા. એમની એ છટા એમ કહેતી’તી કે ડોબા, એટલી ખબર નથી --? ખરેખર તો, રીસેસમાં મને ‘ઊલટી’ થયેલી –ભણેલાં જન અંગ્રેજીમાં જેને ‘વૉમિટ’ કહે છે. જો કે ગામડા ગામમાં આધેડ વયની અભણ બાઈઓ પણ ‘વામિટ’ બોલે છે; વધુમાં કહે છે, બાપડાને ‘પરૉબ્લેમ’ થઈ ગયો. અમારી કામવાળી તખીબેનને કોઈ પણ કામ બતાવીએ તો તરત કહે, ‘ઑલરાઈટ’. આ અંગ્રેજી શબ્દો છે; સાચું છે. પેલી બાજુ, પણ્ડિતો કહે છે, ગુજરાતી ભાષા મરી રહી છે; એ પણ સાચું છે. સવાલ એ છે કે આમાં છોટાલાલનો, બાઈઓનો કે તખીબેનનો કયો વાંક. હા, તો પણ્ડિતોનો ય કયો વાંક ? એ બાપડા એમનો ધરમ સંભાળે છે. શું કરે ? જો કે એ લોકોએ આપણને એ હમજાવવું જોઈએ કે વાક્યમાં ‘બકારી’ પછી વારાફરતી ‘વૉમિટ’, ‘વામિટ’ કે ‘ઊલટી’ બદલાતા ચાલે, તો ય કહેવાય કે ગુજરાતી મરી રહી છે --?

ખરું એ છે કે એક માણસ બોલે છે ને બીજો એને સાંભળે છે. બેમાંથી એકેય એ ઘડીએ એવું થોડું વિચારે છે કે હું જે આ બોલું છે તે ગુજરાતી છે ? કે હું જે આ સાંભળું છું તે ગુજરાતી છે ? મને યાદ છે, હું ઍમેમાં ભાષાની વ્યાખ્યા ભણાવતો ત્યારે એક વિદ્વાનની એક નાનકડી વાત હમેશાં કરતો. એમ કે, ‘ભાષા શ્વાસોચ્છ્વાસ જેવી સહજ વસ્તુ છે –ઍઝ નેચરલ ઍઝ બ્રીધિન્ગ’. આ મને આજે પણ બિલકુલ સાચું લાગે છે. પ્રાણીઓ એમ ગણે છે કદી કે એક, આ લીધો તે શ્વાસ, બે, આ કાઢ્યો તે ઉચ્છ્વાસ --? બોલનારાને કાં ભાનસાન હોય છે કે વચ્ચે વચ્ચે પોતે અંગ્રેજી શબ્દો વાપરી બેસે છે ? આઈ મીન, છોટાલાલ, ગામડાંની બાઈઓ કે તખીબેનનાં મગજ ગ-ડ મ-ગ કે પ-ગ જેવાં નેચરલ નથી તો શું છે ? આઈ મીન, સહજ છે. સ-હ-જ.

પણ ભણેલાંગણેલાં ને તેમાંય વિદ્વાન હોય એ લોકોની તો વાત જ જુદી. જીવન આખ્ખું બુધ્ધિ વાપરી વાપરીને ને ગણી ગણીને જીવે. સમજી શકાય, ભણ્યા તે એટલું તો કરે કે નહીં ? પણ એમાં અતિ કરનારા ય હોય છે. એક રમૂજી દાખલો છે મારી પાસે. એક દૂરના મિત્ર છે. ડૉક્ટર છે, પીઍચડી ડૉક્ટર. અમ્બુભૈ. ગુજરાતીના છે, છતાં, અંગ્રેજી શબ્દો બહુ વાપરે છે. એટલે અને ગામ ઉજ્જડિયું છે તેથી અમ્બુભૈની વિદ્વત્તા હવાની જેમ ચોપાસ ફેલાઈ ગઈ છે. મળતિયા ય એટલે જ આપોઆપ જડી ગયા છે. મળતિયા કહે છે, ગુજરાતની કોઈ યુનિવર્સિટીએ અમ્બુભાઈને ડીલિટ્ કરી દેવા જોઈએ. બાપડાઓનો મતલબ એમ કે અમ્બુભાઈને ડી લિટ્-ની ડિગ્રી આપી દેવી જોઇએ. મને ખાતરી છે, કાગારોળ મચાવશે, ને અપાવીને રહેશે. સાંભળી અમ્બુભૈથી મન્દ મન્દ સ્મિત થઈ જાય છે. નિત્યક્રમે સવારે ૫.૩૦ વાગ્યે જાગે ને સીધા ચાલવા જાય. રાત્રે બરાબ્બર ૧૦.૦૦ વાગ્યે સૂઈ જાય. કલાક કાંટો ૧૦ ઉપર હોય ને જેવો મિનિટ કાંટો ૧૨-ને અડે, પાંપણો પાડી દે. એમનાં પત્નીએ પણ એમ જ કરવાનું, કેમ કે આટઆટલી ચીકાશવાળું જીવવાનું અમ્બુભૈને એમણે તો શીખવ્યું છે. જ્યોતિબેન. બન્નેની પાસે આખા દિવસનું ભલે જુદું જુદું, પણ ટાઇમટેબલ છે. બન્ને એને તન્તોતન્ત વળગી રહે છે. જો અમ્બુભૈની ભૂલ થાય તો જ્યોતિ ઝાળ ઝાળ થઈ જાય. એમનો ઊધડો લઈ નાખે –‘વ્હૉટ નૉન્સૅન્સ ! હાઉ કમ ?’ -- છોડે નહીં. પણ જો ભૂલ એ કરે, તો અમ્બુભૈ ગલવૈ જાય, ને તેથી બોલે ખરા, પણ પોચુંપોચું-- ‘ઓ માય ગુડનેસ ! બટ નો પ્રૉબ્લેમ ડાર્લિન્ગ, ઇટ હૅપન્સ સમ્ટાઈમ !’ લખે ત્યારે બન્ને ગુજરાતી જ લખે, પણ એમાં અંગ્રેજી શબ્દોની ટીકડીઓ ચૉંટાડ્યા વિના છોડે નહીં. કાળી કાળી ટીકડીઓ દેખાઈ આવે. ગુજરાતી થઈને આવું કરે એ વાતનો પેલા પણ્ડિતોને સખત વાંધો

---

કવિ આગળ લખે છે : ‘બાપાના મૃત્યુ પછી જુગાર છોડી દઈ નેવું વર્ષના ભા બાપાના બાપ અને બે વર્ષના દીકરાનો હાથ પકડી સરસપુરમાં બાપાએ ભાડે રાખેલી ઓરડીમાં ગોઠવાયો. કાપડની દુકાનમાં ખાલી પડેલી બાપાની જગા પર બેઠો. જીવન નિયમિત બન્યું એવું લાગ્યું એટલે ઉર્સમાં સાંભળેલી કવ્વાલીઓ અને જયાફતને કારણે થતા તવાયફના નાચ જોવા જે કુમારવયે જતો એણે મારામાં શાયર થવાની ઝંખના જગવી હતી. એ ઝંખનાની યાત્રાએ કુમાર કાર્યાલયની 1968માં ભાળ આપી. મારી પારિવારિક જરૂરિયાતો વધતા મારા શેઠ પાસે પગારવધારાની માંગણી કરી. પગાર ન વધ્યો. ફરી પાછો જુગારી બન્યો. … સેતુમાં નોકરી મળી. કર્મશીલોના સંઘર્ષને નરી આંખે જોવાનો મોકો મળ્યો. આજીવિકા મળી પણ સંજોગોવશાત છીનવાઈ ગઈ. પેટના પ્રશ્નો ઉકેલવા જીવનભર રઝળતો રહ્યો. એ રઝળપાટમાં જે કંઈ જીવાયું, જેટલું જીવાયું, વંચાયું એ કવિતા રૂપે વ્યક્ત થયું એનો આ સંગ્રહ છે. … વનપ્રવેશના નાકેથી આ રચનાઓ તરફ જોઉં છું તો એમાં ક્યાંક ક્યાંક અન્ય પ્રત્યે લાગણી, પૂર્વગ્રહ જેવા છીછરા તળો દેખાઈ રહે છે. મારી આ અધૂરપને કારણે આ સંગ્રહ મારા જીવનનું અલ્પવિરામ બને એવી અપેક્ષા રાખું છું.’

આ સંગ્રહનું પ્રાસ્તાવિક અને સંગ્રહિત કવિતાઓ મૌનની વાચા અને ખામોશી વિશે ઘણું બધું કહી જાય છે. કવિએ સંગ્રહનાં મુખપૃષ્ઠ માટે લખેલો દસ્તાવેજ પણ વાંચવા અને વિચારવા જેવો છે. સાહિત્યિક અને સામાજિક એમ બંને ક્ષેત્રે નિસબત ધરાવતા આ કવિની સક્રિયતાને કમનસીબે સ્ક્રીઝોફ્રેનિયાની બીમારીએ થોડો સમય નિષ્ક્રિય બનાવી દીધી હતી. બીમારીએ તેમને સાવ એકલા કરી દીધા હતા, એટલું જ નહીં, સ્વભાવે શંકાશીલ બનાવી દીધા હતા. તેમની સાથેના આવા અનેક પ્રસંગો આજે આંખ સામે તરવરે છે. બીમારીએ તેમની પાસેથી ખામોશ રહીને અનેક આગવા સર્જનની ફળશ્રુતિ છીનવી લીધી હતી તેમ છતાં મૌન બલોલી ખામોશ રહે તેવા નહોતા. આગવી અમીરાઈ સાથે તેઓ વરસો પછી પાછા પ્રવૃત્ત થયા હતા અને “નયા માર્ગ”માં અનેક સામાજિક નિસબતને લગતા લેખો લખતા થયા. જો કે કવિતા પ્રત્યે તેઓ ખાસ્સા સમયથી ઉદાસીન હતા, પણ મનીષી જાની અને બીપિન મેશિયા જેવા મિત્રોની સતત ટકોરે અને મહેનતે જ ચંદુભાઈનો બીજો સંગ્રહ ‘સમય વચાળે હું’ (2007) ગુજરાતી સાહિત્યને આપ્યો છે. ‘સમય વચાળે હું’ની પ્રસ્તાવનામાં કવિ વિશે ચિનુ મોદી નોંધે છે : … ‘એણે જિંદગીનો નિ:સંકોચ અનુભવ સાહિત્યને આપ્યો છે અને આવા બહુ ઓછા ગુજરાતી સર્જકો છે, જેણે સાહસની એરણે જીવનની ઘણી બધી ક્ષણોને ધાર કાઢી છે …’

આમ, જીવનની પીડાઓને કવનમાં અને કવનની પીડાઓને જીવનમાં એકસરખી રીતે વ્યક્ત કરનારા ચંદુભાઈ ઉર્ફે ‘મૌન બલોલી’ ઉર્ફે ‘ખામોશ’નું 25 નવેમ્બર 2012ના રોજ દેહાવસાન થતા ગુજરાતી સાહિત્યનો એક મૂઠી ઊંચેરો ગઝલકાર, એક અવગણી ના શકાય તેવો પ્રતિબદ્ધ કવિ અને સક્રિય કર્મશીલ કાયમ માટે ખામોશ થઈ ગયો.

(સદ્‌ભાવ : https://www.facebook.com/ashokchavdabedil)

છે. વળી, ભાષા મરવા પડી છે એ ગાયનમાં એ લોકો આ લીટી ખાસ ગાય છે – કે ભણેલાં અંગ્રેજી ગાળો બોલે છે એટલે ગુજરાતીની સારામાંની ભુલાઈ રહી છે, કેમ કે એમનું જોઈને બીજાં પણ અંગ્રેજી ઠપકારે છે ! અમ્બુભૈને ખબર હોય, રૂપિયાની નૉટ ક્યારે વપરાય, પાંચની ક્યારે, અને દસની ક્યારે. એક જમાનામાં સામાને પરચૂરણ જ પધરાવે, પણ જેવી ખબર પડી કે તંગી થઈ છે, તો એક-ની બે-ની કે પાંચ-ની, નૉટ જ પકડાવે ! જેમ ખબર હોય એમને કે પોતે ગઈ કાલે સવારે કે તેની આગલી રાતે કયું શાક ખાધેલું, કારેલાંનું કે શક્કરિયાનું, તેમ એમને ચોક્ક્સ ખબર એ પણ હોય કે ક્યારે પોતે કયો અંગ્રેજી શબ્દ કેમ વાપરેલો. બધા ભલેને બકે કે વટ પાડવા કરે છે --! વચમાં ગુપ્તાજી મળ્યા ત્યારે પોતે કેવા હિન્દીમાં ચાલુ પડી ગયેલા; જાણે. બિલકુલ જાણે ! બજારમાં જ્યાં જ્યાં રૉન્ગ પાર્કિન્ગ જુએ, તિરસ્કારથી બબડે, ‘ડૉન્કી સાલા !’ ને ખબર હોય એમને કે બીજું, પછીનું રૉન્ગ, કયે ઠેકાણે આવશે -- ‘ડૉન્કી સાલા’ તૈયાર રાખ્યું હોય, ફટકારી દે. મને થાય, આ માણસ કેટલો વ્યવસ્થિત છે.

પોતા પાસે છે એ વિધ વિધના બધ્ધા શબ્દોને કેવો કેટલી સિફતથી વાપરી બતાવે છે ! ને નોંધવા જેવું તો એ છે કે એક પણ શબ્દને સંઘરી રાખતો નથી. જાણ્યો નથી, ને વાપર્યો નથી !

મારું તો મને, હાવ ઠેકાણા વગરનું દીસે છે. મારામાં મોટા ભાગના શબ્દો તો જાતે જ ઘૂસેલા છે, એ ખરું કે કોઈ કોઈને મેં વસાવેલા છે, પણ અમ્બુભૈ જેવો પ્રદર્શનિયો વપરાશ તો આવડ્યો જ નહીં. એટલે ઘણા બધા એમ-ના-એમ જ પડી રહ્યા છે, કેટલાક તો ઠરીને ઠીકરું થઈ ગયા છે. ખરેખર, અંદર નજર નાખતાં ગભરૈ જવાય છે. મને થાય, ઉપર જઈશ ત્યારે તો શબ્દોના હજડબમ્ ગોદામ જેવું આ મસ્તક લઈને જવાનો -- તે, નીચે મોકલનારા ભગવાનને લાગશે કેવું ! અફસોસ કરશે ! મને થાય, આવ્યો ત્યારે તો ચિત્ત માગશરના આકાશ જેવું કેવું સ્વચ્છ હતું ! જિજ્ઞાસા કેવી ઝગમગતી’તી, શુક્રના તારા જેવી ! પણ એની પર ભાષાની ચાદર, જાડા રગ જેવી, આ લોકોએ ઓઢાડી દીધી. ખસેડી ખસેડાતી નથી. આ લોકો એટલે ? બીજીમાં મળેલા એ છોટાલાલ ! ને એ પછી જેટલા મળ્યા એ બધા જ માસ્તરો, છોટાલાલો ! ફૉર્મલ ભણવાનું પતી ગયું પછી મૅતે ને મૅતે મથું છું, આજની તારીખ લગી, તો પણ માસ્તરો, નવા ને નવા, મને મળ્યા જ કરે છે, મળ્યા જ કરે છે. ને નવાઈની વાત તો એ છે કે દરેક જણો જુદા જુદા શબ્દોમાં મને એક જ વસ્તુ સમજાવે છે : તને (ડોબા !) બકારી થઈ ગઈ તે સારું થયું ...

મને અત્યારે પણ બકારી જેવું થાય છે. આમેય બધા નથી કહેતા કે જીવન એક મૂંઝારો છે ? જો કે હું નથી માનતો. પણ કોણ જાણે હમણાંનો પાણી બહુ પીધા કરું છું, જલ્દી જલ્દી જમું છું, બનાવટી બનાવટી બગાસાં ખાઉં છું, કારણ વગરનો એકદમ ફાસ્ટ ચાલું છું. એટલે --એટલે નહીં, એને પરિણામે, હા, એને પરિણામે, એક દિવસ જોગ-સંજોગ એવો રચાયો, કે મને અમ્બુભૈ મળી ગયા. બહુ ખુશ હતા. મને થયું, ડીલિટ્ થઈ – પણ, ફટાક્ બોલ્યા, ઑક્સફર્ડમાં ‘વૂટ’ ઉમેરાયો ! વૂટ એટલે અત્યુત્સાહ, જોસ્સો. ‘સાઈબર-બુલિન્ગ’ પણ ઉમેરાયો. એટલે કે ઈલેક્ટ્રૉનિક મીડિયાના ઉપયોગથી કોઈને હેરાનપરેશાન કરી મૂકવો. પહેલાં તો સમજાયું નહીં કે ઉમેરાયો ઉમેરાયો કરે છે તે કોણ ને ક્યાં. પછી ગડ બેઠી કે ઉમેરાયા તે આ શબ્દો, ને ઑક્સફર્ડમાં એટલે ઑક્સફર્ડ ડિક્ષનેરીમાં. અમ્બુભૈ ઉમેરાયેલા ત્રીજા ‘મૅન્કિનિ’-ની વાત કરવા તત્પર હતા, એમની જીભ વલવલ થતી’તી, બોલ્યા પણ ખરા, ‘બિકિનિ’-નો પુલ્લિન્ગ ! મને થયું, ભૈ અટકશે નહીં, એટલે મેં જરા ચૅંકાઈને પૂછ્યું : અમુક જૂથોમાં ફૂટી નીકળેલા આવા શબ્દો થોડા થોડા વખતે ડિક્ષનેરીમાં ઉમેરાય તેથી બીજાઓએ શું કરવાનું, હેં, શું ? તો ગુસ્સાથી બોલ્યા : જખ મારવાની ! હમણાં ને હમણાં આવા ૪૦૦ પ્રયોગો ઉમેરાયા છે. તને ખબર નથી એથી દુનિયા આખીનું શબ્દભંડોળ કેટલું રીચ થાય છે, રીચ ! : મારે કહેવું’તું, દુનિયાના ભંડોળની મને શી પડી છે ! મારું ય રીચ છે ! આટલા તતડીને શાના બોલો છો ? મને એમેય થયું, છોટાલાલનું, બાઈઓનું ને તખીબેનનું ય રીચ નથી તો શું છે ? દરેક ગાંઠનું વાપરે છે ને બદલામાં જે મળે છે, એને જીવી લે છે ! મને થાય, આ ભૈ શું કામને આટલા હરખપદુડા થાતા હોશે ? એમના ઑક્સફર્ડની માને પૈણે એનો બાપ !

**હું તને ઝરણ મોકલું**
**ને તું જવાબમાં મૌન બીડે**
**હું તને દરિયો મોકલું**
**ને તું જવાબમાં મૌન બીડે**
**હું તને પંખી મોકલું**
**ને તું જવાબમાં મૌન બીડે**
**હું તને આખું આભ મોકલું**
**ને તું જવાબમાં મૌન બીડે**
**જા, હવે બહુ થયું**
**હું મૌન વહેતું કરું છું**
**તું મારાં આભ, દરિયો ને પાંખ**
**પાછાં મોકલ .....**

**- લતા જગદીશ હિરાણી**

https://www.facebook.com/lata.hirani.98


કેમ ચૂપ થઈ ગયો ? : બસ એમ જ : પણ પછી, મુદ્દો બદલવાના ઈરાદાથી, અને, માસ્તરોમાં સારું થયું-માં ખપ્યા કરતી મારી બકારીઓ યાદ આવતાં, એ બાબતે, અમ્બુભૈને મેં જરા માંડીને વાત કરી, ને નરમાશથી પૂછી જોયું : અમ્બુભાઈ, બધા મને આવું કેમ કહે છે ? તો કહે : જા, બોલ, કહે, જણાવ મને, દુનિયાના એક પણ માણસનું મગજ ક્યારેય શબ્દ વગરનું હોય છે ખરું ? આસપાસમાં કે દૂર દેશાવરના, કે અરે, પરદેશના કોઈપણ શહેરમાં કસબામાં ગામડામાં, કે આદિવાસી કોઈ પણ જનપદમાં જઈ આવ. આસામના દિબ્રુગઢમાં જા, નાગાલૅન્ડના કોહિમામાં જા, ચિનના શાંઘાઈમાં જા, યુરપના આમ્સ્ટર્ડામમાં, બાજુમાં લન્ડનમાં, લેસ્ટરમાં, અમેરિકાના શિકાગોમાં, સિન્સિનાટીમાં, આટલાન્ટામાં કે જર્સિ સિટીમાં જા, કૅનેડાના ટૉરન્ટોમાં, આફ્રિકાના નૈરોબીમાં, કે પછી, ચિલી કે સિડની જા, કરાંચી જા, શ્રીલંકા જા, મથુરાં જા, અમદાવાદમાં, રાયપુરમાં, વસ્ત્રાપુરમાં, નડિયાદ કપડવંજ વડોદરા બારડોલી વાપી કિમ બોડેલી કે નવસારી ... કોઈ પણ જગ્યાએ જા ... માણસ નામનું એક પણ પ્રાણી શબ્દ વગરનું છે ખરું ? : એઓ ‘પ્રાણી’ બોલ્યા તે મને ગમ્યું કેમ કે પ્રાણની એટલે કે શ્વાસોચ્છ્વાસની નજીક પૂગ્યા દેખાયા. મને લગીર સંતોષ થયેલો. એટલે મેં કહ્યું, બરોબર. આશા પડેલી કે મને હમણાં કહેશે -- હા, તું સાચો છું, ભાષા સહજ વસ્તુ છે. પણ, હું આગળ કંઈ બોલું એ પ્હેલાં જ બોલ્યા, આઈ ડોન્ટ ઍગ્રી વિથ યૂ ! હું ગૂંચવાયો, ઍગ્રી શું --? એટલે મને થયું, પૂછું એમને -- કે ઓકે, નૉટ ઍગ્રી, ઓકે, બટ ફૉર વ્હૉટ --? પણ પૂછું એ પ્હેલાં એમણે બીજા શબ્દોમાં કહી દીધું –આઈ ડિફર વિથ યૂ ! હા પણ અમ્બુભૈ, ફોડ પાડો, ને સાંભળો ... મારે બૂમ પાડીને બોલવું પડેલું કેમ કે એઓશ્રી ઝટ કરતાકને નીકળી ગયેલા ... જલ્દી જલ્દી બોલી ગયેલા, જ્યોતિ મારી રાહ જોતી હશે યાઆર ... એમની પૂંઠ દેખાતી’તી ત્યારે મને યાદ આવ્યું કે બધા મને, ડોબાને, બકારી થઈ ગઈ કહે છે તે કેમ કહે છે નામના મારા એ સીધાસાદા પણ અઘરા સવાલને અમ્બુભૈ સિફતથી ચાતરી ગયેલા ...

શું કરવાનું ... મને થાય, ‘વૂટ’ને મારા પર પહેલી વાર વાપર્યાની મજા લેતા ગયા ! બુલિઈન્ગ નહીં તો બીજું શું ? એમનું ચાલત તો મૅન્કિનિ પણ વાપરી બતાવત ! એમનાં ‘આઈ ડિફર વિથ યૂ !’ અને ‘આઈ ડોન્ટ ઍગ્રી વિથ યૂ !’ મને ક્યાંય લગી સંભળાતાં રહ્યાં. મને થાય, કોઈ અમ્બુ કે જમ્બુ જો આમ લોઢાનો હથોડો લઈને ડિફર થવા જ નીસર્યો હોય, આપાણું કિંચિત્ પણ સમજવા-સાંભળવા માગતો જ ન હોય, તો એને હમ્મેશને માટે છોડી દેવો એ જ કર્તવ્ય ગણાય. બાકી, રીચનું સાંભળીને હું ચૂપ હતો, મારો મત તો જણાવ્યો ન્હૉતો, જાણવાની એમણે દરકારે ય નહીં કરેલી ... પણ, તો પછી, શેના, શેને વાસ્તે ડિફર થતા’તા ? વિજયી અદામાં જતા રહ્યા; તે પણ, પત્નીને બ્હાને ! બાકી મારે તો, યુ આર, રાઈટ છો, પણ શ્રીમાન અમ્બુભૈ, ડિફરનું નામ તો પાડો, વગેરે કહીને વાતને પાટા પર આગળ ધપાવવી’તી ! ... પણ શું કરવાનું ...

જો કે બન્યું છે એમ કે ‘ડિફર’ને લીધે હાલ જ મને ‘ડફેર’ શબ્દ દેખાતો થયો છે ... એને જોઉં ન જોઉં ત્યાં તો મારાથી ‘ડફણું’ પણ જોવાયો છે. ત્રણ

# મુનશીની નવલકથા 'કોનો વાંક?' અંગેનો ભેદ ભરમ

**• દીપક મહેતા**



ભેદ ભરમ એ કનૈયાલાલ મુનશીની ઘણી નવલકથાઓનું એક આકર્ષક તત્ત્વ હોય છે. તેને કારણે વાચકનો રસ સતત જળવાઈ રહે છે. પણ મુનશીની એક નવલકથાના પ્રકાશનની વાત પણ થોડી ભેદ ભરમથી ભરેલી છે. આ નવલકથા તે તેમની બીજી સામાજિક નવલકથા 'કોનો વાંક?' મુનશીએ પોતે લખ્યું છે: '૧૯૧૪ની શરૂઆતમાં અંબાલાલ જાનીએ મને "ગુજરાતી"માં ચાલુ વાર્તા લખવા માટે આગ્રહ કર્યો. પહેલાં તો મારી હિંમત ચાલી નહીં, પણ કોલમના ચૌદ આના જતાં કરવાનું રુચ્યું નહીં, એટલે વાર્તા લખવાનો નિશ્ચય કર્યો ને 'વેરની વસૂલાત'નો પહેલો ખંડ લખી અંબાલાલભાઈને આપ્યો.' એ નવલકથા "ગુજરાતી"માં ૧૯મી ઓગસ્ટ ૧૯૧૪થી ૨૫મી જુલાઈ ૧૯૧૫ સુધી હપ્તાવાર પ્રગટ થઈ. તે પછી લખાયેલી તેમની બીજી સામાજિક નવલકથા તે 'કોનો વાંક?' મુનશી વિશેનો કોઈ પણ અભ્યાસ લેખ જુઓ, કોઈ પણ પુસ્તક જુઓ, અર્વાચીન ગુજરાતી સાહિત્ય વિશેનો કોઈ પણ સંદર્ભ ગ્રંથ જુઓ, તેમાં 'કોનો વાંક?'ની પ્રકાશન સાલ ૧૯૧૫ આપેલી જોવા મળશે. ખુદ એ પુસ્તકની પછીની આવૃત્તિઓમાં પણ 'પહેલી આવૃત્તિ: ૧૯૧૫' એમ છપાયેલું જોવા મળશે. હકીકતોને ચકાસીને, ચોકસાઈ કરવાની જરૂર આપણા ઘણાખરા વિવેચકોને, અભ્યાસીઓને, સંશોધકોને પણ જણાતી નથી. એટલે પુસ્તકમાં છાપેલી આ સાલ જ સાચી માનીને બધા ચાલ્યા છે. પણ એ નવલકથાની પ્રસ્તાવના પણ ધ્યાનપૂર્વક ભાગ્યે જ કોઈએ વાંચી હશે. કારણ જો વાંચી હોય, તો ૧૯૧૫ની સાલ વિશે કંઈ નહીં તો શંકા થયા વગર તો રહે જ નહીં. પ્રસ્તાવનાનું પહેલું જ વાક્ય આ પ્રમાણે છે: 'આ વાર્તાનું વસ્તુ નાનપણમાં મેં કલ્પેલું અને આખરે તા. ૧૮-૬ (૧૯)૧૬થી તા. ૧૫-૭-(૧૯)૧૭ સુધીના સાપ્તાહિક 'હિન્દુસ્તાન'માં તેને ચાલુ વાર્તા તરીકે પ્રગટ કરેલી.'

હવે, જે નવલકથા ૧૯૧૬-૧૯૧૭માં ધારાવાહિક રૂપે છપાઈ હોય તે પુસ્તક રૂપે ૧૯૧૫માં કઈ રીતે પ્રગટ થઈ હોય? મુનશીએ આ નવલકથા "હિન્દુસ્થાન" માટે જ લખી હતી તે હકીકત મુનશીના આ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે: '૧૯૧૫માં "હિન્દુસ્થાન અને પ્રજામિત્ર"ના તંત્રી રતનલાલ શાહના દબાણને વશ થઈ મેં 'કોનો વાંક?' નવલકથા માંડી. "ગુજરાતી" કરતાં આના કોલમ નાના ને કોલમ દીઠ રૂપિયો એટલે આ વેપાર ખોટો નહોતો.'

પણ આ વાત આટલેથી અટકતી નથી. હાજી મહંમદ અલારખિયાના માસિક "વીસમી સદી"ના દસમા પુસ્તકના પહેલા અંકમાં (ઓક્ટોબર ૧૯૨૦ના અંકમાં) પણ 'કોનો વાંક?'નાં પહેલાં ત્રણ પ્રકરણ છપાયાં છે. તેની સાથે ત્રિભુવન જે. પટેલના ચિત્રો પણ મૂક્યાં છે. મુનશીના પોતાના હસ્તાક્ષરમાં લખેલું કથાનું એક પાનું પણ છાપ્યું છે. તેની નીચે લખ્યું છે: 'ગુજરાતના જાણીતા સિદ્ધ કથાકાર રા. કનૈયાલાલ મુનશી એડવોકેટની નવી વાર્તા 'કોનો વાંક?'ની હસ્ત લિખિત પ્રતમાંનું તેમના હસ્તાક્ષરોમાંનું એક પૃષ્ઠ. '૧૯૨૧ના જાન્યુઆરીની ૨૧મી તારીખે હાજીનું અવસાન થયું. તે પછી "વીસમી સદી" માસિક બંધ થયું. ૧૯૨૦ના સપ્ટેમ્બર, નવેમ્બર અને ડિસેમ્બરના અંકો પણ પ્રગટ થયા નહોતા. પહેલા હપ્તામાં છપાયેલાં ત્રણ પ્રકરણ વાંચતાં આ નવલકથા અંગેનો ભેદ ભરમ વધુ ઘૂંટાય છે. કારણ આજે પુસ્તકરૂપે જે 'કોનો વાંક?' આપણી પાસે છે તેનાં પહેલાં ત્રણ પ્રકરણ - કે બીજા કોઈ પણ પ્રકરણ-સાથે "વીસમી સદી"માં છપાયેલાં ત્રણ પ્રકરણનો એક અક્ષર પણ મળતો આવતો નથી. પાત્રો, પ્રસંગો એ જ છે, પણ લખાવટ તદ્દન જુદી છે! તો શું એક જ નવલકથા મુનશીએ બે વાર લખી હશે?

આ ભેદ ભરમ ઉકેલવા માટે ફરી 'કોનો વાંક?' પુસ્તકની પ્રસ્તાવના મદદે આવે છે. 'કોણ જાણે કેમ પણ તે ને તે જ સ્વરૂપે એ વાર્તા ન છપાય તો સારું એમ મને થોડાં વર્ષે લાગ્યું અને તેથી તે પડી રહી. પછીથી સ્વ. હાજી મહમદના દબાણથી મેં "વીસમી સદી"માં તે છાપવા આપવા કબૂલ્યું. અને તેને સુધારી વધારી, નવે સ્વરૂપે તૈયાર કરવા માંડી. પણ જેવી વાર્તાની નાયિકા હીણભાગી છે તેવી જ આ વાર્તાની કારકિર્દી બની. થોડાં પ્રકરણ છપાયાં ને "વીસમી સદી" બંધ થયું. એટલે કે "વીસમી સદી" માટે મુનશીએ આ નવલકથા સુધારી વધારીને નવે સ્વરૂપે તૈયાર કરવા માંડેલી. "વીસમી સદી" બંધ થયા પછી ફરી એકવાર આ નવલકથા હપ્તાવાર છાપવાનું બટુભાઈ ઉમરવાડિયા અને વિજયરાય વૈદ્યે તેમના "ચેતન" માસિકમાં શરૂ કર્યું. તેના એપ્રિલ ૧૯૨૧ના અંકથી ચોથા પ્રકરણથી 'કોનો વાંક?'નું હપ્તાવાર પ્રકાશન આગળ વધ્યું. નવલકથા અધવચ્ચેથી શરૂ કરી હતી છતાં એ અંગે કશી નોંધ મુકાઈ નહોતી. માર્ચ ૧૯૨૨નાં અંક સુધી તેનું હપ્તાવાર પ્રકાશન ચાલુ રહ્યું. (વચમાં, ડિસેમ્બર ૧૯૨૧ના અંકમાં એકે પ્રકરણ પ્રગટ થયું નથી.) ત્યાં સુધીમાં કુલ નવ પ્રકરણ છપાયાં હતાં. છેવટે મુનશીએ 'કોનો વાંક?'ને નવેસરથી લખવાનું માંડી વાળ્યું.

મુનશી પ્રસ્તાવનામાં લખે છે: 'આખરે વખતને અભાવે તેને નવું સ્વરૂપ ન જ અપાયું.' એટલે છેવટે "હિન્દુસ્થાન"માં જેમ છપાઈ હતી તેમ જ તેમણે આ નવલકથા પુસ્તકરૂપે પ્રગટ કરી. પણ ક્યારે? જવાબ પ્રસ્તાવના જ આપી શકે તેમ છે, પણ નવાઈની વાત છે કે કોઈનું એ તરફ ભાગ્યે જ ધ્યાન ગયું છે. પ્રસ્તાવનાને અંતે લખ્યું છે: 'સંવત ૧૯૮૦' હવે જે પુસ્તકની પહેલી આવૃત્તિની પ્રસ્તાવના સંવત ૧૯૮૦ એટલે ઇ. સ. ૧૯૨૪માં લખાઈ હોય તે પુસ્તક ૧૯૧૫માં કઈ રીતે છપાયું હોય? એટલે કે આ પુસ્તક ઇ. સ. ૧૯૨૪માં પહેલી વાર છપાયું છે. અને નહીં કે ૧૯૧૫માં. અને છતાં આટલાં વર્ષોથી તેના પ્રકાશકો 'કોનો વાંક?'ની જુદી જુદી આવૃત્તિઓમાં તેની પહેલી આવૃત્તિની સાલ ૧૯૧૫ છાપતા આવ્યા છે અને તેને વિશે લખનારા સૌ કોઈ એ સાલને સાચી માનીને ચાલ્યા છે.

આવા અંધાપા પાછળ કોનો વાંક રહેલો છે તેનો ભેદ ભરમ ઉકલતો નથી.

**(સદ્દભાવ : 'વડૅનેટ', "મુંબઈ સમાચાર", 06.12.20)**

e.mail : deepakbmehta@gmail.com

---

સવાલ થયા છે : ક્યાંથી આવ્યા હશે ? કેમ આવ્યા હશે ? ને, અત્યારે જ કેમ ? જવાબ ન મળ્યા એટલે મને થયું, બન્નેને એકમેક જોડે અથાડું તો કેવું ? અને ખરેખર, મેં બન્નેને અથાડ્યા : ડફેર ડફણું. ડફણું ડફેર. અથાડવાની મને બહુ મજા આવી ગઈ, તે આગળ વધ્યો : ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર … આમ તો શબ્દોને અથાડવાનું સહેલું કાં છે ? ને અથાડ્યા પછી જિરવવાનું પણ કાં સરળ છે ? ખરી વાત જુદી છે. કેટલાય સમયથી જે કંઈ લખું છું તે કમ્પ્યૂટરના સ્ક્રીન પર જ લખું છું. આ ડફેર-ડફણા-નું જે કીધું ને, તે કૉપી-પેસ્ટ કરી કીધેલું છે ! અત્તારે જ, બીજી વાર અથાડી બતાવું ? રેડી છે ! લૉ, જુઓ, બોલી પણ જુઓ -- ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર … તમે ય કૉપી-પેસ્ટ કરી લો, તમેય અથાડી જુઓ : ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર ડફેર ડફણું ડફણું ડફેર …

પણ એક વસ્તુ છે : શબ્દોને અથાડીએ ત્યારે એ આપણને પણ અથાડતા હોય છે. જાત જોડે, બીજા જોડે, ત્રીજા જોડે … ત્યારે ઠેકઠેકાણે વાગ્યું પણ હોય છે … મજાની વાત એ છે કે એ વાગેલું ક્યારેય દેખાતું નથી … ખબર હશે આ ખરી વસ્તુની અમ્બુભૈને ? કોણ જાણે !

(સદ્દભાવ : http://www.sahityasetu.co.in/issue9/jaatsaathevaat.html)

[11606 North Dunmore Dr. Dunlap 61525 ILL USA]
E-mail: suman.g.shah@gmail.com

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું …



‘નઈ ઝિંદગી, નયા જીવન’ – કાર્યક્રમ શરૂ થયાને આ સાલ 44 વર્ષ થયાં. ચૌદેક વરસની તેને આવરદા મળેલી. ‘બ્રિટિશ બ્રૉડકાસ્ટિંગ કૉરપોરેશન’ વાટે, તેના ટેલિવિઝન પડદે, 1968થી 1982 દરમિયાન, હિન્દુસ્તાની જબાનમાં, એક લોકપ્રિય કાર્યક્રમ ચાલતો હતો. દર રવિવારે સવારે, અમારી પેઢીના ઘેરઘેર, ચાતક પેઠે, આ કાર્યક્રમની રાહ જોવાતી. અને આ દેશની દૂરંદેશી તેમ જ શાસન પદ્ધતિ તો જુઓ, દોસ્ત મારા ! બહુસાંસ્કૃતિકનાં કોઈ ગાણાં નહીં, પેલા વગોવાયેલા ‘તુષ્ટીકરણ’નો કોઈ જ વળી ચંદરવો ય નહીં; અને, નવોદિત જનસમાજને સારુ, સમાજમાં એકરૂપ બનવા માટેની કોઈક હળવાશ અને મુખ્ય પ્રવાહ માંહે ગોઠવાઈ જવાય તે માટેના સજ્જડ સેતુની નકશીદાર ઈજનેરી જ જોઈ લો !

અને આ સમયગાળા પછી, અંગ્રેજી ભાષા-માધ્યમવાળા અનેક જાતભાતના પ્રસારણ-કાર્યક્રમોની વણઝાર શરૂ થઈ, એમ કહીએ તો ખોટું ન બને !

તે કાર્યક્રમોમાં દેશવિદેશના સમાચારો અપાતા, જેમાં હિંદવી ઉપખંડના વર્તમાન સહજ હોય. લઘુમતી સમાજને અનુરૂપ સાંસ્કૃતિક, સાહિત્યિક તેમ જ રાજકારણની સાંપ્રત અને પ્રાસંગિક બાબતો અંગેની ચર્ચાવિચારણા ઉપરાંત, નાચગાનના જલસા, મુલાકાત-હેવાલો અને મુશાયરાઓનો ય સમાવેશ રહેતો. મહેન્દ્ર કૌલ અને સલીમ શાહેદ જેવા બે પડછંદ અને ઊંચેરા પત્રકારો પ્રસ્તુતકર્તાઓ હતા. સલીમ શાહેદ અલ્લાહ મિયાંને પ્યારા થઈ ગયા છે, જ્યારે મહેન્દ્ર કૌલ, છેલ્લી માહિતી મુજબ, સાજામાંદા રહે છે.

‘બી.બી.સી. વન’ ટેલિવિઝન પર, 1965ના અરસામાં, ‘ઇન લોગોં સે મિલિયે’ નામનો કાર્યક્રમ આવવો શરૂ થયેલો. 1966માં ‘અપના હી ઘર સમજિયે’એ, તેની જગ્યાએ, સ્થાન લીધું. અને વળી, ‘બી.બી.સી. રેડિયો ફૉર’ પરથી એ ય પ્રસરિત થતો રહેલો. તેને ઠેકાણે આ ‘નઈ ઝિંદગી, નયા જીવન’ કાર્યક્રમ બેસાડાયો, તેમ ઇતિહાસ કહે છે. 1982ના અરસામાં, ‘બી.બી.સી. ટૂ’ ટેલિવિઝન પર ‘ઘરબાર‘ નામે કાર્યક્રમ દાખલ કરાયો, તે કેટલાકને સાંભરતું હશે. વારુ, ‘નઈ ઝિંદગી, નયા જીવન‘ કાર્યક્રમને, વચ્ચે ‘ન્યૂ લાઈફ‘ નામ પણ અપાયેલું. 1980ના અરસામાં, છેવટે, તેને ‘એશિયન મેગેઝિન‘ કહેવાનું શરૂ થયેલું. અને આખરે, તે ‘નેટવર્ક ઈસ્ટ’ને નામે જાણીતો થયો.

બી.બી.સી.ના દફ્તર ભંડારમાં આ કાર્યક્રમોની કેટલીક ફાઈલ અંકે કરાઈ છે, તેમ જાણવા મળે છે. પહેલા કાર્યક્રમની ટેઈપ અહીંતહીં ફરતી હોવાના સગડ પણ મળે છે. બર્મિંગમ નગરનો, તે વેળાનો, જગમશહૂર ‘પેબલ મિલ’ સ્ટૂડિયો કાઢી નંખાતા, આમાંની 120 જેટલી ટેઈપને ‘બેટા એસ.પી.’ પર જાળવી શકાઈ છે. બાકીનો ઈતિહાસ રફદફે થઈ ગયો છે. પંડિત રવિશંકર, લતા મંગેશકર, ઉસ્તાદ નસરત ફતેહઅલી ખાઁની પેશગીઓમાંથી કેટલુંક જાળવી શકાયું હોય તેમ કહેવાય છે.

આપણી વસાહતને ઇતિહાસને ચોપડે અંકિત કરવાને સારુ, આ સમૂળા કાર્યક્રમો બહુ જ મોટી મૂડી છે. તેને તપાસ્યા વિના, ચકાસ્યા વિના, થયેલાં લખાણો ક્યાંક અધૂરાં સાબિત થાય, તેમ પણ બને. આ કાર્યક્રમોમાં બે’ક વખત ગુજરાતી કવિ સમ્મેલન / મુશાયરા યોજાયા હતા, તેવું સાંભરે છે. ‘ખય્યામ‘ સાહેબ, પંકજ વોરા તેમ જ યોગેશ પટેલની ય તેમાં પેશગી રહેલી તેમ આછેરું યાદ આવે છે. રેડિયો, ટેલિવિઝન, મુદ્રિત સમસામયિકો અને હવે વીજળિક સમૂહમાધ્યમો પણ આવાં આવાં સાધનોમાં અગત્યના ઓજારો બની રહ્યાં છે.

(1)

# રેલવે - સિંગર

**• આનંદરાવ લિંગાયત**

'બસ? આટલું જ? બે કુમળી જિંદગીમાં પરિવર્તન લાવવા માટે આટલી જ રકમ? મારી પાસે તો કેટલું બધું છે અને આ લોકો પાસે તો કંઈ જ નથી!'
- Scott Neeson : હૉલીવુડનો એક અનોખો આદમી

આજે કેટલાં વર્ષો પછી હું આ રેલવે ગાડીમાં, બારી પાસેની સીટમાં બેઠો! આખી મુસાફરીમાં હવે મઝા આવશે. અત્યારે તો મને મારી અમેરિકાની મોંઘી BMW ગાડીની પણ પડી નહોતી. એટલો હું ખુશ હતો.

પ્લેનમાં પણ 'વિન્ડો સીટ'નો આગ્રહ લોકોને ક્યાં નથી હોતો? બારી પાસેની જગા તો મને મળી ગઈ પણ રેલવે ડિપાર્ટમેન્ટે બારી પાસેની આ સીટની બધી મઝા મારી નાખી છે. સળિયા આડા મારી દીધા છે. મઝાથી ડોકું બહાર કાઢીને દૂર સુધી કાંઈ જોઈ શકાતું જ નથી. હું નાનો હતો ત્યારે આ સળિયા નહોતા.

## વાર્તા વિહાર

ગાડી ઉપડી ....

મુંબઈનાં પરગણાંની હદ વટાવીને હવે ગામડાનાં સ્ટેશનો શરૂ થયાં. એ પીળા પાટિયા ઉપર કાળા અક્ષરે લખેલાં એકે એક ગામનાં નામ વાંચતાં બાળપણ ખળભળી ઉઠતું હતું. ગામડાના સ્ટેશને ગાડી ઊભી રહેતી કે તરત નાની નાની છોકરીઓની બૂમાબૂમ અને દોડાદોડ શરૂ થતી. પ્લેટફોર્મની બીજી બાજુએથી પડિયામાં એમનાં ફળ વેચવા એ બૂમો પાડતી.

'તાજાં ચીકુ ... લો કાકા, તાજાં જ છે ... લો એક વધારે મૂકી આપું ... જલદી કરો ... ગાડીની વીસલ થઈ ગઈ છે ...' બારી સુધી એનો ચીકુનો પડિયો પહોંચે એટલા માટે થવાય એટલી ઊંચી એ છોકરીઓ થતી. એમને વકરો કરાવવા ખાતર પણ હું દરેક સ્ટેશને કાંઈક ને કાંઈક ખરીદતો અને ડબ્બામાં બેઠેલાં છોકરાંને આપી દેતો. એ પણ ખુશ થતાં. અમેરિકન ડૉલર ખિસ્સામાં હોય શી ચિંતા! હું તો વળી અમેરિકામાંય પાંચ પૈસે સુખી ગણાતો માણસ હતો.

કેટલાંક સ્ટેશને પાણીવાળી છોકરીઓ ઘડો લઈને 'બાંમણિયા પાણી'ની બૂમાબૂમ કરતી આમ તેમ દોડતી. પાણી પીને લોકો પૈસા ચૂકવતા તો એ પૈસા પણ એ છોકરીઓ અંદર ઘડામાં જ નાખતી. એ ગંદા પૈસા પીવાના પાણીમાં નાખીને આ રીતે એણે પાણીને ગંદુ અથવા 'પોલ્યુટ' ના કરવું જોઈએ એવી સલાહ હું આપું તો એને ગળે ઉતરે ખરી !

એક મોટા જંકશન ઉપર ગાડી ધીમી પડી. ગાડી ઊભી રહે તે પહેલાં તો 'ગરમ ભજિયાં' 'ચાય ગરમ' 'આ ... ભાજી પૂરી' 'ઠંડા મીઠા થમ્ઝ-અપ...' વગેરે બૂમો પાડતા ફેરિયાઓની નાસભાગ શરૂ થઈ. ગ્રાહક શોધવા ગાડીના એક છેડેથી બીજા છેડા સુધી બૂમો પાડતા આ ફેરિયાઓની આંખોમાં રોજીરોટીની જબરી તલપ દેખાતી. એ મોટા સ્ટેશન ઉપર વીસેક મિનિટનો આરામ કરી ગાડી પાછી ઉપડી.

ગાડી ઉપડી એટલે ગાડીની અંદર હવે ફેરિયાઓની હેરાફેરી શરૂ થઈ.

'... આ ખારી ને કડક શિંગ ... ભાઈ .. આ દેશી કાજુ આવી ગયા. બોલો, કાકા, કેટલી આપું?' મારા તરફ જોઈને એણે સીધું જ પૂછયું.

શિંગવાળો જાય ત્યાં ચણાની દાળવાળો આવે.

'આ ચટાકેદાર ચણાની દાળ ખાઈ લો ...' એટલી ગિરદી વચ્ચે ફટ દઈને એ ફેરિયો તળેલી દાળનો ટોપલો એના ઘૂંટણ ઉપર ટેકવી બધા પેસેન્જરોને વ્યક્તિગત પૂછી વળતો. ઝીણી સુધારેલી ડુંગળી અને કાપેલા લીંબુની વાસ આખા ડબ્બામાં કેટલા ય પેસેન્જરોના મોંમાં પાણી લાવી, ભૂખ લગાડી દેતી. એની આ ચાલાકીથી એનો બિઝનેસ થઈ જતો. ઘણા લોકો ખાઈ નાખતા. મને પણ મોમાં પાણી આવી જતું. પણ સમસમીને બેસી રહેતો. ત્રીસ બત્રીસ વર્ષથી અમેરિકન બની ગયેલું મારું પેટ આ દાળ સહન ના કરી શકે તો પાછી ઉપાધિ !

આ બધો દેશી 'ઘોંઘાટ' હું કોણ જાણે કેટલાં ય વર્ષો પછી ફરી પાછો માણી રહ્યો હતો! મારા બાળપણના દિવસોની રેલવે મુસાફરી અને અત્યારની આ રેલવે મુસાફરીમાં કાંઈ ખાસ ફરક નહોતો લાગતો. એ જ ગિરદી. એ જ ગંદકી. વ્યવસ્થા અને સગવડ વધવાને બદલે માત્ર માનવ વધ્યાં હતાં. વધેલાં માનવ સાથે સંકળાએલા બીજા પ્રશ્નો પછી આપોઆપ વધે.

ચણાની દાળવાળો ગયો ...

હવે ચૌદ-પંદર વર્ષનો એક છોકરો આવ્યો. થોડીવાર તો એણે એની બે આંગળીઓ વચ્ચે ભરવી રાખેલા લાકડાના ટુકડા આબાદ રીતે વગાડ્યા. હું સાંભળતો જ રહ્યો. પછી એક જૂની ફિલ્મનું ગીત એણે લલકાર્યું. એના લલકારથી ડબ્બો આખો શાંત થઈ ગયો. બધા ગીત સાંભળવામાં તલ્લીન થયા. એના અવાજમાં ગજબની મીઠાશ અને બુલંદી હતી ... સંગીતની દૃષ્ટિએ કહું તો એના અવાજમાં ગજબની મધુર જિવારી, કલાત્મક ખટકા, બારીક મૂરકી અને મધ જેવી મીઠાશ ભરેલી હતી. કુદરતે એને બહુ સુરીલા અવાજની ભેટ આપી હતી. મને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન છે એટલે આ છોકરાના ગળાની કદર હું બરાબર કરી શકતો હતો. કેટલી ટેલન્ટ ભરેલી હતી! What a built-in exceptional voice and talent!

ગીત પૂરું કરીને એણે બધા પાસે હાથ લંબાવ્યો. કોઈએ દસ પૈસા તો કોઈએ પાંચ પૈસા એની હથેળીમાં મૂક્યા. મોટા ભાગના તો હાથના ઈશારાથી કહી દેતા કે 'આગળ જા.'

મે ખિસ્સામાંથી ચૂપચાપ દસ રૂપિયાની નોટ કાઢી. કોઈને દેખાય નહીં એ રીતે ઝીણી ગડી વાળીને એના હાથમાં મૂકી. મારે આખા ડબ્બામાં જાહેર નહોતું કરવું કે મેં એને દસ રૂપિયા આપ્યા. પણ એ ગધેડાએ ગડી ઉકેલી અને ત્રણ વખત એ દસની નોટ કપાળે અડકાડી મને સલામ ભર્યા કરી. આખા ડબ્બાને ખબર પડી ગઈ કે આ માણસે દસ રૂપિયા આપ્યા.

'સાહેબ, આપને બીજાં ક્યાં ગીતો સાંભળવા છે? હું સંભળાવું.'

'તારે જે ગાવાં હોય તે ગા.' બધા પેસેન્જેરો મારા તરફ તાકી રહ્યા હતા. મને જરા બેહૂદુ અને વિચિત્ર લાગવા માંડ્યું.

પછી તો એણે બીજાં ચારેક ગીતો એના બુલંદ અવાજે ગાયાં. બહુ જ સુરીલા અને તાલ બદ્ધ.

વડોદરા આવતું હતું. મેં ઉતરવાની તૈયારી કરી. પ્લેટફોર્મ ઉપર ગાડી થંભી.

'સાહેબ, તમે અહીં વડોદરામાં રહો છો?' એ મારી પાછળ જ ઊતર્યો હતો.

'હા .... તું?' ઉતાવળે સ્ટેશનની બહાર નીકળવાની પ્રયત્ન કરતાં મેં પૂછયું.

'હું પણ અહીં જ રહું છું.'

'કઈ જગાએ?'

'પે ... લા રેલવે પુલની પાછળ એક ઝૂંપડીપટ્ટી છે એમાં મારું એક ખોરડું છે.'

અમે સ્ટેશનની બહાર નીકળ્યા. એ છોકરો મારી સાથે જ ચાલ્યા કરતો હતો. હું રીક્ષા શોધવા લાગ્યો. ત્યાં અચાનક એ છોકરાએ મને સવાલ કર્યો,

'સાહેબ, તમે મારા ખોરડામાં આવશો? હું તમને બીજાં ઘણાં ગીતો સંભળાવીશ.' એનો આ સવાલ સાંભળીને હું એના તરફ તાકી રહ્યો. બેવકૂફ જેવો! હું શું કરું તારા ખોરડામાં આવીને! દસ રૂપિયા આપ્યા એમાં આટલો બધો દબાઈ ગયો! હિન્દુસ્તાનના ગરીબોની આ જ એક કમજોરી છે. 'ગરીબડાં' બની જાય છે. 'ગરીબ' અને 'ગરીબડાં' આ બંને શબ્દોમાં ફરક છે. અમેરિકામાં પણ ગરીબો કયાં નથી! પણ એ 'ગરીબડાં' નથી.

તરત મને પાછું બીજું જ કાંઈ સ્ફૂર્યું. કોણ જાણે કેમ પણ આ છોકરાના આ સવાલથી મારા હૈયામાં કાંઈક થયું. કાંઈક જાગી ઊઠ્યું. હું સ્થિર ઊભો રહી ગયો. છોકરા તરફ તાકી રહ્યો. એના મોં ઉપર નર્યું કુતૂહલ હતું. આશાઓ હતી. મને જાણે એ ખેંચતો હતો.

'તારું નામ શું, અલ્યા?'

'ગંગલો .....'

ગંગલાની આ વાતને હમણાં આટલે અટકાવીને બીજી એક સત્ય ઘટના તરફ આપનું ધ્યાન દોરું.

કોઈક અમેરિકન માસિકમાં મેં આ ઘટના વાંચેલી. કમનસીબે માસિકનું નામ યાદ નથી. એ ઘટના મને એકાએક યાદ આવી ગઈ. આ રહી :

એક મોટા અમેરિકન કોર્પોરેશનના લખપતિ વેપારી એક વખત, પોતાના ધંધાર્થે, સાઉથ-અમેરિકામાં ગયા હતા. દિવસનું કામ પતાવી સાંજે પોતાની ફાઈવ-સ્ટાર હૉટેલ ઉપર આવ્યા. દરવાને દ્વાર ખોલીને સાહેબને અંદર જવા દીધા. બારણું બંધ થાય તે પહેલાં એ અમેરિકન વેપારીએ બહાર કાંઈ ખળભળાટ સાંભળ્યો. બારણું ખોલી એ તરત બહાર આવ્યા. દરવાનને પૂછતાછ કરતાં એમને ખબર પડી કે દસ-અગિયાર વર્ષનો એક છોકરો એમના બૂટ પૉલિશ કરવા માગતો હતો. પણ દરવાને ધક્કો મારીને એને અંદર આવતો અટકાવી દીધો હતો.

'ક્યાં છે એ છોકરો?' વેપારીએ પૂછયું.

'પેલો ઊભો ....'

ઈશારો કરીને વેપારીને એ છોકરાને પાસે બોલાવ્યો. પગ લાંબો કરીને બૂટ પૉલીશ કરવા કહ્યું. છોકરો ખૂબ ઉત્સાહમાં આવી ગયો. ફાટેલી થેલીમાંથી બ્રશ કાઢ્યું. પૉલિશની ડબ્બી ખોલી. વેપારીએ જોયું કે આ છોકરાની ડબ્બીમાં પૂરતો પૉલિશ પણ નહોતો. જેમ તેમ ખોતરી ખોતરીને એ ડબ્બીમાંથી પૉલિશ કાઢતો હતો. એના બ્રશ ઉપર સરખા વાળ પણ નહોતા. મોટા ભાગના ઉખડી ગયા હતા. ફાટેલી ચડ્ડી અને બનિયન પહેરીને ઉઘાડે પગે આખો દિવસ મજૂરી કરીને આ છોકરો પેટ ભરતો હતો.

'અલ્યા, તારે નવું બ્રશ અને પૉલિશની ડબ્બીઓ જોઈએ છે?' અમેરિકન વેપારીએ પૂછ્યું.

'હા સાહેબ ...' છોકરાએ આનંદ વ્યક્ત કર્યો.

'કાલે સવારે દસ વાગે અહીં આવી જજે.' કહીને અમેરિકન અંદર હોટેલમાં ચાલ્યા ગયા.

છોકરો તો વહેલી સવારથી જ આવીને બહાર હૉટેલના દરવાજે રાહ જોતો બેઠો. સમય થતાં અમેરિકન વેપારી બહાર દેખાયા. દરવાને એમને માટે ટેક્સી તૈયાર રાખી હતી. દોડીને છોકરો ટેક્સી પાસે જઈને ઊભો રહ્યો. હસીને વેપારીએ છોકરાને અંદર આવી જવા ઈશારો કર્યો. છોકરો હરખ ઘેલો બની ગયો. જિંદગીમાં પહેલીવાર કદાચ ટેક્સીમાં બેસતો હશે.

પોતાની મિટિંગના સ્થળે પહોંચતાં પહેલાં વેપારીએ ડ્રાઈવરને સૂચના આપી કે બજારમાં જ્યાં બૂટ પૉલિશની સામગ્રી મળે એ દુકાને વચમાં ટેક્સી થોડી વાર રોકવી.

દુકાન આવી એટલે વેપારીએ છોકરાને કહ્યું ....

'જા, તું પૉલિશ અને બ્રશ લઈ લે.'

છોકરાએ મોટામાં મોટી ડબ્બી અને સારામાં સારું બ્રશ લીધું અને હાથ ઊંચો કરી અમેરિકન વેપારીને દૂરથી બતાવી એમની સંમતિ માગી. અમેરિકન વેપારીએ ઈશારાથી વધારે બ્રશ અને ડબ્બીઓ લેવા કહ્યું. છોકરાએ પાછી બે ડબ્બી ઉપાડી અને હરખઘેલા બની અમેરિકન તરફ જોયું. અમેરિકને હસીને ફરી ઈશારો કર્યો. છોકરાએ હવે દસેક ડબ્બીઓ ઉપાડી. પાંચ સાત બ્રશ લીધાં. બૂટ પૉલિશને લગતો બીજો સમાન પણ ઉપાડ્યો. આનંદનો માર્યો છોકરો અર્ધો પાગલ જેવો થઈ ગયો હતો. અમેરિકન વેપારી ટેક્સીમાંથી હસતા હસતા બહાર નીકળ્યા અને દુકાનદારને બધા પૈસા ચૂકવી દીધા. છોકરાને માથે હાથ ફેરવી હસતે મોઢે વિદાય કર્યો.

આ વાતને વીસ-પચ્ચીસ વર્ષ વીતી ગયાં. એક દિવસ એ અમેરિકન વેપારીની અમેરિકા સ્થિત કોર્પોરેટ ઑફિસ ઉપર પાંત્રીસ-સાડત્રીસ વર્ષનો એક ફાંકડો વેપારી મળવા આવ્યો. એણે ખિસ્સામાંથી એ અમેરિકન વેપારીનું વીસ વર્ષ જૂનું કાર્ડ કાઢીને સેક્રેટરી બાઈને કહ્યું કે મારે આ સાહેબને મળવું છે. કાર્ડ જોઈને સેક્રેટરીને બહુ નવાઈ લાગી. પણ એ કાંઈ બોલી નહીં. ચૂપચાપ એને અંદર આલેશાન ઑફિસમાં લઈ ગઈ. અંદર બેઠેલા સજ્જને એ જૂનું કાર્ડ હાથમાં લઈ વાંચ્યું અને જવાબ આપ્યો,

'આ સજ્જન તો વર્ષોથી નિવૃત્ત થઈ ગયા છે. હવે ઑફિસે આવતા નથી. હું એમનો દીકરો છું. હું આપની શી મદદ કરી શકું?'

'સાહેબ, મારે ગમે તેમ કરીને પાંચ મિનિટ માટે પણ એમને મળવું છે. હું સાઉથ-અમેરિકાથી આવું છું. પ્લીઝ ... મને એમની મુલાકાત કરાવી આપો .....

પછી તો વેપારીનો દીકરો આ સાઉથ અમેરિકન વેપારીને પોતાને ઘરે લઈ ગયેલો અને વૃદ્ધ પિતાની મુલાકાત કરાવી આપેલી.

મુલાકાત વખતે આ યુવાન સાઉથ અમેરિકન વેપારીએ એ વયોવૃદ્ધ અમેરિકનના હાથમાં પોતાનું કાર્ડ મુકતાં લાગણીઓથી ઉભરાતા, ગળગળા અવાજમાં પોતાની ઓળખાણ આપી.

'સાહેબ આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં આપ મને તમારી ટેક્સીમાં બેસાડીને અમારા શહેરના બજારમાં લઈ ગયેલા. મારે જોઈએ એટલી બૂટ પૉલિશની ડબ્બીઓ અને બ્રશ બહુ ઉદારતાથી આપે મને ખરીદી આપેલી. આ બધું કદાચ આપને યાદ નહીં હોય પણ તે દિવસે આપે મને ગરીબીની ખાઈમાંથી બહાર કાઢવા હાથ લંબાવ્યો હતો. એ દિવસની આપની એ મદદના દોરડાથી હું બહાર નીકળી આવ્યો છું. એ દિવસે આપે આપેલા ટેકાથી હું ગરીબીના કૂવામાંથી બહાર નીકળ્યો છું. આજે એ જ શહેરમાં મારી જોડા બનાવવાની મોટી ફેક્ટરી છે. મારી કંપનીના જોડા દેશ વિદેશમાં એક્સ્પોર્ટ થાય છે. હું ઘણા છોકરાઓને કામ આપું છું અને સાથે સાથે આપની જેમ એમને જીવનમાં આગળ વધવા માટે બધી રીતનો ટેકો કરું છું. આજે હું આપનું એ ઋણ કેવી રીતે અદા કરું?' યુવાનની આંખો ઉપકારથી છલકાઈ આવી.

વૃદ્ધ અમેરિકન લાકડીના ટેકે સોફામાંથી ઊભા થયા. યુવાનને ગાઢ આલિંગનમાં લીધો અને પોતાની સાથે જમવા ડાયનિંગ ટેબલ તરફ લઈ ગયા.

ગંગલા તરફ જોતાં જોતાં મારા મનમાં બૂટ પૉલિશ કરનારા છોકરાની ઘટના ઉછાળા મારવા લાગી ..... આ અમેરિકન વેપારીની જેમ હું આ ગંગલાની જિંદગીમાં કાંઈ ફરક લાવી શકું ખરો!? Could I make a difference in this lad's life?! અમેરિકામાં હું પણ પૈસા તો ઘણા કમાયો છું. હજુ પણ કમાઉ છું. ઈન્કમટેક્સથી બચવા જુદી જુદી સંસ્થાઓમાં દાન પણ કરું છું. પરંતુ આ ગંગલા જેવા કોઈ છોકરાની જિંદગીને મેં સીધો સ્પર્શ કદી કર્યો નથી. માતા પિતાના વ્યવસાયમાં જ ડૂબ્યો રહ્યો છું. મારી અંગત જિંદગીની બહાર ડોકિયું ય કર્યું નથી. ગરીબી માટે કામ કરતી સંસ્થાઓને ડૉનેશનના ચેક લખ્યા સિવાય મેં કંઈ કર્યું નથી. તે પણ એ સંસ્થા ઉપર ઉપકાર કરતો હોઉં એવા અહંકારથી ચેક આપ્યા છે. મહાભારતમાં એવા દાનને 'તામસિક દાન' કહ્યું છે. આજ સુધી કોઈકની જિંદગીને સીધો સ્પર્શ મેં કર્યો નથી. એવા કિસ્સા તો ઘણા વાંચ્યા છે.

અત્યારે આ ગંગલો મારી સામે 'સાત્વિક દાન'નો મોકો બનીને આવ્યો લાગે છે. એના મોઢા તરફ હું તાકી રહ્યો. બાહોશ છોકરો છે. કુદરતે એને મધુર અવાજની 'ગિફ્ટ' આપી છે. મારે કંઈક કરવું જોઈએ. I may be able to touch one life and make a difference. થોડીવાર વિચાર કરીને મેં કહ્યું.

'ગંગલા ... ચાલ ... પાંચ-દસ મિનિટ માટે તારી સાથે આવું છું. બતાવ તારું ખોરડું.' ગંગલો જબરો ઉત્તેજિત થઈ ગયો. એણે મારી નાની સૂટકેસ પોતાને માથે લઈ લીધી. અમે ચાલ્યા. ઝૂંપડપટ્ટી પાસે આવ્યા ત્યાં મારે મોઢે અને નાકે રૂમાલ દાબવો પડ્યો. ખુલ્લી ગટરોમાંથી ગંદકીની નરી વાસ આવતી હતી. આખી ઝૂંપડપટ્ટીનું વર્ણન ક્યાં કરવા બેસું? ઝૂંપડપટ્ટીથી કોઈ અજાણ્યું નથી. અને આમે ય એ વર્ણન કંઈ બહુ રૂડું ના હોય.

'આ મારું ખોરડું, સાહેબ.' એણે સૂટકેસ નીચે મૂકી. છ ફૂટ અને ચાર ફૂટની જગા હતી. એના ઉપર કંતાનનું છાપરું હતું. કટાએલા પતરાનાં ટુકડા, પૂંઠાં અથવા જે મળ્યું એનાથી દીવાલો ઊભી કરી હતી. હું તો અંદર સરખી રીતે ટટ્ટાર ઊભો પણ નહોતો રહી શકતો. એક ખૂણામાં નાનું માટલું હતું અને એક

ગોદડી હતી. બસ, બીજું કાંઈ નહીં. ખોરડામાં ઊભા ઊભા અમે વાતો કરતા હતાં ત્યાં ચૌદેક વર્ષની એક છોકરી પાણીની ડોલ ભરીને આવી. મને, ઉજળિયાત કોમના સાહેબને, ઓચિંતો અંદર ઊભેલો જોઈને એ એકદમ ડરી ગઈ. હેબતાઈ ગઈ. ઝડપથી ડોલ નીચે મૂકીને એ બાજુમાં જઈને ઊભી રહી ગઈ. આ છોકરી ઉપર પણ નરી ગરીબી દેખાતી હતી. ફાટેલાં, થીગડાં મારેલાં એનાં કપડાંમાંથી સ્પષ્ટ દેખાતું હતું કે એ હવે યૌવના બની રહી હતી.

થોડું હસીને મેં ગંગલા તરફ જોયું અને પૂછ્યું.

'આ છોકરી કોણ છે, અલ્યા?'

'એ .... એ ....' ગંગલો શરમાઈ ગયો.

મેં ફરી છોકરી તરફ જોયું. મારી નજર પડતાં એ તો બિચારી શરમથી સાવ ઓગળી ગઈ. કરોડપતિ હોય કે ભિખારી હોય .... પહેલા પ્રેમના શરમના શેરડા સરખા જ હોતા હશે એવું લાગે છે. કરોડપતિ છોકરા છોકરીઓના મોં ઉપરથી તો કદાચ શરમના આ નાજુક શેરડા પૈસાથી ધોવાઈ પણ જતા હશે.

'તારું નામ શું છે?' મેં છોકરીને પૂછ્યું.

'ગંગલી....' બોલતાં બોલતાં એણે બે હથેળીઓ વચ્ચે મોઢું દાબવા પ્રયત્ન કર્યો. એનું નામ સાંભળીને મને હસવું આવી ગયું.

'ગંગલો અને ગંગલી ....... સરસ ...'

ગંગલી ઝડપથી બહાર નીકળીને જતી રહી. મેં ગંગલા સાથે પાછી વાત શરૂ કરી.

'ગંગલા, તારો અવાજ બહુ મીઠો છે. તારે રીતસરનું સંગીત શીખવું છે?' મેં સીધો સવાલ કર્યો.

'હા સાહેબ .... પણ મને કોણ શીખવાડે!'

'હું વ્યવસ્થા કરું.'

'સાહેબ, તો તો તો ....' એ આગળ કાંઈ બોલી શક્યો નહીં. એના માન્યામાં નહોતું આવતું. એનું તકદીર જાણે આજે ખૂલી ગયું હોય એવું એને લાગતું હતું. એના મોં ઉપર ધન્યતાના ભાવ ધસી આવ્યા હતા. આનંદનો માર્યો એ ગ ... ગ .. પ .. પ .. થઈ ગયો હતો. હું ભણેલો ગણેલો મોટો 'સાહેબ' એની ઝૂંપડીમાં સાચેસાચ જીવતો જાગતો ઊભો રહ્યો છું .... અને એને સંગીત શીખવવાની વાતો કરી રહ્યો છું ... આ બધું બની રહ્યું છે એ એને કદાચ સપના જેવું લાગતું હશે.

'સાંભળ, ગંગલા. બે દિવસ પછી, રવિવારે, સવારે દસ વાગે તું મને આ સરનામે મળવા આવજે. હું લખી આપું છું. તને વાંચતાં તો આવડે છે ને?'

'હા સાહેબ. થોડું વાંચતાં લખતાં તો આવડે છે.'

મેં મારા ખિસ્સામાંથી એક કાગળનો ટુકડો કાઢી એના ઉપર મારું નામ અને મારા મિત્રનું સરનામું લખી આપ્યું. હું મારા મિત્રને ત્યાં ઉતર્યો હતો. ત્યાં કેવી રીતે અવાય એ પણ સમજાવ્યું.

'જો ... ગંગલા, હું વડોદરામાં એક જ અઠવાડિયું રહેવાનો છું. એ દરમિયાન આપણે કાંઈક કરીશું ... તને આ સોસાયટી જડશે ને?'

'હા સાહેબ, હું પૂછી પૂછીને બરાબર શોધી કાઢીશ.' એણે કાગળિયું ચડ્ડીના ખિસ્સામાં મુક્યું.

હું ત્યાંથી નીકળી ગયો.

મારી પાસેથી આજે ગંગલાને દસ રૂપિયા મળ્યા હતા એટલે એ ખુશમાં હતો. એણે એના સાંજના જમણમાં આજે ભજિયાં અને ચા સાથે અંદર જલેબી ઉમેરી અને ગંગલી સાથે બેસીને લહેરથી ખાધું.

મિત્રને ત્યાં પહોંચીને હું પણ ખુશમાં હતો. મને ઉતાવળ હતી ગંગલાની જિંદગીને સ્પર્શીને આગળ લાવવાની. કોઈકની જિંદગીને સ્પર્શીને આગળ લાવવાની. કોઈકની જિંદગીને સ્પર્શવાનો અખતરો હું કરવા માગતો હતો. સફળતા મળશે કે નહીં એ તો કોણ જાણે ! અત્યારે તો ગંગલો એ માટે મને યોગ્ય પાત્ર લાગતો હતો.

રવિવારે સવારે ગંગલો બંગલા બહાર આવેને ઊભો રહી ગયો હતો. ઝાંપો ખોલીને આવડા મોટા ભવ્ય બંગલામાં અંદર ઘૂસી આવવાની એની હિમ્મત ચાલતી નહોતી.

ઉપરની ગેલેરીમાંથી મારી નજર એના ઉપર પડી એટલે મેં એને અંદર બોલાવ્યો. કમ્પાઉન્ડમાં આવી એ પગથિયાં ઉપર ઊભો રહ્યો. મારા મિત્રને મેં એટલું કહી રાખેલું કે એક છોકરો મને મળવા આવવાનો છે. કોઈ ભિખારી છોકરો આવશે એની તો મારા મિત્રને કલ્પના પણ નહોતી!

હું નીચે આવ્યો અને એને અંદર લિવીંગ રૂમમાં લઈ બેસવા કહ્યું. સોફા ઉપર બેસતાં ગંગલો મૂંઝાતો હતો. મેં આગ્રહ કર્યો એટલે અદ્ધર અદ્ધર બેઠો. મારા મિત્રની પત્ની ચાનો મોટો કપ અને નાસ્તાથી ભરેલી મોટી ટ્રે લઈને આવ્યાં. ગંગલાનો પ્રતિભાવ-રિએક્શન-જોવામાં મને બહુ રસ પડતો હતો. ગંગલાનો ક્ષોભ, સંકોચ દૂર કરીને મેં એને ધરાઈને નાસ્તો કરાવ્યો. ઑવલ્ટીન નાખેલા દૂધનો ગ્લાસ આપ્યો. ગંગલાને કદાચ થતું હશે કે સિનેમાના પરદા ઉપર દેખાતા પૈસાદાર કુટુંબ વચ્ચે પોતે આવીને બેઠો છે. એનો નાસ્તો પત્યા પછી અમે બન્ને બહાર નીકળ્યા. મેં રીક્ષા કરી અને અમે સંગીત શિક્ષકને મળવા એમના ઘર તરફ રીક્ષા વાળી.

રીક્ષામાં અમારી વાતો શરૂ થઈ.

''ગંગલા, આપણે જેમને મળવા જઈએ છીએ એ એક ઘરડા મરાઠી સંગીત શિક્ષક છે. એ તને શીખવાડશે. મેં બધી તપાસ કરી લીધી છે. તારે મહેનત ખૂબ કરવી પડશે.'

'એમાં હું પાછો નહી પડું, સાહેબ ....'

અમારી રીક્ષા આગળ વધતી હતી. રસ્તામાં એક ઠેકાણે ફૂટપાથ ઉપર આંગળી ચીંધી ગંગલાએ મારું ધ્યાન દોર્યું.

'સાહેબ, આ જુઓ … હું પહેલાં આ ઠેકાણે, આ ફૂટપાથ ઉપર રહેતો હતો ... સાતેક વર્ષનો થયો ત્યાં સુધી.'

મેં રીક્ષા થોભાવી, ગંગલો અને હું બહાર નીકળ્યા એક બે લારીવાળાઓએ ઝાડ નીચે એમની દુકાન જમાવી હતી. એમની પાછળ થઈ અમે ફૂટપાથ ઉપર ચઢ્યા. કોઈ સરકારી કચેરીના કમ્પાઉન્ડની દીવાલ હતી. એના ઉપર નાના મોટા ખીલા મારીને કંતાનના છાપરાં બનાવેલાં હતાં. લાઈન બંધ આવાં કેટલાંક રહેઠાણો ઊભાં કરેલાં હતાં. કોઈકમાં કોઈ ટૂંટિયું વાળીને સૂતેલું હતું ... કોઈકમાં કોઈ સ્ત્રી બેઠી બેઠી કાંઈક કામ કરતી હતી. કેટલાંક રહેઠાણો આગળ ઈંટોનાં ઢેફાંથી બનાવેલા ચૂલા ઉપર કંઈક રંધાતું હતું. ગંગલાએ મને એ જગ્યા બતાવી જ્યાં બાળપણમાં એ રમતો, સૂતો અને જે મળે તે ખાતો હતો.

'અલ્યા, ઓ ગંગલા ....' મને બૂમ સંભળાઈ. બાજુમાં ભીંતને અડેલીને બેઠેલી એક ડોશીએ બૂમ પાડી હતી. 'અલ્યા બહુ દાડે દેખાયો. આજ કાલ ચ્યાં રહું છું?'

ગંગલો ડોશી પાસે ગયો.

'માશી, હું હવે રેલવે ફાટક જોડેની ઝૂંપડપટ્ટીમાં રહું છું. ત્યાં એક ખોરડું મળી ગયું છે.'

'સારું થયું, બેટા. ટાઢ તડકામાંથી બચી ગયો. ભગવાન તારું ભલુ કરે. ..' ડોશીએ બે હાથ ઊંચા કરી ગંગલાને શુભેચ્છા આપી.

અમે રીક્ષા તરફ પાછા આવ્યા.

'ગંગલા, આ તો અહીં બધા રક્તપિત્તિયા રહેતાં લાગે છે. તું એમાં કેવી રીતે આવી પડેલો?!'

'સાહેબ ....' ગંગલાનો અવાજ ગૂંગળાયો. ડૂમો ભરાઈ આવ્યો. 'સાહેબ, હું બે-ત્રણ વર્ષનો હતો ત્યારે મારા કાકા અને દાદાએ મારા બાપુજીને ઘરમાંથી પહેરેલે કપડે બહાર કાઢી મૂકેલા. અમારું આખું ઘર કડિયા કામ કરતું. મારા બાપુજી બહુ સારા કડિયા કારીગર હતા.'

'તારા બાપુને ઘરમાંથી કાઢી મૂકેલા? કેમ?!'

'એમને આ રક્તપિત્ત થયો હતો. મારાં દાદીમા બિચારાં બહુ રોકકળ કરતાં હતાં. એ મારા બાપાને બહાર કાઢી મુકવા નહોતાં માગતાં. પણ એમનું કોઈએ સાંભળ્યું નહીં. જેવી ખબર પડી કે મારા બાપુજીને રક્તપિત્ત છે એટલે તરત પહેરેલે કપડે એમને ઘરનાં બધાંએ બહાર કાઢી મૂકેલા. ઘરની બહાર નીકળતાં નીકળતાં મારા બાપુજીએ આશા ભરી નજરે અંદર ઊભેલી મારી મા તરફ જોયું. મારી માથી મારા બાપાનો દયામણો ચહેરો જોઈ શકાયો નહીં. તરત મને કેડમાં તેડી મારી મા મારા બાપા સાથે ચાલી નીકળી. મારી ઉંમર બહુ નાની હતી છતાં ઘણું

બધું યાદ છે .... ઘરની બહાર નીકળ્યા પછી હવે જવું ક્યાં? છેવટે ગામની ભાગોળે આવેલા મંદિરની પાછળની દીવાલે કંતાન લટકાવી અમે ત્યાં સુવાનું શરૂ કર્યું. ગામના ઓળખીતા પાળખીતા લોકોને ખબર પડી એટલે એ લોકો કોઈ કોઈ વખત દયા ખાઈને ... છેટા ઊભા રહીને ... અમારી થાળીમાં ખાવાનું નાખતા. સાહેબ, અમે રાતોરાત ભિખારી બની ગયાં હતાં. બાપાને તો હવે કોઈ કડિયાકામ પણ આપતું નહોતું.

એક પૂનમની વહેલી સવારે પૂજારી મંદિરની પાછળ અમારે ઝૂંપડે આવ્યા. દૂર ઊભા રહીને એમણે ધમકી આપી.

'અલ્યા, હાંભળો. આજે પૂનમના તહેવારને લીધે મંદિરમાં ઘણા મોટા મોટા લોકો આવશે. એટલે હવે અહીંથી નીકળીને ક્યાંક બીજે જતાં રહો અને ત્યાં તમારાં પાપ કર્મો ભોગવીને પૂરાં કરો ... જાવ. નહીં જાવ તો લોકોને બોલાવીને ધક્કા મારવા પડશે.'

મારાં માબાપે ત્યાંથી એમનાં બે વાસણ, કંતાનના ટુકડા અને બીજી સામગ્રી ઉપાડી. મારી માએ મને કેડમાં તેડ્યો અને ચાલવા માંડ્યું. ક્યાં જવું? કોઈ મંઝીલ તો હતી નહીં. શહેર તરફ આગળ વધ્યાં. શહેરમાં અમારા જેવા તરછોડાયેલા નિરાધાર લોકો ક્યાંક પડ્યા હોય છે એટલી ખબર હતી. અમે પણ ત્યાં સમાઈ જઈશું. બસ ... ત્યારથી અમે ત્રણે જણાએ આ ફૂટપાથ ઉપર ધામા નાખેલાં ... મારા બાપા રક્તપિત્તથી ખવાઈ ગયેલી આંગળીઓવાળા એમના હાથ લાંબા કરીને ભીખ માંગતા અને અમારું પેટ ભરતા.' ગંગલાને ડૂમો ભરાઈ આવ્યો. મેં એના ખભે હાથ મૂક્યો. 'સાહેબ, એક રાતે રીક્ષાની હળફેટમાં આવી જતાં મારા બાપા ત્યાં જ મરી ગયા. એમની લાશનું શું થયું એ પણ મારી માને ખબર નહોતી. હું તો બહુ જ નાનો હતો ...'

ગંગલાની જિંદગીનું ઢાંકણું જરાક ઊંચું થતાં અંદરથી આટલી ધગધગતી વરાળ નીકળશે એની મને ખબર નહોતી.

'તારી મા ...'

'મારી મા ક્યાં છે ... શું છે ... એની મને કાંઈ ખબર નથી. પણ એ બહુ વહાલી મા હતી એટલી મને ખબર છે. મારા બાપુના મરી ગયા પછી મારી મા રોજ રાત્રે બહાર જતી. મને બાજુના ઝૂંપડાવાળાને સોંપીને એ ક્યાંક જતી. એક રીક્ષાવાળો આવીને રોજ એને લઈ જતો. બેત્રણ કલાકે રીક્ષામાં પાછી આવતી ત્યારે મારા માટે સારાં સારાં ખાવાનાં પડીકાં લઈને આવતી. હવે મને સમજાય છે કે રોજ રાત્રે ક્યાં જતી હશે અને શું કરતી હશે ... લાચાર અભાગી સ્ત્રી હતી ....પણ વહાલથી ભરેલી મા હતી. એક રાત્રે તો એ પાછી આવી જ નહીં. હું મારા ખાવાના પડીકાની વાટ જોતો, ભૂખ્યો અને રડતો ફૂટપાથ ઉપર બેસી રહ્યો હતો. રડતો રડતો ક્યારે ઊંઘી ગયો હોઈશ તે પણ ખબર નથી. સવારે ઊઠ્યો ત્યારે એકલો હતો ..... અનાથ હતો .... એ રાત પછી મારી મા કદી પાછી આવી જ નહીં .... સહેજ સમજણો થયો ત્યારે કાને અફવાઓ આવવા લાગી કે એ તો મરી ગઈ છે ... કોઈ કહે છે કે પેલા રીક્ષાવાળા સાથે ભાગી ગઈ છે .. કોઈ કહે છે કે પોલિસવાળાઓએ એને જેલામાં પૂરી દીધી છે .... કોઈ વળી કહે છે કે એનું ખૂન કરી નાખવામાં આવ્યું છે ... ગુંડાઓએ એને જબરજસ્તીથી પકડીને ક્યાંક પૂરી રાખી છે. કંઈ ખબર નથી. સાહેબ, આ શહેરમાં મારા બાપા જેવા કેટલા ય રોજ મરે છે. અને મારી મા જેવી કેટલી ય સ્ત્રીઓ ગાયબ થઈ જાય છે. કોઈને કશી પડી નથી. હું ... એકલો અટૂલો ... ગરીબ ... ભિખારી ... મારી માને ક્યાં અને કેવી રીતે શોધું? મારું કોણ સાંભળે ...' ગંગલો ધ્રુસકે ચઢી ગયો.

ગંગલાની આ કહાનીથી હું હચમચી ગયો. મેં એના ખભા ઉપર હાથ મૂકી આશ્વાસન આપવા માંડ્યું. સ્વચ્છતાના અભાવે, એનાં કપડાં અને તેના શરીરમાંથી ખૂબ વાસ આવતી હતી. પણ હું મારી સૂગ ગળી ગયો. આ સૂગની ક્ષણ નહોતી. છુંદાઈને ક્યાંય ફેંકાઈ ગયેલા નાનકડા હૈયાને હાથમાં લઈ એમાં જીવ રેડીને અંદર ચેતન લાવવાની ઘડી હતી. ચાલુ રીક્ષાએ મેં એને મારી પાસે લીધો. એ શાંત પડ્યો.

ગંગલાનું મન જરા બહેલાય એટલા માટે જે કામ મોડેથી કરવાનું હતું તે મેં પહેલાં કર્યું ... હું એને એક રેડીમેડ કપડાંની દુકાનમાં લઈ ગયો. ત્યાંથી એના માપના બે ઝભ્ભા, લેંઘા અને થોડાં અંડર-વેર અપાવ્યાં. એક જોડ ચંપલ લીધાં. ગંગલી માટે પણ કપડાંની થોડી ખરીદી કરી. ખરીદી કરીને અમે દુકાનમાંથી બહાર પડ્યા. બે હજાર જેટલા રૂપિયા મેં ખર્ચી નાખ્યા હતા. કેટલા ડૉલર ...! મારે માટે શું મોટી વાત હતી! પણ એ ડૉલરની સામે અત્યારે ગંગલાના ઉમંગની, એના આનંદની, એના સપનાંની કોઈ કિંમત આંકી શકાય એમ નહોતું!

ત્યારા પછી બીજાં બેત્રણ સ્થળે હું એને મારી સાથે જ લઈને ફર્યો. સાંજના પાંચેક વાગી ગયા હતા. ગરમીમાં હું કંટાળી ગયો હતો.

'ગંગલા, હવે આપણે પાછા ઘેર જઈએ. કાલે પાછો તું બંગલા ઉપર આવી જજે. ચોખ્ખાં નવાં કપડાં પહેરીને આવજે. લવાય તો ગંગલીને પણ લાવજે. હવે તારા રહેવાની વ્યવસ્થા મારે તને સમજાવવાની છે. ચાલ બેસી જા. હું તને સ્ટેશન ઉપર ઉતારી દઉં ...' અમે એક રીક્ષા ઊભી રાખી.

સ્ટેશન આવ્યું એટલે ગંગલો રીક્ષામાંથી ઊતરી ગયો. નવાં કપડાંનું બંડલ લઈને ચાલતા જતા એના પગનો થનગનાટ મને દૂરથી પણ સંભળાતો હતો. એની એ ઉત્તેજના જોઈને મને વળી ઓર મઝા આવતી હતી. હું કાંઈ ફળની આશા રાખ્યા વિના કર્મ નહોતો કરી રહ્યો, એ બધી તો ગીતાની વાતો છે.

એ રાત્રે, અમેરિકામાં ઘરે બધું કેમ છે એ જાણવા, મેં મારે પત્નીને અમેરિકા ફોન કર્યો. કામની વાત પત્યા પછી મેં સહજ ગંગલાનો ઉલ્લેખ કર્યો.

'હવે એવા તો કેટલા ય ગાનારા ગંગલા ઈન્ડિયામાં પડ્યા છે. તમે કેટલાકનું કરતા ફરશો ..' આ જ રીતનો કાંઈક જવાબ મળશે એની મને ખબર હતી. મેં તરત વિષય બદલી નાખ્યો અને બધું હેમખેમ છે એ જાણી લઈને ફોન બંધ કર્યો.

બીજા દિવસે ગંગલો પાછો આવી ગયો. આજે એ નવાં કપડાં પહેરીને વટમાં આવ્યો હતો. પણ માથામાં વધારે પડતું તેલ નાખેલું હતું.

વડોદરાની એક સોસાયટીમાં મારા નાનાભાઈનો બે બેડરૂમનો નાનો બંગલો હતો. અવડ પડ્યો રહેતો.. લોકો બહારથી પાણીના નળ પણ ચોરી જતી. ખૂબ ભાંગફોડ થયા કરતી હતી. ત્યાં હું ગંગલાને લઈ ગયો.

'ગંગલા, આ બંગલાના એક રૂમમાં તારે રહેવાનું. બંગલાની સ્વચ્છતા અને દેખરેખ રાખવાની. બોલ ... ફાવશે? તારી સાથે ગંગલી રહેવા આવે તો પણ મને વાંધો નથી.'

'હા સાહેબ, ફાવશે. બરાબર સ્વચ્છ રાખીશ. બધા પડોશીઓની જેમ જ રહીશું. કોઈની ફરિયાદ નહીં આવે, સાહેબ .... હું ખરાબ છોકરો નથી, સાહેબ ... મારે કોઈ લુચ્ચા લફંગા દોસ્તારો નથી ... ગંગલી પણ બહુ મહેનતુ છે.' બોલતાં બોલતં એ ઢીલો થઈ ગયો. ઝૂંપડામાંથી રાતોરાત બંગલામાં! આ બધું એકાએક જે બની રહ્યું છે એ એને હજુ પણ જાણે સાચું નહોતું લાગતું. કોઈ સપના જેવું લાગતું હતું.

'ગંગલા, પણ આ ગંગલી છે કોણ? તું એને ક્યાં અને કેવી રીતે મળ્યો? એનાં માબાપ છે?'

'સાહેબ, એ પણ મારા જેવી જ ભટકતી અનાથ છોકરી છે. એક દિવસ સાંજે ગાડીમાંથી ઊતરી હું મારા ખોરડે જતો હતો. પાટા ઓળંગવાના પૂલ ઉપર ચઢ્યો. એ પૂલ ઉપર ખૂણામાં લપાઈને પડી હતી. ભૂખી તરસી ચૂપચાપ રડતી હતી. એના ઉપર મારી નજર પડી. એની પાસે જઈને મેં એને સરખી રીતે બેઠી કરી. સાહેબ, લોકો પૈસા ખર્ચીને ફિલમમાં આ રીતનાં ભિખારીઓના સીન જોવા જાય છે. ફિલમમાં બધું જોઈને લોકો રડે છે. પણ રોજ એમની આંખ આગળ બનતું હોય છે તે નથી જોતા. ઘેર જઈને ખાવા માટે મેં મારા માટે પ્લેટફોર્મ ઉપરથી શાક-પૂરીનું પડીકું ખરીદેલું હતું એ એની સામે મૂક્યું. એ તો એના ઉપર તૂટી પડી. ખૂબ જ ભૂખી હશે. એણે ધાર્યું હોત તો એ બધું જ ખાઈ ગઈ હોત. પણ થોડું ખાધા પછી બાકીનું મને ખવરાવવા એણે ખૂબ આગ્રહ કર્યો. પછી તો અમે સાથે જ ખાધું. ખાઈ લીધા પછી હું મારા ખોરડે જવા ઊભો થયો. પુલનાં પગથિયાં ઉતરતાં પહેલાં મેં પાછું વળીને એના તરફ જોયું. એ પણ મારા તરફ જોઈ રહી હતી. એની આંખો જાણે મને પૂછતી હતી 'હું તારી સાથે આવું?' મારે જવા માટે કોઈ જગા નથી.' મેં હાથથી એને ઈશારો કર્યો 'ચાલ

આવી જા.' એ દોડતી આવી. બસ સાહેબ, તે દિવસથી એ મારી સાથે રહે છે. મને એની હૂંફ છે. એને મારી હૂંફ છે. એને મારા વગર ગમતું નથી. મને એના વગર ગમતું નથી. હું એની કાળજી રાખું છું અને એ મારી કાળજી રાખે છે. પછી મેં એનું નામ ગંગલી રાખી દીધું ... બસ ...'

ગંગલાની વાત સાંભળીને મને મનમાં બહુ હસવું આવ્યું. હું તો સુક્કોસટ, ઠંડો વેપારી છું. બાકી કોઈ કવિ આ વાત સાંભળે તો પ્રેમની કવિતા લખી નાખે. ગરીબીમાં ખીલી રહેલી નાનકડી પ્રેમ કહાની!

પછી ......

એક મોટી લક્ઝરી હૉટેલમાં હું ગંગલાને લઈ ગયો.

'ગંગલા ... ચાલ, આ હોટેલમાં થોડું ખાઈએ. તને ભૂખ લાગી હશે.'

હું પોતે તો કદી હોટેલ રેસ્ટોરાંમાં બહાર ખાતો નથી પણ મારે ગંગલાને જુદી દુનિયા ધીમે ધીમે બતાવવી હતી. હોટેલમાં પ્રવેશતાં અને ત્યાં જમતાં એના મોં પરના હાવભાવ મારે જોવા હતા અને એના આ આશ્ચર્યનો આનંદ લેવો હતો. અમે અંદર ગયા. ગંગલાને મારી સાથે જોઈને વેઈટરો એક વિચિત્ર નજર અમારા ઉપર નાખતા હતા. મને એની કાંઈ પડી નહોતી. એમને તો ટીપ મળે એટલે સલામ ભરે. અને ટીપ તો મારી પાસે ઘણી હતી. બરાબર સજાવેલા એક ટેબલ ઉપર જઈને અમે બેઠા. ગંગલાને મેં ધરાઈને લક્ઝરી હોટેલનો અનુભવ કરાવ્યો ... જમાડ્યો. અલબત્ત, આ હોટેલ કાંઈ અમેરિકાની હિલ્ટન કે મેરીઆટ જેવી આલીશાન તો નહોતી.

હોટેલમાંથી નીકળીને પાછી રીક્ષા કરીને અમે ગુરુજીને ઘેર પહોંચ્યા.

'ગુરુજી, મેં ફોન ઉપર વાત કરી હતી, તે આ ગંગારામ.' મેં ગંગલાનું નામ થોડું સુધાર્યું. 'મારી હાજરીમાં આપ એને થોડો સાંભળી લો તો સારું.'

ગુરુજીએ હારમોનિયમ ખેંચ્યું. પોતે સારેગમ બોલ્યા.

'આ સારેગમ બોલ જોઈએ ...' ગુરુજીએ ગંગલાને કહ્યું. તરત જ ગંગલાએ આબેહૂબ એ જ સૂર પોતાના ગળામાંથી કાઢ્યા. ગંગલાનો અવાજ સાંભળીને ગુરુજી અવાક્ બની ગયા.

'ભાઈ, આ છોકરાનું ગળું બહુ તૈયાર છે. જલદી શીખશે ...' ગુરુજીએ બહુ આનંદ વ્યક્ત કર્યો.

'ક્યારથી શરૂ કરશો? એ આપની પાસે રોજ તાલીમ લેવા આવશે.'

મેં ગંગલાને ગુરુજીના ચરણસ્પર્શ કરવા કહ્યું. પછી એમની રજા લઈ અમે બહાર નીકળ્યા. મોટા રસ્તા ઉપર આવી અમે એક ગુલમહોરના ઝાડ નીચે આવી ઊભા રહ્યા.

'ગંગલા, સાંભળ, હવે તારું બધું બરાબર ગોઠવાઈ ગયું છે. બે ત્રણ દિવસમાં મારે પાછું જવાનું છે.'

'મુંબઈ પાછા જવાના? હું તમને ત્યાં મળવા આવીશ. મારે તો ટિકિટ પણ લેવી નથી પડતી.'

'ના ... ગંગલા હવે તારે ગાડીઓમાં રખડવાનું નથી. ભૂલી ગયો? હવે તો તારે તારા સંગીત શિક્ષણ ઉપર ધ્યાન આપવાનું છે અને હું મુંબઈ નથી રહેતો.'

'તો ...? ક્યાં રહો છો?'

'હું બહુ દૂર રહું છું. અમેરિકા ...' ગંગલાના મોઢા ઉપર ગૂંચવાડો દેખાયો. એને અમેરિકા વિષે કાંઈ ખ્યાલ આવ્યો નહીં.

'ગંગલા, જો બરાબર સાંભળ. સંગીત શીખવાની તારી ફીના પૈસા અને તારા તથા ગંગલીના ભરણ પોષણના પૈસા દર મહિને તને મળી જાય એવી વ્યવસ્થા પણ મેં કરી છે. હવે તારે મહેનત કરીને સંગીત શિખવાનું છે. કશી ચિંતા તારે માથે નથી. બોલ બરાબર સંગીત શીખીશ ને? મને નિરાશ નહી કરું ને?'

'ના, સાહેબ ...' ગંગલો રડી પડ્યો. મેં પીઠ પંપાળી. એની જિંદગીમાં એકાએક આ બધું શું .. કેવી રીતે ... અને કેમ બની રહ્યું છે એ એની સમજમાં નહોતું આવતું. પણ એ ખૂબ આનંદમાં હતો.

'ગંગલા, મને પણ મારી નાની ઉંમરમાં એક બહેને આ જ રીતે થોડી મદદ કરીને ટેકો કર્યો હતો. એમની એ મદદ પછી તો હું મારી મહેનતથી ક્યાંનો ક્યાં આગળ વધી ગયો. તું પણ સંગીતનો મોટો ઉસ્તાદ થા, મોટો પંડિત બન એવા મારા આશીર્વાદ છે ... લે આ થોડા પૈસા. પેલા ઘરમાં રહેવા માટે તારે માટલું, સગડી, શેતરંજી ... એવું બધું લાવવું પડશે ને!' મેં એના હાથમાં પાંચસો રૂપિયા મૂક્યા. આટલા બધા રૂપિયા! એને વિશ્વાસ બેસતો નહોતો.

'ગંગલા, હવે તું જા. મારે એક બે કામ શહેરમાં પતાવવાં છે એ પતાવીને હું પણ જઈશ. પછી હું તને અવાર નવાર કાગળ લખીશ.'

ગંગલો મારા તરફ તાકી રહ્યો. એના મોઢા ઉપર મને જબરો ભય દેખાયો. હાથમાં આવેલું આ આખું સપનું પાછું છીનવાઈ તો નહીં જાય ને! એવો ફફડાટ એના મોં ઉપર મને દેખાયો. હાથમાંના પૈસા જાણે એ મને પાછા આપવા માંડ્યો.

''સાહેબ ...' એનો અવાજ ધ્રૂજતો હતો. 'મને તો વાંચતાં લખતાં એટલું બધું આવડતું નથી. તમારો કાગળ હું કેવી રીતે વાંચીશ? તમને જવાબ લખીને આ બધો હિસાબ કેવી રીતે લખી મોકલીશ? ગંગલીને પણ કશું નથી આવડતું. અમે બંને સરખાં જ છીએ ... સાહેબ ...'

મે મારું હસવું દબાવી રાખ્યું.

'એમાં આટલું બધું ગભરાવાની શી જરૂર છે, ગાંડા? વાંચતાં લખતાં પણ થોડું થોડું શીખી લેવાનું. એમાં શું મોટી વાત છે? જે બંગલામાં તું રહેવા જવાનો છું ને, એ જ સોસાયટીમાં એક દાદા રહે છે. બહુ ભલા છે. એ પણ એકલા જ છે. હું એમને વાત કરીશ. એ તને થોડું થોડું વાંચતાં લખતાં શીખવે એવું કહીશ. તું પણ એમનું ધ્યાન રાખજે. એ તને બહુ સરસ રીતે વાંચતાં લખતાં શીખવશે. થોડું થોડું અંગ્રેજી પણ. ગંગલા, મહેનત કરીએ તો બધું જ થાય ... અને તું હવે મહેનત કરવા તૈયાર છું ... બરાબર?'

એણે હકારાત્મક ડોકું ધુણાવ્યું. વાંચવા લખવાના અભાવે એનું સપનું હું પાછું ઝૂંટવી લેવાનો નથી એની એને ખાતરી થઈ. એ થોડું મલક્યો.

'ચાલ ... જા ... હવે ભાગ અહીંથી ...' મેં એને ધબ્બો માર્યો.

ગગનમાં ઉડતો હોય એવો નિરાંતનો શ્વાસ લઈ, મને પગે લાગી, એ ત્યાંથી નીકળી ગયો.

એના ગયા પછી મારું અમેરિકન ભેજું હિસાબ કરવા લાગી ગયું ... આ છોકરા પાછળ વરસે દિવસે થોડા અમેરિકન ડૉલર ખર્ચવા પડે તો પણ લેખે લાગે એમ છે. રોકેલી રકમ ઊગી નીકળશે ... investment of a few lousy bucks in two beautiful young lives! Not a bad deal at all! Let's wait for the return. ચારેક વરસ સુધી ખર્ચ ઉઠાવવો પડે તો ય શું?

હું અમેરિકા આવી ગયો. યથાવત મારા કામમાં ... બિઝનેસ વધારવામાં ... પૈસા કમાવામાં પાછો લાગી ગયો. એકાદ વર્ષ વીત્યું.

ઇન્ડિયામાં મેં ખરીદેલા human stocks કેવું કરી રહ્યા છે એ જાણવા હું કોઈ કોઈ વાર સંગીત શિક્ષકને ફોન કરતો હતો.

'ભાઈ, છોકરો બહુ મહેનતુ છે. એક વરસમાં તો બહુ આગળ વધી ગયો છે. ઘરે અભ્યાસ કરવા માટે મેં એને મારો જૂનો તાનપૂરો આપ્યો છે. બીજા એકાદ બે વરસ પછી તો એને કોઈ મોટા નામી પંડિત કે ઉસ્તાદ પાસે મોકલવો પડશે ...' ગુરુજી બોલ્યા.

આ રિપોર્ટ સાંભળીને હું ખૂબ ખુશ થયો.

'આપ મને એની એક ટેપ કરીને મોકલી શકશો?'

'જરૂર ... પણ, ભાઈ, એક ખરાબ સમાચાર છે.'

'શું બન્યું છે?' હું થોડો ગભરાયો.

'ભાઈ, ગંગલો જે બંગલામાં રહે છે ત્યાં સોસાયટીના કેટલાક લોકો બહુ ધમકીઓ આપીને એને હેરાન કરે છે. ગંગલો કોઈ છોકરી સાથે રહે છે તે લોકો સહન કરતા નથી.'

મેં મારા કપાળે હાથ કુટ્યો.

'સારું ગુરુજી. હું એ સંભાળી લઈશ. તમે મને એની ટેપ મોકલી આપો.'

મહિના પછી ટેપ આવી. બહુ ઉત્સુકતાથી મેં ટેપ મારા સ્ટીરિયોમાં મૂકી. તાનપૂરાના ઘનઘનાટ સાથે ગંગલાનો અવાજ સાંભળતાં જ મારાં રૂવાડાં ઝણઝણી ઊઠ્યાં. ગંગલો હવે Professional singer – 'પંડિત ગંગારામ' બની જશે. રેલવેના ડબ્બામાં ગાતા ભિખારી ગંગલાના જીવનનો નવો વળાંક.

ઇન્ડિયાથી આવતા કલાકારો અમેરિકામાં આવીને નામ તથા દામ કમાઈ જાય છે. ગંગલાને પણ હવે 'કલાકાર' તરીકે પ્રમોટ કરવા મેં ખટપટ કરીને એને વિઝિટર તરીકે બોલાવ્યો.

મારા ઘરમાં જ એનો પહેલો કાર્યક્રમ ગોઠવ્યો. મારી ઑફિસમાંથી ત્રણ ચાર ગોરાં છોકરા-છોકરીઓ પણ એને સાંભળવા આવેલાં. એ રાત્રે ગંગલાએ ગાવા ઉપરાંત અદ્‌ભુત રીતે સારંગી પણ વગાડેલી. એના સારંગી વાદન ઉપર ગોરાં છોકરા-છોકરીઓ અત્યંત મંત્રમુગ્ધ થઈ ગયેલાં. રાતના કાર્યક્રમ પછી મને એક વાતનો પૂરો સંતોષ થયો … મારી રોકેલી મૂડીનો નફો ધારવા કરતાં મને ઘણે … ઘણો … વધારે મળી ગયો. રસ્તા ઉપર સડતી એક જુવાન જિંદગીને ઉઠાવી એને ઊંચે લાવી શકવાનો પરમ સંતોષ મેં અનુભવ્યો. I have touched one life ….

નક્કી કર્યા પ્રમાણે બીજા દિવસે સવારે દસ વાગે એક ગોરી છોકરી ગંગલાને ડિઝની લેન્ડ લઈ જવા આવીને ઊભી રહી. ગંગલો પણ આ છોકરીની આતુરતાથી રાહ જોતો હતો. ગંગલાની આંખોમાં મને વિકાર દેખાતો હતો. પહેલી વાર ગંગલો ગોરી છોકરીના નિકટ સંપર્કમાં આવવાનો હતો. એ છોકરી સાથે આખો દિવસ ગાળવાનો હતો.

મારી ફરજ સમજીને મેં ગંગલાને ટકોર કરી.

'ગંગલા, અમેરિકાની જાહોજહાલી અને રૂપરંગ બહુ સુંદર છે. એનાથી લોભાઈને આંધળાની જેમ ક્યાં ય લપસી ના જતો. ઇન્ડિયામાં તારી રાહ જોતી ગંગલીની ભક્તિ અને એનો પ્રેમ ભૂલી ના જતો.'

મારી ટકોર સમજીને ગયો હોય એમ ગંગલો નીચા મોઢે છોકરીની ગાડીમાં બેઠો.

સ્કૉટ નીસનની માનવતાનો પરિચય ક્યારેક લખીને સૌને મોકલીશ.

e.mail : gunjan_gujarati@yahoo.com

•••••••••••

(2)

# 'હેવન' ફોર એ રીઝન

**• વલ્લભ નાંઢા**

ટોની અને રોઝ એકના વિના બીજું રહી ન શકે એટલો પ્યાર કરતા હતાં. જૉબ મળી જાય કે તરત મૅરેજ કરી લેવાના એકબીજાંએ એકબીજાંને કોલ પણ આપી દીધા હતા.

જૉબની તલાશ કરતાં રોઝને પોતાના ઘરની પાસે આવેલી એક ચૅરિટીશોપમાં ટેમ્પરરી જૉબ મળી ગઈ. અને એકાદ મહિના પછી ટોની પણ સોફ્ટવૅરની એક કંપનીમાં મદદનીશ લાઈન સુપરવાઇઝર તરીકે કામ પર જોડાઈ ગયો. અને એ પછી બંને સેંટ ગેબ્રેયલ પેરિશ ચર્ચમાં સાદાઈથી લગ્ન કરી એકબીજાંના જીવનભરના સાથી બની ગયાં, ત્યારે બંને કહેવા લાગ્યાં 'ધિસ ઇઝ હેવન!'

સ્વર્ગ જાણે એમની મુઠ્ઠીમાં આવી સમાયું હતું. એમના આનંદની અવધિ નહોતી રહી.

એક વરસમાં તો રોઝ માતા બની, અને બીજા વરસે તેના ઉદરમાં ટોનીનું બીજું બાળક આકાર ધારણ કરી રહ્યું હતું, એ જ વખતે ટોનીની કંપની ફડચામાં જતાં તેની નોકરી છૂટી ગઈ. ટોનીએ બીજી નોકરીની તલાશ આદરી. ખૂબ ફાંફાં માર્યા પણ નોકરી હાથતાળી મારતી રહી. મનવાંચ્છિત નોકરી ના મળતાં હતાશ થઈને ટોની કૅડેટ તરીકે બ્રિટિશ આર્મીફોર્સમાં ભરતી થઈ ગયો.

આર્મીમાં જોડાયા પછી બે ત્રણ મહિના સુધી ચાલી ટેરિટોરીઅલ ટ્રેનિંગ. દિવસો સુધી, તો ક્યારેક મહિનાઓ સુધી તેને પોતાના શહેર ને રોઝથી દૂર રહેવું પડતું. ક્યારેક સ્કૉટલેન્ડ બાજુ, તો કોઇ વાર આયર્લેંડ તરફ; કોઈ વારા ઈંગ્લેંન્ડના દક્ષિણ છેડે, તો કોઈ વાર ઉત્તરની દિશામાં ટ્રેનિંગ કૅમ્પ્સમાં તાલીમ મેળવવા માટે દોડતા રહેવું પડતું.

તાલીમ પૂરી થઈ જતાં સેકન્ડ રૉયલ ટૅંક રેજિમૅંટમાં, સેકન્ડ લેફ્ટેનન્ટ તરીકે તેની નિમણૂક થઈ. આ હોદ્દો લીધા પછી ટોની ચાર છ મહિને માંડ એકાદ વાર રોઝનો ચહેરો જોવા પામતો. એક વાર તો એને છેક ફૉક્લેન્ડ સુધી જવું પડેલું ને ત્યાંથી પાછો ફર્યો ત્યાં એક દિવસ રેજિમેન્ટના હેડક્વાર્ટર્સમાંથી બ્રિગેડિયરનો લાઇટનિંગ કોલ આવ્યો ને તેને તાબડતોબ અફઘાનિસ્તાન ઊડવું પડેલું.

અને હવે છેલ્લા ચાર મહિનાથી એ અફઘાનિસ્તાનના મોરચે રહી તાલીબાનો સામે જંગ લડી રહ્યો હતો.

***

રોઝ અને ટોની વચ્ચે હજારો માઇલોની ભૌતિક દૂરી હોવા છતાં, બંનેનો પ્યાર આ દિવસોમાં સેન્સર થયેલા એસએમએસ મેસેજિસ અને મોબાઈલ ફોન દ્વારા ધબકતો રહ્યો હતો. અને અત્યારે મોબાઈલ જ એક એવો આધાર હતો કે જે બંનેને એકબીજા સાથે જોડી રાખતો હતો.

એવામાં એક દિવસ અચાનક રેજિમૅન્ટની છાવણીમાંથી સમાચાર આવ્યા - તાલીબાનો સાથેની ઝપાઝપીમાં ટોનીનું મૃત્યુ થઈ ગયું હતું. કારમો ઝટકો દેનારા આ સમાચાર સાંભળીને રોઝ આઘાતથી વેરાઈને કટકે કટકા થઈ ગઈ! તેને પૈસાની તંગી તો હતી જ, એમાં પાછું એના પેટે ટોનીનું બીજું બાળક આવવાનું હતું. નાની મોટી આફતોનો તો એ સામનો કરી શકે એમ હતી. પરંતુ આ બાળકોને ઉછેરવાં, ભણાવવાં, અને જીવનમાં સ્થિર કરવા માટેની જવાબદારી પતિના સાથ વિના ઉઠાવવી તેને માટે વસમી હતી.

રોઝ અત્યારે એના જીવનના એક અત્યંત વિષમ તબક્કામાંથી પસાર થઈ રહી હતી ત્યાં એના જીવનમાં પ્રવેશ કર્યો ટોનીના બેસ્ટ ફ્રેન્ડ કેનેથે ! ટોની, કેનેથ અને રોઝ સ્કૂલના સમયના ફ્રૅન્ડઝ હતાં. ટોની સાથે પ્યાર થયો તેની પહેલાં, બહુ પહેલાં, કેનેથ રોઝનો બોયફ્રેન્ડ હતો. કેનેથની મહેચ્છા સિવિલ પાયલોટ બનવાની હતી. પગની નાનકડી એક ખોટને કારણે તેનું એ સ્વપ્ન ચૂરચૂર થઈને અધૂરું રહી ગયું હતું.

સ્કૂલ પૂરી કર્યા બાદ ત્રણે કૉલેજમાં ભણવા ગયેલાં અને ટોની અને રોઝ જેમ જેમ વધુ નજીક આવતાં ગયાં તેમ તેમ કેનેથનો સંપર્ક છૂટી ગયો હતો. કૉલેજ પછી કેનેથે એક શાળામાં શિક્ષકની નોકરી લઈ લીધી હતી.

***

એક રવિવારે ચર્ચમાં પ્રેયર્સ બાદ રોઝ કેનેથને મળી તે વખતે તેણે સામાન્ય સમાચારની આપલે પછી ટોનીના મૃત્યુના સમાચાર આપ્યા. અને કેનેથે સહાનુભૂતિ દર્શાવી. જ્યારે રોઝે બેબીબોયને જન્મ આપ્યો ત્યારે કેનેથ હાજર રહેલો અને એ બાળક જાણે પોતાનું જ હોય એવી ખુશી વ્યક્ત કરી હતી.

પછી તો રોઝનાં બાળકોને પિતાની ખોટ ના જણાય, તેમ જ રોઝ પતિના વિયોગના દુઃખમાંથી ઝટ બહાર આવી જાય તેવી ઉષ્માથી તે પેશ આવતો. ફુરસદનો મોટા ભાગનો સમય તે રોઝ અને બાળકો સાથે જ વિતાવતો હતો. કેનેથ બધાં માટે રોજ કંઈને કંઈ લાવતો અને બધાંને ખુશ રાખતો.

એક દિવસ રોઝે કેનેથને પૂછી લીધેલું: 'કેનેથ, ક્યાં સુધી તારા ઉપકારોનો બોજ તું મારા પર લાદતો રહીશ?'

'જ્યાં સુધી તું કોઈ જીવનસાથી જોડે લગ્ન નહીં કરી લે ત્યાં સુધી. તું અને તારાં આ બાળકોનું ભાવિ સ્થિર થાય નહીં ત્યાં સુધી.'

'ને હું કદી ન પરણું તો?'

કેનેથે કાંઈ કહ્યું નહીં. આંખો મીંચી તેણે રોઝનો હાથ સહેજ દબાવ્યો.

'કેનેથ યુ આર ચિટિંગ યોર્સેલ્ફ.' રોઝે જણાવ્યું. કેનેથ તેનો હાથ છોડી બારી પાસે જતો રહ્યો.

રોઝને ખબર હતી કે કેનેથને તેના માટે પ્રેમ છે. સ્કૂલમાં ઘણી છોકરીઓ કેનેથની પાછળ ગાંડી બનેલી, પણ કેનેથ કાયમ રોઝને વફાદાર રહેલો. ત્યાં પેલો અકસ્માત થયો અને બધી છોકરીઓ નાસી ગયેલી. જેમ કે રોઝ પોતે. અપંગ પ્રેમીનો કોઈને ખપ નહોતો. રોઝ ટોનીને પરણી અને ટૂંક સમય પછી, ટોની વતન માટે શહીદ થયો. કેનેથ ફરી રોઝના જીવનમાં પ્રવેશ્યો. બોયફ્રેન્ડ તરીકે નહીં, ફ્રેન્ડ તરીકે.

રોઝને ગળે ડૂમો ભરાઈ આવ્યો. પોતે કેટલી સ્વાર્થી નીવડેલી ને કેનેથ કેટલો ઉદાર. ખરેખર તો પરિસ્થિતિમાં મોટો ફરક પડી ગયો હતો. રોઝના મનમાંથી ટોનીની યાદ હજી ભુંસાઈ નહોતી. ટોની સાથેનો અનુરાગ વીસારી શકાયો નહોતો. તેના દિલમાં ટોની હજી આસન જમાવીને બેઠો હતો. એથી જ સીધી રીતે એ કેનેથની લાગણીઓનો સ્વીકાર કરી શકતી નહિ.

પણ ટોનીના મૃત્યુને હવે એક વરસ થવા આવેલું. રોઝનું ડોકું કોઈ ગેબી દોરીથી ખેંચાઈને કેનેથના ડોકા પાસે ગયું. રોઝે કેનેથના બે ગાલે હાથ મૂકીને ઝનૂનથી કેનેથને ચુંબન કર્યું. ક્ષણભર ધરતી ડોલી ઊઠી, કેનેથે ભીંસપૂર્વક રોઝનું બદન મસળ્યું. રોઝે કેનેથના સાથળ ઉપર હાથ મૂક્યો. ફરી ધરતી ધ્રૂજી. પણ કેનેથે વિનયથી તેનો હાથ દૂર કર્યો. કશું બોલ્યા વિના તે ઘરની બહાર નીકળી ગયો. રોઝ ભોંઠપથી, લજ્જાથી ને સળગતી વાસનાથી આખી રાત રડતી રહી. રોઝને સખ્ખત ભોંઠપ લાગતી હતી. તેને 'ઉપલબ્ધ' માનીને ઘણા પુરુષો તેની પાસે આવવાનાં બહાનાં શોધતા. અને આ તરફ કેનેથ ભદ્રતાની અવધિ હોય તેમ કાયમ વિનયથી તેની પાસે હોય તો પણ 'અકસ્માત' તેને અડકવાના ચાળા કદી ન કરતો. પોતાની નાનીસૂની કમાણીમાંથી બાળકો માટે રમકડાં ને ગિફ્ટો લાવતો. ઘરમાં જે કાંઈ ભાંગેતૂટે તેને સમારી આપતો. અને બદલામાં સામાન્ય આલિંગન પણ નહીં! રોઝને થયા કરતું કે કદાચ હવે પોતે સ્કૂલમાં હતી એટલી આકર્ષક રહી નથી. અને એટલે ... રોઝને ક્રોધ થતો હતો કે એટલે અમુક રીતે કેનેથ તેનું 'અપમાન' કરે છે! સામે કશું મેળવવાની અપેક્ષા ન હોય તો તો પછી કેનેથ ફક્ત ધર્માદો જ કરે છે ને! હલકટ, સુવ્વર, પાજી ને અહંકારી કુત્તો હરામખોર! કેનેથ તેને પત્ની તરીકે તો નહીં જ પણ જાણે સ્ત્રી તરીકે પણ જોતો નહોતો. અને તરત રોઝની આંખો કૂવાની જેમ તગતગી રહેતી. આવો સોહામણો, આવો ઉદાર ને આવો સમજુ મિત્ર તો છે ને!

***

થોડાક મહિનાઓ વીતી ગયા. રોઝના ક્રોધની ભરતી આવતી ને જતી. તેને થયું કે કેનેથ કહે છે તેમ આ સોસાયટીના લોકો વચ્ચે સ્વમાનપૂર્વક રહેવા માટે પુરુષનો સાથ જરૂરી છે. એ જેમજેમ વિચારતી ગઈ તેમતેમ એને લાગતું હતું કે આ પરિસ્થિતિમાં કેનેથ જ તેનો સાચા અર્થમાં સહિયર બની શકે તેમ છે. બીજા કોઈ પુરુષનો વિચાર સુદ્ધાં એ કરી શકતી નહીં. રોઝ ટોનીને સાવ તો વિસરી નહોતી શકી, પણ તેનો ઝુરાપો તેને હવે બહુ સાલતો નહોતો. રોઝના બાળકો પણ કેનેથને જ એમનો સાચો પિતા સમજતા થયાં હતા. પિતા કોને કહેવાય, તેની સમજણ આવી ત્યારથી બાળકો કેનેથના જ વાત્સલ્યથી ભીંજાયા હતા. આમ રોઝ, કેનેથ અને તેનાં બાળકોનાં જીવન પરસ્પર આંટી મારીને એકમેક સાથે ગૂંથાયેલાં હતાં. પોતાની કામનાઓને ડામીને પણ રોઝ એક સુરક્ષાભાવનો અનુભવ કરવા લાગી હતી અને એમ બંન્ને સંસારસુખના મહાસાગરમાં સ્નેહ, સંતોષ અને સ્વર્ગીય સુખની ડૂબકીઓ ખાઈ રહ્યાં હતાં ત્યારે -

એક નવો બોમ્બ ફાટ્યો! જાણે કબરમાંથી એક મૂડદું બેઠું થયું હોય તેવા ચોંકાવનારા સમાચાર આવ્યા - લડાઈના મોરચે ગયેલો ટોની જીવતો હતો.

***

ટોની અફઘાનિસ્તાનના મોરચે તાલીબાનોની ટૅંકરોનો સામનો કરતાં ઘવાયો હતો, પણ મરણને શરણ થયો ન હતો. તેના સાથીદાર ફોજીઓ તેને મૃત્યુ પામેલો સમજીને તેને છોડી ગયા હતા.

એ પછી તેના પર આફતનાં વાદળો વર્ષી પડ્યાં હતાં. દુશ્મનોના હાથમાં પકડાઈ જતાં જીવન દોજખ બનીને રહી ગયું હતું. માનસિક અને શારીરિક ટોર્ચર, ચાબખાના ફટકા અને તેથી પીઠ પર ઉઠેલા સોળ, અને દુશ્મનોની સખ્તાઈ ને તુમાખીએ તેને એક હરતી ફરતી લાશ જેવો બનાવી દીધો હતો. નર્કથી પણ બદતર એવા આ દોજખમાંથી તેને છૂટકારો મેળવવો હતો. રાતદિવસ તે અહીંથી શી રીતે ભાગી છૂટવું તેની નવી નવી તરકીબો મનમાં ઘડતો પણ ઘડેલી તરકીબને યોજનામાં મૂકવાની એક પણ તક હજી સુધી સામે આવી નહોતી.

એવામાં એક સવારે કેદીઓને પથ્થર ફોડવા દુશ્મનોની છાવણીથી ખૂબ દૂર કોઈ પહાડી પ્રદેશમાં લઈ જવાનું ફરમાન આવ્યું. એ દિવસ તેને અને બીજા કેટલાક કેદીઓને પથ્થર ફોડવા કોઈ અજાણ્યા સ્થળ તરફ લઈ જઈ રહ્યા હતા. ટોનીએ આ મોકાનો લાભ ઉઠાવી, એક બીજા કેદીની મદદથી તેના ગાર્ડને રિશ્વત આપીને એ ભાગી છૂટ્યો હતો. તાલીબાનોના સકંજામાંથી ભાગી છૂટ્યો ત્યાં સુધી એ રેજિમેન્ટ કે રોઝ, કોઈનો પણ સંપર્ક કરી શક્યો નહોતો.

પણ દુશ્મનોની અટકમાંથી છટકીને કાબુલ પહોંચીને તેણે પોતે જીવતો હોવાના સમાચાર રેજિમેન્ટને આપ્યા હતા. એ જ સાંજે રેજિમેન્ટનું હેલિકોપ્ટર તેને લેવા માટે આવી પહોંચ્યું હતું. અને બીજા દિવસે તેને આર.એ.એફ.ના નાનકડા પ્લેનમાં તેને નોર્થહોલ્ટ પહોંચાડ્યો હતો.

***

ટોનીનો ફોન આવ્યા પછી રોઝ અને કેનેથ ઊંડી વિમાસણમાં પડી ગયાં. વિમાસણના ભારમાંથી બહાર આવતાં કેનેથ બોલ્યો: 'આ તો ગુડ ન્યૂસ કહેવાય, રોઝ ! યુ આર લકી ! તારો જેના પર અધિકાર હતો તે તને પાછો મળી રહ્યો છે. થેંક્સ ગોડ! તારો ટોની પાછો આવી રહ્યો છે ... હી ઈઝ અલાઈવ! તું એને વેલકમ કરવાની તૈયારી નહીં કરે.'

'પણ કેનેથ ...! પછી તારું શું?'

'મારું? ડોન્ટ વરી રોઝ ! અહીં મારો તમારા કોઈ પર અધિકાર ન હતો. હું તો તારા બગીચાનો એક માળી હતો, ગાર્ડનર! તારા જીવનનો ખરો હકદાર આવી રહ્યો છે ... આ બધું હેમખેમ તેને સોંપીને ચાલ્યો જઈશ.'

અને ટોની આવ્યો. આવતાં જ તેણે રોઝને પોતાના બાહુઓમાં સમેટી લીધી. ચુંબનોથી નવડાવી દીધી. બેઉની આંખોમાંથી મિલનનાં હર્ષાશ્રુ ટપકવા લાગ્યાં. કેનેથ આ જોઈ રહ્યો. બાળકો વિસ્મયથી જોતાં રહ્યાં; જરાક વાર પછી ટોનીની નજર કેનેથ પર પડી. એણે રોઝને પૂછ્યું :

'આ માણસ કોણ છે?'

પણ રોઝ કંઈ બોલે તે પહેલાં ટોની તરફ હાથ કરીને એનો બાબો કેનેથને પૂછવા લાગ્યો :

'ડેડ, હુ ઈસ ધીસ મેન?'

ટોની સ્તબ્ધ રહી ગયો. રોઝે કોઈ બહાનું શોધી બાળકોને બહાર મોકલી આપ્યાં અને પછી ટોનીને બધી વાત કરી.

કેનેથ એમને વાત કરતાં મૂકીને બહાર નીકળી ગયો. રોઝ હવે કેનેથના બદનને ઝંખતી હતી. ટોની જાણે પરદેશી માણસ લાગતો હતો. પણ પોતે ટોનીની પત્ની હોય ત્યાં સુધી કોઈ કાળે કેનેથ તેને શૈયાસુખ આપે તેમ નહોતો. રોઝને લાગતું હતું કે તેના શરીરના બે ચીરા થઈ રહ્યા છે. રોઝને થતું હતું કે ઝેર પીવાની કેવી મઝા આવતી હશે!

***

આ વાતને આજે બે વર્ષ વીતી ગયાં છે. બાળકો હવે સમજદાર થતાં જાય છે, કેનેથની જેમ જ ટોની એમને વાત્સલ્યથી તરબોળ રાખવા પ્રયત્ન કરે છે, પણ તેને સમજાય છે કે તે કેનેથનું સ્થાન નહીં લઈ શકે. રોઝ સાથે તેનો સંબંધ નામ માત્રનો છે. તે જાણે છે કે રોઝ પાસે પણ તે કેનેથનું સ્થાન નહીં લઈ શકે. ટોની, રોઝ અન કેનેથ એક કરપીણ ત્રિકોણના ખૂણા બની સોરવાય છે ત્યાં એક બીજો એટમબોમ્બ ફૂટે છે.

***

લેટર બોક્સમાં ટોનીના નામનો એક એર લેટર છે. ટોની ઊભાં ઊભાં તે વાંચે છે. વાંચે છે. વાંચે છે. આંખો પટપટાવે છે. જેકેટના ખિસ્સામાં તે એર લેટર લઈને ટોની ઘરની બહાર નીકળી જાય છે. ચાલતો ચાલતો તે રેડ લાયન પબમાં પ્રવેશે છે. દારૂના પીઠામાં ટોની લાગરનો ગ્લાસ મોઢે માંડે છે ને કોઈ પિયક્કડ તેને મહેણું મારે છે. 'ટોની, આર યુ શ્યોર?'

ટોની ધ્યાન આપતો નથી. પેલો ફરી તેની પાસે આવીને તેના બરડે ધબ્બો મારે છે. 'બીજો બાબો તારો છે કે પેલા લંગડાનો, હેં?' અને ખીખી કરીને હસી પડે છે.

યસ, કોઈ વાર ટોનીને પોતાને પ્રશ્ન થાય છે કે તેનું છેલ્લું બાળક તેનું પોતાનું છે કે 'પેલા લંગડા'નું? અને ટોનીનો આત્મા અફઘાનિસ્તાનના પહાડોમાં ગબડવા માંડે છે. અને હાથની આંગળીઓ પેલા એર લેટર ઉપર તબલાં વગાડવા માંડે છે.

***

ટોનીને બાંધીને, રસ્તે ઘસડતા તેના દુશ્મનો તેમના કેમ્પમાં લઈ આવે છે. કેમ્પમાં તેની જેમ જ પકડાયેલા બીજા યુરોપીયન કેદી છે, જેમાં એક છે ફ્રેન્ચ

પત્રકાર છે, મિશેલ દુપ્રી. સુરાહીદાર ગરદન, પુષ્ટ ઉરોજ, ઢળતા નિતંબ, ગુંબજમાંથી પડઘાતો હોય એવો હિપ્નોટિક અવાજ. મિશેલ, મિશેલ. ટોની એર લેટર ખોલી હજારમી વાર તેમાંનું લખાણ વાંચે છે.

'ટોની, ડાર્લિંગ ...

***

'માઈ રોઝ, માઈ ગોડેસ ...'

ટોની તેના જીવનના અઘરામાં અઘરા અને વહાલામાં વહાલા સંજોગમાં રોઝને પત્ર લખે છે, કારણ કે —

'મારે જે કહેવું છે તે રૂબરૂ કહેવાની મારી લાયકાત નથી. તું મારી પ્રેમિકા ને પત્ની હતી અને હવે તું મારી દેવી છે. તને અને કેનેથને સાથે જોઈને મને થાય છે કે જાણે હું વિધાતાએ નિર્માણ કર્યું હોય તેની વચ્ચે અંતરાય બનું છું. આપણાં બાળકોનો જન્મ ભલે મારા વીર્યથી થયો હોય પણ તેનો સાચો બાપ કેનેથ છે. હું જાણું છું કે તેં કે એણે કદી મારો દ્રોહ કર્યો નથી, કે તમે કદી વાસનાને વશ થયાં નથી. માઈ ગોડેસ, માઈ રોઝ, મને કહેતાં શરમ આવે છે કે મારા માટે હું એવો દાવો કરી શકું એમ નથી. અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ મને કેદ રાખેલો ત્યાં મિશેલ દુપ્રી નામની એક ફ્રેન્ચ પત્રકાર પણ કેદ હતી. અમારા ગાર્ડને રિશ્વત આપીને અમે બંને સાથે ત્યાંથી નાસી છૂટેલાં અને બે અઠવાડિયા ત્યાંના પહાડોમાં રખડતા રખડતા કાબુલ પહોંચેલાં. એ બે અઠવાડિયાંમાં હું ને મિશેલ બહુ નિકટ આવેલાં અને આજે પેરિસથી તેનો પત્ર છે કે ઈન્ટરનેટ મારફત તેણે મને શોધી કાઢ્યો છે. તેણે પાછાં આવીને અમારા પુત્રને જન્મ આપ્યો છે.

મારી વહાલી, વહાલામાં વહાલી રોઝ, હું તારા કે કેનેથ જેટલો પવિત્ર રહી શક્યો નથી. હું પેરિસ જાઉં છું, કેમ કે મારો નવો સંસાર ત્યાં છે. મારો આગ્રહ છે કે તમે બંને વિધિસરનો સંસાર માંડો, અને બાળકોને સાચું ભવિષ્ય આપો. આપણે ક્રિસમસમાં ને સમરમાં મળતાં રહીશું. પણ આપણે કાયમ માટે સાથે નહીં, પરંતુ પોતપોતાની જગ્યાએ વધુ સુખી થઈશું.

લિ. તારા માટે નાલાયક

ટોની

***

પ્રિય ટોની

તારો કાગળ રોઝને મળે તે પહેલાં તેણે ઊંઘની ગોળીઓ ખાઈને આપઘાત કર્યો છે. તેના કબૂલાત પત્રમાં તેણે કહ્યું છે કે બે પુરુષોની વચ્ચે પિસાવાનું તેના માટે હવે સંભવ નથી. વાંક તારો છે? વાંક મારો છે? કે વાંક છે આપણી માન્યતાઓનો? બે વ્યક્તિને પરસ્પર ખેંચાણ હોય તો તેને પાપ ગણવાનું કોણે શરૂ કર્યું હશે? ટોની, મને માફ કરજે. હવે હું મારી જાતને માફ કરી શકું તેમ નથી. હવે તું અને મિશેલ તારાં બીજાં બાળકોને પણ સંભાળી લેજો. હું પણ હવે રોઝની પાસે જવા ઇચ્છું છું. કેમ કે તે હવે જ્યાં છે ત્યાં માણસના કાયદા નથી. તે તો ભગવાનનું ઘર છે. ધે કોલ ઇટ 'હેવન' ફોર એ રીઝન. તેને સ્વર્ગ કહે છે, તે સાચું છે.

તારો નાલાયક મિત્ર

કેનેથ

e.mail : vallabh324@aol.com

•••••••••••

(3)

# મેં વાઘ માર્યો

**• ધવલ સુ. વ્યાસ**

ગયા વર્ષ(૨૦૧૧)ના મે મહિનામાં જ્યારે રાજકુમાર વિલિયમના શાહી લગ્ન સમયે જે ચાર દિવસ રજા હતી તે જ અરસામાં મારી સાથે બની ગયેલી આ ઘટનાની વાત આજે આપ સહુની સાથે વહેંચી રહ્યો છું.

બે વરસ પહેલાં હું જ્યારે ભારત ગયો ત્યારે મિત્રો સાથે સુંદરબન ગયો હતો. સુંદરબનમાં તો તમને ખબર જ છે કે વાઘ રહે છે અને બન્યું એવું કે જ્યારે અમે લોકો સુંદરબનમાં ગયા ત્યારે કોઈક કારણસર એક વાઘને અમારી ઉપસ્થિતિ ના ગમી. એણે અમારો રસ્તો આંતર્યો અને અમને આગળ ના જવા દીધા. હું હંમેશા મારા દોસ્તોમાં બહાદુર ગણાતો, પણ તે દિવસે મારું પાણી દેખાડી શકું તેવું કશું હું ના કરી શક્યો અને એ ઘડી ને આજનો દિવસ, મારા બધા ભાઈબંધો મારી ઠેકડી ઉડાવતા થઈ ગયા. છેવટે મંગળવારે એ મારા હાથમાં આવી જ ગયો.

થયું એવું કે હું અહીં જ્યાં રહું છું, ક્રૉલીમાં, ત્યાં અમારા ઘરની પાછળ એક જંગલ છે, હોથ વુડ્સ. મંગળવારે રાત્રે શેફાલીએ ખીચડી અને વઘાર બનાવ્યા'તાં જે મારો પ્રિય ખોરાક એટલે બંદાએ દબાઈને ખીચડી ખાધી અને રાત્રે ઊંઘ ના આવી. એટલે પેટ હળવું કરવા હું હોથમાં આંટો મારવા નીકળ્યો. અંદર જતાં જ મને પેલા સુંદરબનવાળા વાઘનું બચ્ચું દેખાયું. મને મારા મિત્રોએ કહ્યું તો હતું જ કે એ લોકો ઘણા સમયથી એ વાઘ પર નજર રાખીને બેઠા હતા અને તેમણે પણ એ વાઘને લંડન અને ક્રૉલીની આસપાસ રખડતો જોયો હતો, અને કહ્યું હતું કે હવે તેને બે બચ્ચા પણ છે. હું પણ એ વાઘનું બચ્ચું જોઈને ઓળખી ગયો કે આ એ જ વાઘનું બચ્ચું છે, બસ પછી તો કરવાનું શું હતું? દોડતો પાછો ઘેર ગયો અને મોટી કિચન નાઈફ, બ્રેડ નાઈફ અને એક ફ્લોર બ્રશ લઈને પાછો પહોંચી ગયો. વાઘ અહીં એના કુદરતી નિવાસ કરતા અલગ વાતાવરણમાં હોવાથી મારે જબ્બે થઈ જશે એ ખાતરી સાથે તેને શોધતો શોધતો હું અંધારામાં પણ એની જગ્યાએ જઈ પહોંચ્યો અને ફ્લોર બ્રશનાં દાંડાથી એક એવી એના લમણામાં મારી કે એ ઢળી પડ્યો. અને પછી તો પેલી બંને નાઈફથી એના રામ રમાડી દીધા. અને સરકાર મને વાઈલ્ડ લાઈફ એક્ટમાં અંદર ના કરી દે એટલે એની લાશ મેં ત્યાંથી દૂર લઈ જઈને એક પાણીનું નાળું વહે છે એની વચ્ચે ખાડો ખોદીને દાટી દીધી જેથી કોઈના હાથમાં ના આવે.

સવારના પહોરમાં મારા ટ્વિટર પર ટ્વિટ કરીને અને ફેસબુક પર અપડેટ કરીને બધા મિત્રોને જણાવી દીધું કે ભાઈ 'મેં વાઘ માર્યો'. મોટા ભાગના બધાએ મારી બહાદુરીથી પરિચિત હોવાને કારણે માની જ લીધું, પણ તમને તો ખબર છે ને કે ઘઉં હોય ત્યાં કાંકરા પણ હોય, એટલે ફેસબુક અને ટ્વિટર પર એવા શંકાશીલ લોકો સવાલો કરવા લાગ્યા અને સાબિતીઓ માંગવા માંડ્યા.

કોઈક કહે કે મંગળવારે જ કેમ વાઘ માર્યો? હોથ વુડ્સ તો તમારા ઘરની પાછળ છે અને તમારે શુક્રવારથી સોમવાર એમ ચાર દિવસ રજા પણ હતી તો આ કામ એ રજાઓમાં કેમ પાર ના પાડ્યું? તમને તો મિત્રોએ પહેલેથી બાતમી આપી જ હતીને કે વાઘ ત્યાં રખડે છે? તો મેં એમને ઍલિબાઈ આપતા કહી દીધું કે ભાઈ, શુક્રવારે રોયલ વેડિંગ જોવામાં નવરાશ ના મળી અને અમે કાંઈ નવરા થોડા છીએ કે રજાઓનો ઉપયોગ આમ જંગલોમાં આંટા મારવામાં કરીએ? એ લોકો તો માની ગયા. પણ હજુ વધુ કાંકરા હતા એમણે સવાલ કર્યો કે, આ ડિજીટલ યુગમાં તમારી પાસે મારેલા વાઘના ફોટા પણ ના હોય એ તો માનવામાં ના આવે એવી વાત છે. તો આપણે પણ કહી દીધું કે માનવું હોય તો માનો અને ના માનવું હોય તો તમારી મરજી, પણ મેં વાઘ માર્યો એની સાબિતી રૂપે તમને આજ પછી ક્યારે ય હોથ વુડ્સમાં વાઘ નહીં જોવા મળે ત્યારે તો સ્વીકારશો ને કે 'મેં વાઘ માર્યો'?

આ વાત જ્યારે મારા બીજા અમુક મિત્રોને જણાવી ત્યારે તેમના પ્રત્યાઘાતો અને તેના જવાબમાં મારી દલીલો અહીં આપું છું. અહીં વાંચનારા પણ કોઈને મારા પર શક હોય તો બેધડક પૂછી શકો છો, હું ખુલાસા આપવા અને દલીલો કરીને મારી સત્યાર્થતા સાબિત કરવા તૈયાર છું.

મિત્ર ૧ (હુલામણું નામ : વાઘ) : આ કથા કેમ જાણીતી લાગે છે ? કદાચ હમણાં ન્યુઝ ચેનલો બહુ જોઈ તેથી હશે! માર્યો હોય ભાઈ, સુપર પાવર પાસે સાબિતી માંગવાની હિંમત કરાય કંઈ!! વળી બીજો વાઘ પણ મારી નાખે જો કે બાત કુછ હજમ ન હુઈ!! એક વાઘ મારવા માટે બે ચપ્પુ વાપરવા પડ્યા તે!!!

હું : હશે ભાઈ, બધા શક કરે તો તમે શું કામ પાછળ રહી જાવ? કરો, તમે પણ શક કરો અમારી સત્યાર્થતા પર, બે ચપ્પુ તો એટલા માટે લીધા હતા કે એથી વધારે મળ્યા નહિ, નહીં તો ૬-૭ લઈને જાત, અને બીજી મજબૂરી એ કે સાલા આ હાથ પણ ભગવાને બે જ આપ્યા છે ને ... અને હા, અંતે ડિસ્ક્લેમર

મુકવાનું ભુલાઈ ગયું કે 'અમારી કોઈ શાખા નથી માટે ભળતા સળતા કથાનકવાળી વાતો સાથે અમારો નાતો જોડવો નહીં.'

મિત્ર ૧: નહીં નહીં .... અમે શક નથી કરતા ! અમે તો ઉલટું એમ જાણવા માંગતા હતા કે આપ જેવા બલવાન, શક્તિમાન, પરાક્રમી, વીરપુરુષને, એક વાઘ મારવા અર્થે, બે ચપ્પુની જરૂર કેમ પડી !!

મિત્ર ૨ (ડોક્ટર) : વાહ વાહ – વાઘ વાહ – વાહ વાહ ....! પ્રભુ એ વાઘને શાંતિ આપે જેને બ્રશ જેવા ઘરગથ્થુ હથિયારથી મૃત્યુનો ભોગ બનવાનું આવ્યું ... હશે, કળિયુગ છે. પણ એની સાત પેઢી હવે તો એ જંગલમાં પગ મૂકતા ડરશે ...! ઘણી ખમ્મા .... ઘણી ખમ્મા ...!!!

હું : અરે ડોક્ટર સાહેબ, તમે સાચું પામી ગયા, કલિયુગ છે, ભાઈ. હવે આશા એ જ રાખવાની કે એના બચ્ચાં કે સગાંવહાલાં મારા ઘર પર કે ગામમાં હુમલો ના કરે, તમે પણ ભગવાનને પ્રાર્થના કરજો મારા ક્ષેમકુશળ માટે.

મિત્ર ૩ (હુલામણું નામ - અંગ્રેજ) : Good acting like uncle sam, fine carry on this good work we will stand by you, still you need to kill few more .... ha-ha-ha

હું : Acting? what do you mean, Bhavin? It is mere coincidence that Uncle Sam also published the same story around the same time of my adventure ...!!!

*****

**(સૌજન્ય : http://dsvyas.wordpress.com/2011/05/06/મેં-વાઘ-માર્યો/)**

•••••••••••

*(4)*

# સત્યને પડખે પ્રભુ

**• પુષ્પા ઍન્ટોન લીઓ**

શ્રુતિ ધીમે ધીમે દરવાજા સુધી ગઈ. બારણું ખોલ્યું તો એના પતિ સૌમ્ય ઊભા હતા ! અરે! ... એ ખુશ થઈ ગઈ. સૌમ્યે અંદર આવીને પિન્કીનું માથું ચૂમી લીધું.

'આવો.' શ્રુતિ પતિને મીઠો આવકાર આપતાં બોલી.

'શ્રુતિ, આજે એક ખાસ કામથી આવ્યો છું. આ કામમાં તારી સંમતિની ખાસ જરૂર છે.' સૌમ્યે દીવાનખંડમાં સોફા પર પોતાના શરીરને ગોઠવતા કહ્યું.

'હા. કહોને, મારી શી સંમતિ જોઈએ છે, તમારે? પણ ...'

'આમાં 'પણ' વચ્ચે ક્યાંથી આવ્યું?'

'સમજાવું. જો તમે એમ કે'શો કે ફરવા જઈશું તો ના ... પિક્ચર જોવા તો ના ... હું ક્યાં ય આવવાની નથી. બાપરે! આ પરિસ્થિતિમાં ... તો નહીં જ.'

'મારે થોડી વાર માટે બાળકીને 'બા' પાસે લઈ જવી છે.' સૌમ્ય અવાજ જરા મોટો કરતાં બોલ્યો.

શ્રુતિનાં મમ્મી વાસંતીબહેનના કાને શબ્દો અથડાતાં એ કિચનમાંથી નેપકિન વડે હાથ લૂછતાં લૂછતાં બહાર આવ્યાં : 'શ્રુતિ, તારા સાસુ તો સાજાં સમાં છે. બધે હરે ફરે છે. સૌમ્ય, એમ કરો - બેબીને જોવા બાને જ અહીં લઈ આવો ને? રિક્સામાં બેબીને હવા લાગી જાય, કોઈની નજર લાગી જાય. હજુ તો સવા મહિનો ય થયો નથી અને આ તો પહેલું બાળક છે! હવા, તાપ, લોકોના સ્પર્શ- આ બધું જ આ કુમળા છોડને નડે!'

પણ પોતાની વાકપટુતાની જાળમાં સૌમ્યે મમ્મીને આબાદ ફસાવી લઈ તેની મંજૂરી મેળવી લીધી. એ બેબીને સૌમ્યને સોંપવા તૈયાર થઈ ગઈ. દેવદૂત જેવી બાળકીને પોતાના હૈયેથી દૂર કરતાં શ્રુતિનું કાળજું કપાઈ રહ્યું હતું. અને બેબી હતી ય કેવી? જાણે, કોઈ ગુલાબની પાંદડી! ગુલાબી પગનાં તળિયાં, ગુલાબી હથેળી, માંજરી આંખો અને સોનેરી વાળ ... કેવી ક્યૂટ લાગતી હતી? કાળજાના કટકાને ભલે એકાદ બે કલાક માટે પણ દૂર કરવાનો થાય એ માનું હૈયું કેમ સહી શકે? શી રીતે દૂર કરી શકે?

સરસ રીતે તૈયાર કરી. ફ્રોક નેપીઝ, બેબી લોશન, દૂધની બોટલ વગેરે સાધન સામગ્રી સાથે શ્રુતિએ કચવાતા દિલે બેબીને પતિના હાથમાં સોંપી.

'જલદી આવજો, હોં?'

***

બપોર પૂરી થઈ.

સાંજનાં પગરણ મંડાયા. રાત પડી ગઈ. સૌમ્યનો પત્તો ન હતો.

શંકાકુશંકાઓથી તેનું ચિત્ત ઘેરાવા લાગ્યું. શ્રુતિ હિંમત ખોઈ બેઠી. વિશ્વાસઘાતનો અણસાર આવવા લાગ્યો. અમંગળ કલ્પનાઓ કરીને એ ગાંડા જેવી બની ગઈ. હવે શું કરવું?

શ્રુતિના પિતા લક્ષ્મીદાસ આકરા સ્વભાવના હતા. ગુસ્સો ઠાલવતા રૂમમાં આમતેમ આંટા મારતા એ બરાડા પાડી રહ્યા હતા : 'બેબીને લઈ જવાની મંજૂરી કોણે આપી? કોઈએ મને પૂછવું તો હતું ? બેબીને સૌમ્ય ક્યાં લઈ ગયા છે? કેમ લઈ ગયા? સવા મહિનો રાહ ન જોવાય ? શું આપણું ઘર દૂર છે? લક્ષ્મીદાસનો ગુસ્સો વાજબી હતો.

બાપુજીના પ્રશ્નનો મમ્મી પાસે કોઈ જવાબ ના હતો. તે ચૂપ રહી બધું સાંભળતી રહી.

'હવે આપણી દીકરીની તબિયત બગડશે તો?'

***

બીજી તરફ બેબી પણ શ્રુતિનો અહાંગરો કરવા લાગી. અજાણી જગા અને અજાણ્યા ચહેરા જોઈ એ તો જોર જોરથી રડવા લાગી. સૌમ્યનાં મમ્મીને જોતાં એ ભેંકડો તાણવા લાગી. રડી રડીને આંખો રાતીચોળ થઈ ગઈ. ગળું બેસી ગયું.

સૌમ્ય ડઘાઈ ગયો. સૌમ્યની મમ્મી પણ ગભરાઈ ગઈ. તે પોતાના અહમ્ ને જિદ્દી સ્વભાવને વખોડવા લાગી : સુવાવડીનાં બાળકને કકળાવું તો મને એક વિધવાની હાય લાગે! એ હાય મારા આ સુખી સંસારને ઉજાળી નાખે! મારે કંઈક કરવું જોઈશે? સાસુજીના ભેજામાં અવનવા વિચારો ઘૂમરાવા લાગ્યા. કેમ શું, શા માટે જેવા પ્રશ્નોથી સૌમ્ય પણ હેરાન હતો.

આ તરફ શ્રુતિ વાસંતીબહેનના ખભા પર પોતનું માથું ઢાળી સજળ નેત્રે કહી રહી છે : 'મારી બેબીને પડાવી લેવી હશે, મને વિશ્વાસમાં લઈ મારા ભોળપણનો લાભ ઉઠાવવો હશે, મને છેતરવી હશે તો જ આમ બને ને?'

શ્રુતિને રડતાં જોઈ લક્ષ્મીદાસની ધીરજ ખૂટવા લાગી. માના કંધા પર મસ્તક મૂકી એ પોતાનું હૈયું ઉલેચી રહી છે એ જોતાં બાપુજી કડક પગલાં ભરવા તૈયાર થયા. શ્રુતિ મનાવવા લાગી : 'કંઈક કારણ હશે. આપણે નિરાંતે શું કરવું તે વિચારીશું.'

'નિરાંતે વિચારવા રહીશું તો બેબી ખોઈ બેસશું.' લક્ષ્મીદાસ ગર્જ્યા.

બીજા દિવસે સવારે એ ઓફિસે જવા નીકળી ત્યારે પણ તેને બેબીના જ વિચારો ઘેરી વળ્યા હતા. ઊંચા ઘરના માણસો પણ આવા છીછરા ? આ વિચાર માત્રથી એ વીંધાઈ જતી હતી.

એક પછી એક બસસ્ટોપ પસાર થતા હતા. માણસો ચડતા

## જાગરિયો

**• અહમદ 'ગુલ'**

સવાસો કરોડને
અવગણી
હજારો માઈલ, દૂર
ઑફિસમાં, બેઠા બેઠા
આપણા
ભાવિ, સુકાનીના
સુમિત્ર નામો
કદી, ટીવી સ્ક્રીન પર
પ્રસિદ્ધ થાય,
પશ્ચિમમાંથી સંભળાય
દિવ્ય વાણી
આકાશ વાણી
નેતા
સૂણે,
ધૂણે
ફૂલ્યા ન સમાય
હરખાય,
મલકાય,
સમાચાર પત્રોનાં પાનાં ભરાય
ટીવી પર, કલાકો ચર્ચા થાય
સમય - નાણાં વેડફાય
એમની,
સદીઓની આદત
દોરવણીની
આપણી,
સદીઓની આદત
પડ્યો, બોલ ઝીલવાની
ધૂણવાની
સંબંધ,
અકબંધ

[27 James Street, BATLEY, West Yorkshire WF17 7PS, U.K.]

હતા. ઊતરતા હતા. પણ એ તો બેબીના વિચારોમાં ખોવાયેલી હતી.

'બે'ન, તમારું સ્ટેંડ આવી ગયું. ક્યાં ખોવાઈ ગયાં છો?' કોઈ તેને કહી રહ્યું હતું. કોઈએ તેનું પડખું દબાવી તેને ઢંઢોળી તંદ્રામાંથી વાસ્તવિક ભૂમિ પર આવતાં એ પોતાનાં વસ્ત્રો સંકોરતા નીચે ઊતરી પડી.

ઓફિસના ગેટ પાસે આવી ત્યારે ચોકીદાર બહાદુર તેને કહી રહ્યો હતો : 'તમારા ઘરેથી તમારા મમ્મીનો ફોનકોલ હતો. બેબી ઘેર આવી ગઈ છે.'

શબ્દો કાને અથડાતાં શ્રુતિની આંખોમાં તોફાને ચડેલો અંધકારરૂપી દરિયો પલકારામાં જાણે અદૃશ્ય થઈ ગયો.

**(મુદ્રાંકન સદ્દભાવ : વલ્લભ નાંઢા)**

[12027 Ronnie Drive, HAGERSTOWN MD 21742, U.S.A.]

•••••••••••

(5)

# મુક્તિ પર્વ ....

**• નીલમ દોશી**

વસંતરાય કોરી ધાકોર આંખે પત્નીની નનામી જતી જોઈ રહ્યા. કાન્ધ દેવા ગયા ત્યાં ચક્કર આવતા લથડિયું ખાઈ ગયા. તેથી અંતિમ સહારો પણ ન આપી શકયા. સૂઈ જવું પડયું.

'આટલાં વરસોનો સહવાસ ..! અસર તો થાય ને ? વસંતરાય સાવ ભાંગી પડયા છે. આ ઉંમરે તો હૂંફની ખાસ જરૂર પડે. એકલતા કોને કહેવાય તે આ ઉંમરે જ સમજાય.'

'બિચારા સાવ શૂન્ય જેવા .. જડ જેવા થઈ ગયા છે. પત્નીને કાંધ સુધ્ધાં ન આપી શકયા.'

'આપણે બધા તો ચાર દી, પછી આ ઉંમરે તેઓ એકલા થઈ જશે. ઉમંગને સમજાવવો પડશે .. સાસુ વહુને જે વાંધો હોય, તે પણ હવે વસંતરાય એકલા રહે અને દીકરો ગામમાં હોવા છતાં આમ જુદો રહે એ કંઈ સારું લાગે ? ....'

'વસંતરાયને ઘરનું માણસ હતું ત્યાં સુધી વાત અલગ હતી.'

'ઘરનું માણસ ..!' વસંતરાયે રજાઈ માથા સુધી ખેંચી.

વસંતરાય આંખો બંધ કરી ગયા. તેની ચમકતી આંખોની લિપિ કોઈ ઉકેલી લે તો ? પડયાં પડયાં સગાંસ્નેહીઓનાં મંતવ્ય મૌન બની સાંભળી રહ્યા. કશું બોલી શકાય તેવું હતું જ કયાં ? મુઠ્ઠી બંધ રહે એમાં જ તેની શોભા ..

ઘરમાં વિધિઓની પરંપરા ચાલી રહી હતી. ગીતાપાઠ .. અને ગરુડપુરાણ વંચાતા હતા. ધૂપ, દીપ અને સુખડના હારથી વિલાસબહેન મહેકી રહ્યા હતાં. મર્યા પછી મહેકી શકયાં ખરાં ..! વસંતરાયે જોશથી માથું ધૂણાવ્યું. મૃત વ્યક્તિ વિશે ખરાબ બોલાય નહીં .. ખરાબ વિચારાય નહીં .. ગાંધીજીના પેલા ત્રણ વાંદરાની વાત બિલકુલ સાચી રીતે તો ફકત મૃત વ્યક્તિને જ લાગુ પડતી હશે.

વિચારોથી બચવા વસંતરાયે જોશથી પાંપણો ભીડી દીધી .. પરંતુ ....

'વિલાસબહેન નસીબદાર ખરા, હોં ..! ચૂડી ચાંદલા સાથે જઈ શકયાં.' કોઈના શબ્દો કાને અથડાયા ... હા, નસીબદાર તો ખરાં જ ... પોતાના જેવો ઝગડાનો કાયર, એક રીતે કહીએ તો ભીરુ કહી શકાય તેવો પતિ મળ્યો હતો. તે નસીબદાર નહીં તો બીજું શું ? પોતાની જગ્યાએ બીજો કોઈ હોત તો કદાચ વિલાસ આટલી હદે મનમાની કરી શકી હોત ?

વસંતરાયના મનમાં વિચારોનો પ્રવાહ ... વસંતરાયને અચાનક આ પળે પત્તા રમવાનું મન થઈ આવ્યું. પોતાના જીવનનો એકમાત્ર શોખ. પરંતુ વિલાસને પત્તાની બહુ ચીડ .. અને તેને ન ગમે તે કરવાની હિંમત પોતે કયારે ય કેળવી શકયા નહીં. સાવ કાયર .. ભીરુ માણસ.

કજિયાનું મોં કાળું .. એમ કહીને હંમેશાં .... હવે તો વિલાસ નથી. પત્તા રમી શકાય ? જે શોખ કયારે ય પૂરો નથી થઈ શકયો તે હવે પૂરો કરી શકાય ? ના .. ના, થોડો સમય તો સંયમ રાખવો પડશે. તેમણે ફરીથી આંખો જોશથી બંધ કરી. કોઈ જોઈ જાય તે સારું નહીં.

ત્યાં અચાનક આંખ ખૂલી ગઈ. પુત્રીનો વત્સલ હાથ તેમના માથા પર ફરી રહ્યો હતો. 'પપ્પા, ગરમ ચા લઈ આવું ? થોડી પી લો .. સારું લાગશે ..' વસંતરાયને થયું .. કહી દઉં : 'સાથે બે ચાર ગાંઠિયા પણ ...' પરંતુ ટેવાયેલ ન હોવાથી શબ્દો બહાર ન નીકળી શકયા.

પણ દીકરી સમજદાર હતી. ચા સાથે ગાંઠિયા જાતે જ લઈ આવી.

'પપ્પા, કશું બોલ્યા સિવાય ચૂપચાપ ખાઈ લેવાના છે.'

પુત્રીનો હુકમ વસંતરાય કેમ ટાળી શકે ? તેમની પલકો ભીની બની. આંખમાં આભારની લાગણી છલકી રહી. ગાંઠિયા તો બે જ ખાધા .. પણ ... પણ બહુ સારું લાગ્યું. અત્યારે આ કસમયે ચા અને ગાંઠિયા .. વાહ ..!

તેણે પુત્રી તરફ જોયું. પુત્રીના ચહેરા પર વસંતરાય જ સમજી શકે તેવા અદૃશ્ય હાસ્યની રેખા ફરકી. તેનું માથુ હલ્યું. પોતે સમજી હોવાનો મૌન સ્વીકાર.

ત્યાં ફરી કોઈ અવાજ .. 'વસંતરાયની દયા આવે છે. આ ઉમરે પત્નીનો સાથ છૂટી ગયો .. દીકરો વહુ તો પરણ્યાના એક મહિનામાં જુદા થઈ ગયા હતાં. હવે વસંતરાયનું કોણ ?' નીચે સગાંઓ વચ્ચે ચાલતી ચર્ચાઓ ... ટીકા .. ટીપ્પણીઓ છેક ઉપર સુધી પડઘાતી રહી. રાતોરાત વસંતરાય દયાપાત્ર બની ગયા .. કેવું વિચિત્ર ..! જ્યારે ખરેખર દયાપાત્ર હતા .. ત્યારે .....!

સગાંઓ દીકરાને કહેતા હતા .. સમજાવતા હતા, 'જો બેટા, તમારી મમ્મી હતી ત્યાં સુધી વાત અલગ હતી ... હવે પપ્પાનું ધ્યાન તમારે જ રાખવાનું છે. હોં.' 'હા, ત્યાં સુધી વાત અલગ જ હતી ને ? 'પપ્પા, થોડીવાર ટી.વી. ચાલુ કરો .. તમને ગમશે ... સારું લાગશે. વિચારોમાંથી બહાર અવાશે ... ખરું ને મામી ?' ઉપર આવેલ મામીને દીકરી કહી




**અમારે મીડિયાવાળાને પણ બિઝનેસ ઍથિક્સ જેવી કોઈક વસ્તુ હોય છે, ... ;**

**We have to be fair with each and every candidate and party, .......**

**ચૂંટણીની ફૂલ પેઈજ જાહેરાત આપશો, તો અમે તો તમારી તરફેણના સમાચાર છાપશું !**

e.mail : mahendraaruna1@gmail.com

રહી.

દીકરી પોતાની ધારણા કરતાં પણ વધુ સમજદાર હતી. 'હા, હા, હવે એવો શોક રાખવાનો હોય જ નહીં .. ગયેલું માણસ થોડું પાછું આવી શકવાનું છે ? અને ભાભી તો લીલીવાડી મૂકીને ગયાં છે સૌભાગ્ય સાથે .. કોઈ પીડા વગર .. આવું મોત તો નસીબદારને મળે. હા, તમે એકલા થઈ ગયા ... પણ બેટા, પ્રભુ ઈચ્છા પાસે કોનું ચાલ્યું છે ?'

'પ્રભુઈચ્છા થોડી વહેલી થઈ હોત તો ?' ના, ના .. પાપ લાગે ... આવું ન વિચારાય. લડ નહીં તો લડનારો દે .. વિલાસના આ સ્વભાવના ભોગ બાળકોને પણ ક્યાં નહોતું પડયું ? દીકરી ઉપર તો સાવકી માની માફક સતત કચકચ ચાલુ રાખેલી. સાસરે જઈશ ત્યારે આમ થશે ને તેમ, ખબર પડશે કહીને દીકરીને આખો દિવસ કામે જોતરી રાખતી મા માટે દીકરીના મનમાં કઈ લાગણી હશે ? પોતાથી તો કશું બોલી શકાય તેમ જ ક્યાં હતું ? વિલાસની વાણીનો સૌથી વધુ માર તો પોતાને જ ભાગે આવતો ને ? મોટી થયા પછી દીકરી એ સમજતી. મમ્મી ન હોય ત્યારે છાનામાના પપ્પાનું ધ્યાન આ દીકરી જ રાખતી ને ? પુત્રી સાસરે ગઈ ત્યારે થયું, પોતે ભલે અનાથ થઈ ગયા, પણ પુત્રી તો છૂટી .. પુત્રના લગ્ન થયા, ત્યારે તો પોતે જ પુત્રને એક બાજુ બોલાવી કહી દીધું હતું, 'બેટા, તારી મમ્મીનો સ્વભાવ તું ઓળખે છે. આપણે બધા તો ટેવાઈ ગયા છીએ .. ને ચલાવી લીધું છે. પણ આવનારને એ શાંતિથી રહેવા નહીં દે, એની આપણને જાણ છે જ. તારે પૈસાની કોઈ ચિંતા નથી. તું તારે સુખેથી જુદો થઈ જા. અને જુદો રહીશ તો થોડી પણ માયા જળવાઈ રહેશે. સાથે રહીને રોજ ઝગડા કરવા અને અંતે એકબીજા તરફ નફરત થઈ જાય તેના કરતાં દૂર રહેવાય તો કદાચ ......

'પણ પપ્પા .. પછી તમે ....' 'બેટા, જેવા મારા નસીબ .. હવે આ જનમે તો મારે ભોગવવું જ રહ્યું. બધા ઋણાનુબંધ આ જનમે જ પૂરા થઈ જાય ...'

'પપ્પા, ...' અવાજમાં શ્રાવણી ભીનાશ સાથે પુત્ર આગળ ન બોલી શકયો.

નહીંતર તો પુત્ર જુદો ન થાત. પરંતુ એક જ મહિનામાં તેની પત્ની સાથે વિલાસે જે ઝગડો શરૂ કર્યો તે પછી પપ્પાની સલાહ માનીને જુદા થવામાં જ સાર છે એમ માની, તે જુદો રહેવા ગયો ત્યારે વિલાસે કરેલ તમાશો જોવાની પોતામાં હિમત નહોતી. એટલે હંમેશની જેમ જ ચૂપચાપ માથે રજાઈ ખેંચી લીધી હતી.

લગ્ન થાય ... સાસુ વહુને ન બને .... વહુ, દીકરો અલગ થાય એમાં તો નવું શું હતું ? બહુ સહજતાથી ગામે .. સમાજે અને કુટુંબે સ્વીકારી લીધું હતું. વસંતરાય અને ઉમંગ બંને મૌન. બિચારો ઉમંગ .. અને વગર વાંકે વગોવાયેલ વહુ ...

હવે ઘરમાં રહ્યા એકલા વસંતરાય .. જે ક્યાં ય જઈ શકે તેમ નહોતા.

ક્યારેક છાનામાના ઉમંગને ઘેર જઈ આવતા. ભાવતી વસ્તુ ખાઈ આવતા. ધોમધખતા રણમાં મીઠી વીરડીનો અહેસાસ થોડી ક્ષણો જીવતરનો થાક ઉતારી દેતો. વિલાસ જે વસ્તુની મનાઈ કરતી તે વસ્તુ દીકરાને ઘેર મળી રહેતી. સદ્‌નસીબે વહુ ખૂબ સમજદાર મળી હતી. તેથી મનને સંતોષ હતો.

મનમાં વિચારોની આવનજાવન ચાલુ જ રહી.

ઓરડામાં રાત ઉતરી આવી. અંદર તો સવારનો ઉજાસ ... બધા થાકીને વહેલા સૂઈ ગયા હતા. વસંતરાયની આંખોમાં ઊંઘનું એકે કણસલું ફરકતું નહોતું.

પુત્રી નીચે નાનકડા દીકરાને સૂવડાવતી હતી. ત્યાં દીકરો, વહુ ઉપર આવ્યાં. 'પપ્પા, ઊંઘ આવે છે ?' વસંતરાયે ડોકુ હલાવી ના પાડી. વહુના હાથમાં પત્તા હતાં. ''પપ્પા, આપણે થોડીવાર પત્તા રમીશું ? મન હળવું થશે.'

વસંતરાય કશું બોલી શકયા નહીં. આવડું મોટું સુખ પોતાના નસીબમાં હતું ? આંખમાં અનેક પ્રશ્નો .. આજે આ સમયે પત્તા ? વહુને અત્યારે આ કેમ સૂઝયું ?

'પપ્પા, એક વાત કહું ?' વગર કહ્યે સસરાની આંખનો પ્રશ્ન ઉકેલી તેણે હળવેથી કહ્યું.

'ગયા અઠવાડિયે મમ્મી અમારે ઘેર આવેલ. ઘરમાં હું એકલી જ હતી.' વસંતરાયે આંચકો અનુભવ્યો. મનમાં ફડકો પણ પેઠો. નક્કી ત્યાં પહોંચીને ઉધામા કરી આવી હશે. તેણે વહુ સામે નજર કરી. 'પપ્પા, મા કહે ... વહુ એક ક્ષણ થોભી. 'મા !'

વસંતરાયને આશ્ચર્ય થયું. પરંતુ કશું બોલ્યા નહીં.

મા કહે, 'હું ન હોઉં ત્યારે તમે પપ્પાનું ધ્યાન રાખજો, હોં. જો કે મને ખબર છે કે તમે અત્યારે પણ ધ્યાન રાખો જ છો. પપ્પા ક્યારેક અહીં આવે ત્યારે તેમને ભાવતી વસ્તુઓ ખવડાવો છો .. એનો મને આનંદ છે.' વસંતરાય આંચકા સાથે બેઠા થઈ ગયા. પણ આંચકા પછીનો આફ્ટરશોક હજુ પૂરો નહોતો થયો.

'મારા ગયાં પછી, તમે ફરીથી એ ઘરમાં આવી જજો. પપ્પા તો મારી જેમ ઝગડા કે કચકચ કરે તેમ નથી. એની તમને ખબર છે. એ ભલા માણસ મરતાને મર કહે તેમ નથી.'

'વિલાસ આવું બોલી ?'

'હા, પપ્પા ,.. મને કહે ....... મારો સ્વભાવ જ ન જાણે કેવો થઈ ગયો છે. લાખ નક્કી કરું તો પણ બોલાઈ જ જવાય છે. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય એ કહેવત કદાચ સાચી જ હશે. નાનપણથી અપરમાના મેણાં ટોણાં સાંભળીને મોટી થઈ છું. ઘરમાં ઝગડા સિવાય કશું જોવા જ નહોતી પામી. જબરાની પાંચશેરી ભારે એ એક વાત મગજમાં જડબેસલાક ફીટ થઈ ગઈ હતી. પછી લગ્ન થયા અને સદ્‌નસીબે કે કમનસીબે ... એ તો ખબર નથી. પણ તારા પપ્પાનો સ્વભાવ સાવ રાંક ... એટલે મારો રોફ તેમની પર ચાલ્યો. વરસો સુધી અપરમાની ગુલામી કરેલી અને અહીં મળ્યો છૂટો દોર .. અહીં બધું મારું જ ચાલે છે જાણે કોઈને એ બતાવી દેવું હોય તેમ મેં મૂરખીએ ..... ખબર નહીં, મારું મન કેમ આવું થઈ ગયું હતું. ક્યારેક સુધરવાની કોશિશ પણ કરી જોઈ .. પણ બે ચાર દિવસમાં પાછી એની એ જ ... બેટા, તમે કેમ જુદા થયાં એ બધી મને ખબર છે. એમાં તમારો કોઈ દોષ નથી.'

'વિલાસ ... વિલાસ આવું બધું બોલી ? એ આવું બધું સમજી શકતી હતી ?'

'હા, પપ્પા. મને લાગે છે કે આપણે કોઈ જ તેને સમજી કે ઓળખી ન શક્યાં. નાનપણથી તેનામાં કોઈએ વિશ્વાસ નહોતો રાખ્યો. સતત અવગણના, ઉપેક્ષા, નફરત કડવા શબ્દો, અને લડાઈ, ઝગડા વચ્ચે જ મા મોટા થયાં. સાસરે આવ્યાં બાદ સ્વતંત્રતા મળતાં જાણે બદલો લેવો હોય, તેમ સૌ કોઈ ઉપર મંડી રહ્યાં. આપણે કોઈ પણ તેની એ ગ્રંથિ ઓળખી ન શક્યાં અને તે ઝનૂનપૂર્વક ....' દીકરા, વહુની આંખો ભીની ભીની ...

વસંતરાય એકદમ બેઠા થઈ ગયા. 'પછી ?' જાણે કોઈ વાર્તા સાંભળતા હોય તેમ નાના બાળકની માફક વિલાસરાય પૂછી રહ્યા.

'અમારે ઘેર આવ્યાં, ત્યારે સતત તમારી જ ચિંતા કરતા હતાં. … ખબર નહીં .. પણ મને લાગે છે કે હવે હું વધારે કાઢવાની નથી .. તારા પપ્પાને મેં બહુ દૂભવ્યા છે. ભગવાન મને માફ નહીં કરે .. એ ભલા જીવને મેં શાંતિ નથી આપી. હું જઈશ ત્યારે જ એ મારાથી છૂટી શકશે. મને ખબર છે હું જઈશ પછી તમે ઘેર આવી જ જશો. તેથી એમની એવી ચિંતા તો નથી. … અને હા, આવી કોઈ વાત પપ્પાને ન કરતા. નાહકના દુઃખી ન કરશો .. જીવતા તો એમને સુખ નથી આપી શકી. મરીને કદાચ ચપટી સુખ આપી શકું. મારા જવાથી એ રાહતનો શ્વાસ લેશે. મારે એ છિનવવો નથી. અને લો, આ પત્તા .. મારા ગયાં પછી તમે સાથે રહો ત્યારે રોજ એમની સાથે પત્તા રમજો. મેં ક્યારે ય એમને નિરાંતે રમવા નથી દીધા. મારી અપરમા પાનાં રમવાની ખૂબ શોખીન હતી ...!' કહેતાં કહેતાં મા રડી પડયા હતાં.

મેં કહ્યું, 'મા, અમે હમણાં જ ભેગા આવી જઈએ. બધાં સાથે મળીને કિલ્લોલ કરીશું.'

'બેટા, હવે એ શક્ય નથી. આજે તને આ બધું કહું છું. પણ ઘેર જતાં જ મારો મૂળ સ્વભાવ પાછો આવી જ જવાનો. એના કરતાં આટલાં વરસો ચાલ્યું છે તો થોડું વધારે. મને અંદરથી ઊગી ગયું છે. હવે હું થોડા સમયની જ મહેમાન

છું. જતાં પહેલાં એકવાર કોઈ આગળ દિલની વાત કરવાનું મન હતું. દીકરી આઘી છે. તેથી તારી પાસે ....'

'માએ તો મને આ બધું ન કહેવાના સમ આપ્યા હતાં. પરંતુ મા પ્રત્યેની નફરત તમારી આંખમાં હું ન જોઈ શકી. તેથી ..... આ પત્તા પણ મા જ આપી ગયા હતાં ... ' કહેતાં વહુએ પત્તા ચીધ્યાં.

વસંતરાયની કોરી ધાકોર આંખો હવે વરસી રહી.

e.mail : nilamhdoshi@gmail.com

•••••••••••

(6)

# ઝેર તો પીધાં જાણી જાણી

• રમણભાઈ ડી. પટેલ

તપને એના મિત્રોના પરિવારમાં મોટરકાર ફરતી જોઈ. ઘડીભર તો તેને તેમની ઈર્ષા આવી. તે મનમાં બબડતો હતો : 'ગઈકાલ સુધી તો જેમના ઘરમાં ખાવાનાં સાંસા પડતાં હતાં અને આજે મારાં વહાલાં મોટરકારમાં ...'

તપને એની બળતરા એની પત્ની લક્ષ્મી આગળ કાઢી. લક્ષ્મી ઉવાચ : 'હું તો તમને કહેવાની જ હતી કે આપણે બે પાંચ વર્ષની યુ.કે.ની ખેપ કરીએ.' લક્ષ્મી છેલ્લા આઠ દસ મહિનાથી યુ.કે. જવા ઊંચીનીચી થતી હતી. પણ તેના સસરા સામે એ અંગે વેણ કાઢવાની તેનામાં હિંમત નહોતી. તેના સસરાએ તેમનાં પ્રેમ લગ્નને આવકારેલા. તેથી તે સસરાની ઋણી હતી.

પતિ-પત્ની બંનેએ પરદેશ જવાનો મનસૂબો કર્યો.

લક્ષ્મીને ધન કમાવાની ઘેલછા હતી. એકવીસમી સદીની બધી સાહ્યબીઓ તેને માણવી હતી. બેન્કમાં એની નજર આગળથી લાખો રૂપિયાની રકમ પસાર થતી તેણે અનેકવાર જોઈ હતી. લક્ષ્મીને સમાજમાં પોતાની ઈમેજ બદલવી હતી. શિક્ષકોને પંતુજીથી વધુ આગળ માન મળ્યું નથી. સમાજમાં કેટલાક લોકો તેમના પર દયા ખાય છે. પ્રાચીનકાળમાં વપરાતો શબ્દ 'ગુરુજી' ડિક્શનરી સિવાય બીજે ક્યાં ય જળવાયો નથી.

પિતા ન જાણે તેમ તપને યુ.કે. જવાના વીસા મેળવવા એક એજન્ટને શોધી કાઢ્યો. એજન્ટ પણ નીકળ્યો હોશિયાર. થોડા જ દિવસમાં તપનના હાથમાં વીસાના કાગળો મૂકી દીધા. ખુશ થવાના બદલે તપનની નીંદર હરામ થઈ ગઈ.

બંને જણાંના વીસા મેળવવામાં તેમની બધી બચત ધોવાઈ ગઈ. ગુજરાતના કોઈ ગરબડદાસે તપનને વીસા મેળવી આપવા ખાતરી આપેલી. એજન્ટે પાંચ લાખ રૂપિયા તપનના ગજવામાંથી ખંખેરી લીધા. તપન ધોળે દિવસે લૂંટાઈ ગયો. આજે પણ તેના ગજવામાં મોટું કાણું હોય એમ એને લાગ્યું. વીસા તો મળ્યા, પણ ભણવા માટેના વીસા મળ્યા. એ વીસામાં સગવડ હતી, અભ્યાસ કરતાં કરતાં કાયદેસર, અઠવાડિયાના 20 દિવસ કામ કરી શકાય. તપન અને લક્ષ્મીને અભ્યાસમાં રસ નહોતો. એને રસ હતો ઝડપે પૈસા કમાવાનો.

એની પાસે કોઈ સ્કીલ નહોતી. એને હાથમાં હથોડી પકડતાં પણ નહોતું આવડતું. અભ્યાસ કરવાનું તો એક બહાનું હતું. તેણે જોયું કે અહીં સ્કીલ વર્કરને ઘીકેળાં હતાં. અઠવાડિયાના વીસ કલાક કાયદેસર અને બાકીના બધા કલાકો બિનકાયદેસર કામ કરી, પૈસા કમાવાનું ભાગ્ય એને પ્રાપ્ત થયું હતું. આ રીતે કામ કરવામાં જે જોખમ હતું તે એ જાણતો હતો. તેણે કેલ્ક્યુલેટર પર આંગળીઓ ફેરવી જોઈ. તેણે શોધી કાઢ્યું કે, બ્રિટનમાં કામ કરી કેટલાં વર્ષમાં ધારેલી રકમ બચાવી શકશે. તપન મેથ્સ ટિચર હતો ને!

વાતો કરવા ભારતમાં લાયસન્સની જરૂર નહોતી. તપન અને લક્ષ્મી જ્યાં ત્યાં ડંફાસ મારતાં કે આવતા બાર મહિનામાં તેમના માબાપ ઘરની કારમાં ફરતાં થઈ જશે. બાળકોને ઘરનો ડ્રાઈવર નિશાળે મૂકવા જશે. વાસ્તવિક્તાની તેમણે છુટ્ટી કરી દીધી હતી. ધરતી પર તેમના પગ નહોતા પડતા. અમદાવાદમાં રસ્તા પર જતી સાઈકલો તેમની નજરમાં નહોતી આવતી. લોકોની મોટરબાઈક તેમને દેખાતી નહોતી. તેમની આગળથી જે મોટરકાર પસાર થતી તે કાર કઈ બનાવટની હતી, તે વાત પણ તે ઝટ સમજી જતાં. તે કાર અંગે થોડી ચર્ચા પણ કરતાં. તેમને સ્વપ્નમાં પણ જાતજાતની કારો જોવા મળતી. પછી ધરતી પર પાછા વળતાં, તેઓ પોતાની જાતને રંક સમજતાં હતાં.

જો પતિ-પત્ની પરદેશ જાય, તો આ નાનાં બાળકોનું શું, એવો પ્રશ્ન તેમને મૂંઝવતો નહોતો. આમે ય પતિ-પત્ની નોકરી કરવા જતાં, ત્યારે બાળકોનું પૂરતું ધ્યાન તો બાળકોનાં દાદા-દાદી જ રાખતાં હતાં. દાદા-દાદીની હૂંફ આ બાળકોને મળતી. માબાપની નહિ.

મૌન તોડવાનો સમય પાકી ગયો હતો. એક સાંજે જમતાં જમતાં તપને પિતાને કહ્યું, 'ડેડ, લક્ષ્મી અને હું થોડા સમય માટે યુ.કે. જવાનો વિચાર કરીએ છીએ. તમને કોઈ વાંધો ખરો?'

'મને શું વાંધો હોઈ શકે?'

'ડેડ, છેલ્લા છ માસથી મારા મિત્રોના પરિવારનો હું સંપર્ક કરું છું. તેઓ વટભેર બધે મહાલે છે. તેઓ સુખી છે. કારણ, દીકરો પરદેશમાં ઠીકઠીક કમાય છે, ને દર મહિને ઘરે પૈસા મોકલતા રહે છે.'

'તપન, તેં ગોગલ્સ તો નથી પહેર્યા ને? મને સમજાતું નથી કે તમને અહીં શું ઓછું પડ્યું છે કે, પરદેશ જવાની ઇચ્છા થઈ?'

તપન અને લક્ષ્મી બંને સ્થિતિપાત્ર કુટુંબનાં સંતાનો હતાં. તપન M.Sc. થયો હતો. તેની કાયા તામ્રવર્ણ હતી. પહોળું કપાળ. એ કપાળમાં વિધાતાએ શું શું લખ્યું હશે, એ કોઈ નહોતું જાણતું. એની છ ફૂટની ઊંચાઈ તેની પર્સનાલિટીને ન્યાય આપતી હતી. લક્ષ્મી તપન પર મોહી પડી હતી. લોકોને થતું કે એક દિવસ તપન બોલિવુડની દુનિયામાં ચાલી જશે. બિચારા લોકોને શી ખબર કે તપન અંદરથી એક જુદો જ માનવી હતો.

લક્ષ્મી M.A. થઈ હતી. એને માનું રૂપ અને પિતા તરફથી લાડકોડ મળ્યાં હતાં. તેને કોઈ પણ બાબતમાં ચિંતન કરવાની ટેવ નહોતી. વારંવાર તે પોતાનો ચહેરો આયનામાં જોતી. રોજ તેના ચહેરા પર પફ-પાવડરનું લીંપણ થતું. એને કુદરતે આપેલું સૌંદર્ય ઓછું નહોતું. સારામાં સારું અત્તર એના શરીરને વીંટળાઈ વળતું. રોજ રોજ એક જ વસ્ત્રો પરિધાન કરવાનું તેને ના પોષાય. લક્ષ્મી હંમેશાં આનંદમાં રહેવા મથતી. એક જ વાતે તે નારાજ હતી; એના પતિની કમાણી તેમના બીજા મિત્રો કરતાં ઓછી હતી. લક્ષ્મીનું મન વાંચવું બહુ સહેલું હતું. તપન કરતાં ઓછું કમાનારાં લાખો માણસો એ જ અમદાવાદમાં હતાં, પણ તેનો વિચાર લક્ષ્મીને નહોતો આવતો. તેની વિચારવાની ત્રિજ્યા બહુ નાની હતી.

બાળકોનાં જન્મ પછી લક્ષ્મી પોતાને વધુ ગરીબ સમજવા લાગી. એની બહેનપણીઓનાં બાળકો પ્રાઈવેટ સ્કૂલમાં ભણતાં હતાં. તેને પોતાનાં બાળકોને પ્રાઈવેટ સ્કૂલમાં ભણાવવનું આર્થિક રીતે પરવડે તેમ નહોતું.

લક્ષ્મી એટલી રૂપાળી હતી કે એને પણ બોલિવુડની દુનિયામાં પ્રવેશવું હોત તો કોઈને મસકા મારવા પડે તેમ નહોતું. પણ લક્ષ્મી એવું જીવન ઝંખતી

## ચૂંટણીના ચણા

૦ ચીમન પટેલ 'ચમન'

ભારતની ચૂંટણીના સૌને મીઠા લાગે રે ચણા,
ખાવા માટે જ ભેગા થાય ચૌટે ને ચોરે ઘણા.

વોટ લેવા વાતો કરે ઉમેદવારો આવીને સારી,
સગાઈ રાખે નહિ ચૂંટાયા પછી તારી ને મારી.

પાટલી પાર્ટીની બદલતાં વાર જ લાગે નહિ,
મેવા ખાવામાં સેવાનો સમય કોને મળે અહીં !

ચૂંટણીમાં 'મુવી સ્ટારો' હવે તો ઘણા કૂદી પડે,
પ્રચાર માટે પરદેશમાંથી પણ થોડા આવી ચડે.

પૈસા લઈ પાર્ટીઓના ગાય સરઘસમાં ગાણાં,
ગામના ગવારો પણ થઈ જાય ચૂંટણીમાં શાણા.

ઓળખી કેમ શકે જનતા પહેરે એવા તો વાઘા,
મહીં મહીં જે મરી પડે મૂકીને સિદ્ધાન્તો આઘા.

લોઢું ને લવારનો જે દેશમાં મેળ ન કદી પડે,
મૂંઝવી મારેલાને મારગ 'ચમન' ક્યાંથી જડે?

e.mail : chiman_patel@hotmail.com

નહોતી. એના મધુર કંઠને સાંભળવાનું સૌને ગમતું. એના શબ્દે શબ્દે મધ ઝરતું હતું. એને પણ અનેક સ્વપ્નો સારવવાનાં હતાં. પણ તેને તેની મર્યાદા સમજાઈ ગઈ હતી. તે પોતાની જાતને દુ:ખી સમજતી હતી.

તપન એક હાઈસ્કૂલમાં મેથ્સ ટિચર હતો. લક્ષ્મી એક નેશનલ બેન્કમાં નોકરી કરતી હતી. બંને એક શહેરમાં રહેતાં હતાં. લક્ષ્મી અને તપન એક દિવસ લગ્નની ગાંઠે ગંઠાઈ ગયાં. આ આંતરજ્ઞાતિય લગ્ન હતું. એમના પ્રેમલગ્નનો તેમના માબાપે સહર્ષ સ્વીકાર કરી લીધો હતો. એ એક આનંદની વાત હતી.

તપનના પિતાએ દસેક વર્ષ પર નવું ઘર બંધાવેલું. એ ઘરમાં બધી જ આધુનિક સગવડો હતી. ગામડે થોડી જમીન પણ હતી. તપન અને લક્ષ્મીને બે સંતાનો હતાં. એક પુત્ર અને એક પુત્રી. તપન અને લક્ષ્મી પૂરાં ભાગ્યશાળી. બાળકોને રમવા માટે સાઇકલ હતી. ક્યારેક બહાર જવાનું થાય તો રેલવે સ્ટેશન સુધી મિનિ-કેબમાં જતાં. પણ જ્યારે તેઓ બીજાંને તેમની કારમાં ફરતાં જોતાં ત્યારે તેમને પોતાની જાત પર દયા આવતી.

ભગવાન તપનને પૂછે : 'તપન, તારા જીવનમાં હજી કાંઈ ખૂટે છે?' તો માથામાં આંગળીઓ ફેરવતો થઈ જાય. વિચાર કરતો થઈ જાય. એના આંગણામાં માત્ર એકાદ કાર હોત, તો બીજું કશું માંગવાનું ના રહેત. બીજા લોકોને ત્યાં કાર હતી, એટલે એને એના લિસ્ટમાં કાર સિવાય બીજું કશું ઉમેરવું પડે તેમ નહોતું.

તપન અને લક્ષ્મીએ વડીલોની કાળજી રાખવાની નહોતી. ઊલટાંનાં વડીલો પૌત્ર અને પૌત્રીનાં ઉછેરમાં ખૂબ મદદરૂપ બનતાં. તેમનાં માબાપ હજી તંદુરસ્ત જીવન માણી રહ્યાં હતાં. હજી તેમનો એકેય દાંત ખર્યો નહોતો.

એક મોટરસાઈકલ તો આંગણાંમાં પાર્ક કરેલી જોવા મળતી હતી. તપન, લક્ષ્મી અને બાળકો આ મોટરસાઈકલ પર સવાર થઈને બહાર જાય ત્યારે લોકો તેમને જોયા કરતાં, ને મનમાં કહેતાં : 'જુઓ, કેવી નીકળી છે આ રાજવી સવારી!'

પરિવારમાં બધાં તંદુરસ્ત હતાં. પણ જ્યારે પૈસા કમાવાના કીડાએ એના ભેજામાં પ્રવેશ કર્યો ત્યારથી તે એક પ્રકારનો અજંપો અનુભવવા લાગ્યો. આમ તો આખા શહેરમાં એકેય શિક્ષક પાસે કાર નહોતી. હા, અન્ય ધંધામાં પડેલા લોકો પાસે અઢળક નાણું હતું. તેમની પાસે કાર હતી. તેમની પાસે પૈસા કમાવાની તરકીબ હતી. તપન તેના મિત્રમંડળમાં પોતાની જાતને નિષ્ફળ ગયેલો માણસ સમજતો હતો.

તપન અને લક્ષ્મીએ નોકરીમાંથી રાજીનામું દઈ દીધું. પોતે પરદેશ જાય છે એ વાત તેણે કોઈને કહી નહોતી.

તપનના પરિવારને સૌ સમજતાં - 'એક ભાગ્યશાળી કુટુંબ'. તપને બાળકો તેના દાદા –દાદીનાં ખોળામાં મૂકી દીધાં. જતાં પહેલાં લક્ષ્મીએ સાસુ સસરાની ચરણરજ લીધી. તપન પણ તેમ કરવા ગયો. પિતાએ પોતાના પગ હઠાવી લીધા. તપનની આંખોમાં આંસુ આવી ગયાં. તેની માએ તે જોયું ને તરત તેમણે પતિને કહ્યું, 'તપન તો તમારો એકનો એક દીકરો છે. તમે એને આશીર્વાદ ન આપો તો બીજું કોણ આપશે? દીકરાની ઇચ્છને વધાવી કેમ લેતા નથી?'

'દીકરો જે સાહસ કરે છે, તેમાં જે જોખમ છે, તેનો તને ખ્યાલ છે ખરો?'

'રોજના કેટકેટલા લોકો પૈસા કમાવા યુ.કે. જાય છે. શું તેઓ મૂરખ છે?'

'એ તો હું નહિ, સમય આવશે ત્યારે તમને સમજાશે.'

'ડેડ, અમને નસીબ અજમાવવાની તક આપો. હું વિચારું છું કે જો યુ.કે.માં અમને કાયમ વસવાટ કરવાની તક મળશે તો અમે તમને અને બાળકોને લંડન બોલાવી લઈશું.'

'અમે શું કામ આ ધરતી છોડી, પારકી ધરતી પર વસવાટ કરીએ?'

'તમને એવું લાગે છે કે પરદેશ જવાની યોજના પર અમે વિચાર્યું નહિ હોય?'

અંતે બાપે પુત્રને બાથમાં લીધો. તપનની આંખોમાં ફેર આંસુ આવી ગયાં. પિતાએ પુત્રના શિર પર હાથ મૂક્યો અને કહ્યું, 'બેટા, જનની અને જન્મભૂમિને વગોવતો નહિ. તમે ગંભીરતાથી યુ. કે. જવાનું વિચાર્યું હોય તો પછી મારે મૌન રહેવું જોઈએ.' પિતાનાં મૌનને વાચા હતી, પણ તપન અને લક્ષ્મી તે સમજી શક્યાં નહોતાં. એ સમજવા ત્રીજા નેત્રની જરૂર નહોતી.

તપન અને લક્ષ્મીએ મુંબઈ એરપોર્ટ પરથી લંડનની ફ્લાઇટ પકડી. એ પ્લેનમાં એના જેવાં વીસેક જણ હતાં. જેઓ નોકરીની શોધમાં યુ. કે. જતાં હતાં. એક-બે ચહેરાને તેમણે ક્યાંક જોયા હોય તેમ તપનને લાગ્યું. આ જુવાનિયાંને પોતાના દેશમાં યોગ્ય કામ ન મળતાં તેમની નજર પરદેશ તરફ મંડાઈ હતી. દેશની સરકાર આ જુવાનિયાંને યોગ્ય કામ આપવામાં નિષ્ફળ ગઈ એવું તેમનું માનવું હતું. પોતાની માન્યતાનું તેઓ સ્વતંત્ર ભારતમાં ઉચ્ચારણ પણ કરી શકતાં નહોતાં. 'મેરા ભારત મહાન હૈ' એવાં સૂત્રો અહીં તહીં ચીતરાયેલાં નજરે પડતાં હતાં ને.

તપનના એક ઓળખીતા ભાઈ તેમને લેવા લંડન એરપોર્ટ પર આવ્યા હતા. તેમણે તપન અને લક્ષ્મી માટે રહેવાની વ્યવસ્થા કરી રાખી હતી. અન્ડરગ્રાઉન્ડ ટ્રેનમાંથી આલપર્ટન સ્ટેશને તેમણે તેમનો સામાન ઉતાર્યો. તેણે તપનને કહ્યું, 'આપણે આપણા નિવાસ્થાનની નજીક આવી ગયાં છીએ એટલે આપણે બસમાં જતાં નથી. સાત આઠ મિનિટમાં આપણે મુકામ પર પહોંચી જઈશું.'

તેમણે બેગ્સ ઘસડવા માંડી. તપન અને લક્ષ્મીને એકલતા ન લાગે તેનું ધ્યાન પેલા ભાઈએ રાખ્યું. લક્ષ્મીને બાળકોની યાદ સતાવતી હતી. લક્ષ્મી મા હતી ને!!!

પેલા ભાઈએ તપનને કહ્યું, 'તમને કંઈ જોઈતું મૂકતું હોય તો ચિંતા ન કરશો. હું તમને લઈ આપીશ. રોકડ રકમ જોઈતી હોય, તો પણ શરમાશો નહિ. હું આ દેશમાં આવ્યો, ત્યારે મારા મિત્રોએ મને સાચવી લીધો હતો.'

બીજા દિવસે રવિવાર હતો. પેલા ભાઈએ તેમને વેમ્બલીનો વિસ્તાર બતાવ્યો. તપનને અમદાવાદનો શ્રીજી રોડ યાદ આવી ગયો. તેને ઈલિંગ રોડ કરતાં શ્રીજી રોડ વધુ સારો લાગ્યો. તેના મનમાં હતું કે, લંડનમાં તેમને કોઈ વીસ-પચીસ માળના મકાનમાં રહેવાનું થશે.પણ અહીં તો ચિત્ર જુદું જ જોવા મળ્યું. લક્ષ્મી અને તપનના કાનને અંગ્રેજી ભાષા કરતાં ગુજરાતી અને તમિળ ભાષા વધુ સાંભળવા મળી. તેમને આ વિસ્તારમાં શ્વેત લોકો ઓછા જોવા મળ્યા.

અમદાવદમાં તપન ગુજરાતી મિડિયમની સ્કૂલમાં ગણિત શીખવતો હતો. લક્ષ્મીને બેન્ક પર અંગ્રેજી બોલનાર ભાગ્યે જ કોઈ મળતું. અમદાવાદમાં તેમને અંગ્રેજી ભાષાનો ઉપયોગ ક્યારેક જ કરવો પડતો. લક્ષ્મી અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ભણી હતી.

એક અઠવાડિયાના આરામ પછી તપન અને લક્ષ્મી પોતાની કોલેજ જોવા ગયાં. કોલેજ તે દિવસે બંધ હતી. એ દિવસે પબ્લિક હોલીડે હતો. મનમાં ધરપત હતી કે તેમને તેમનાં જેવા ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં જોવા મળશે. તપન અને લક્ષ્મીની છ માસની ફી ભરાઈ ગઈ હતી.

સારી નોકરીની રાહ જોતાં બે ત્રણ માસ નીકળી ગયા. સારી નોકરી તેમનાથી દૂર ભાગતી હતી. તપનના ઓળખીતા પેલા ભાઈએ તેને સલાહ આપી : 'હાલ પૂરતાં તમને જે કામ મળે તે સ્વીકારી લેશો, તો તમારે ભવિષ્યમાં આર્થિક મૂંઝવણનો સામનો કરવો પડશે નહિ.'

ભારતીયા દુકાનદારો કે રેસ્ટોરંટ્સના માલિકો આ દેશમાં નવા આવેલા લોકોને ક્યારેય પૂરતું વેતન નહોતા આપતા. આ નવા આગંતુકોની લાચારી હતી. ડૂબતો તરણું ઝાલે, તેમ આ ઈમિગ્રન્ટ્સો હાથમાં જે કામ આવે તે સ્વીકારી લેતા. હકીકતે તો તેમ કરવા સિવાય તેમને માટે બીજો કોઈ વિકલ્પ જ નહોતો.

નોકરી કેમ ગોતવી, તેનો તપનને ખ્યાલ નહોતો. તેને એક ભારતીય રેસ્ટોરન્ટમાં કામ મળી ગયું. રસોડામાં મરચાં, આદુ અને ડુંગળી સમારવાનું એ કામ હતું. તેને ભાતભાતનાં સેલેડ પણ તૈયાર કરવા પડતાં. ઈંગ્લેન્ડમાં આવી, આવું કામ કરવું પડશે, એવી તો તેને કલ્પનાયે નહોતી. આ કામ કરતાં કરતાં એના મનમાં વિચાર-વલોણું ચાલતું હતું. હાઈસ્કૂલની નોકરીમાં એ દિવસભર શું

કરતો, તેની ફિલ્મ તેના માનસપટ પરથી પસાર થઈ ગઈ. કામ કરતાં નહિ, પણ એના મનમાં ચાલતા વિચાર-વલોણાંથી એના કપાળ પરથી પસીનાનો રેલો નીચે ઊતરતો હતો.

બીજા દિવસે લક્ષ્મીને સમોસાં બનાવવાની એક ફેક્ટરીમાં કામ મળી ગયું. ફેક્ટરીના માલિકે લક્ષ્મીના વીસા તપાસીને અઠવાડિયાના વીસ કલાક કામ કરવાની છૂટ આપી. પેલા ફેક્ટરીના માલિકે લક્ષ્મીને કહ્યું, 'અમે બ્રિટિશ સરકારના કાયદાઓનું પાલન કરીએ છીએ.'

'હું પણ કાયદા વિરુદ્ધ કામ કરવા માગતી નથી.' લક્ષ્મીએ નમ્રતાથી કહ્યું.

'તો સારુ, તમે આજથી જ કામ શરૂ કરી શકો છો.'

'ના, હું કાલથી કામ શરૂ કરીશ.'

લક્ષ્મી બીજા દિવસથી કામ પર લાગી ગઈ. ત્યાં તેને જાણવા મળ્યું કે થોડા દિવસ પર આવી જ એક ફેક્ટરીમાં કામ કરતી ગાંધીનગરની એક યુવતીને પિયર ચાલી જવું પડ્યું. ફેક્ટરીમાંથી સીધી તેને ડિટેન્શન સેંટરમાં લઈ જવામાં આવી. તેના રહેઠાણ પરથી તેની ચીજો તેને મળી ગઈ. પોલિસોએ લક્ષ્મી પાસેથી તેના જેવી બીજી યુવતી અને યુવાનોની માહિતી મેળવવા પ્રયત્ન કર્યો. પણ તેણે તેમ કરવા ઘસીને ના પાડી દીધી. તેણે ઉમેર્યું કે તે બાબતમાં તે કશું જાણતી નથી. એ બાબતમાં તે મૌન રહેવા ઇચ્છે છે. પોલિસોએ આખરે તેનો પીછો છોડ્યો.

બીજા દિવસે પતિ-પત્ની બંનેએ એકબીજાંનાં કામની વિસ્તારે ચર્ચા કરી. આંકડાની રમત માંડી જોઈ. તેમણે યુ.કે. આવવાની ભયંકર ભૂલ કરી એવું તારણ કાઢ્યું. પણ હવે શું? અહીં તેમને બંનેને જેટલા પૈસા મળતા હતા, તેટલા પૈસા તો તેમને અમદાવાદમાં વેતન પેટે મળતા હતા. અહીં જે કાંઈ ખાવાનું મળતું હતું તેની સરખામણીમાં તેમને અમદાવાદમાં બહુ સારું ખાવાનું મળતું હતું. બાળકોને મળતો પ્રેમનો ધોધ સૂકાઈ ગયો. બાળકોનો પ્રેમ પણ તેમને મળતો બંધ થઈ ગયો. દેશમાં તેઓ દુઃખી નહોતાં. આ સરખામણીએ તેમની નીંદર હરામ કરી દીધી. પણ હવે શું? જબ ચિડિયા ચૂગ ગઈ ખેત, ફિર પછતાવે ક્યા હોવત હૈ?

એમનાં જેવાં અહીં આવેલા લોકો રસ્તા પર કચરો ફેંકે, ગમે ત્યાં થૂંકે, પાન ખાઈને ગમે ત્યાં પિચકારી મારે. તો વળી કેટલાક જુવાનો ગલોફામાં ગૂટકા નાંખી જે સ્ટાઈલમાં વાતો કરતા જાય અને અને ગમે ત્યાં થૂંકે તે જોઈને તપનને બહુ દુઃખ થયું. આ મુલકમાં ઠેર ઠેર ડસ્ટબીનો રાખવામાં આવ્યાં હતાં, છતાં પેલા માથા ફરેલ લોકો તેનો ઉપયોગ નહોતાં કરતાં. લક્ષ્મી અને તપનને તેમનાં ભાંડુંઓનાં આવાં વર્તનથી શરમ આવતી હતી. તેઓ પોતાનો બળાપો કોઈ આગળ કાઢી શકતાં નહોતાં. દેશમાં તેઓ સ્વચ્છતાના આગ્રહી હતાં.

રોજ ઊઠીને લક્ષ્મી અને તપન એકબીજાંનાં મોં જોઈ રહેતાં. લક્ષ્મીએ તપનને પૂછ્યું, 'તપન, તું કેમ કાંઈ બોલતો નથી?'

'બોલીને શું કરીશ?' તપન દિલમાં રોતો હતો. તે અશાંત બની ગયો. બંને મૌન રહેતાં. મૌનને પણ વાચા હતી. પણ એ વાચા સાંભળનાર આ પતિ-પત્ની સિવાય ત્રીજું કોઈ નહોતું.

તપન અને લક્ષ્મી જે ઘરમાં રહેતાં હતાં તે ઘરમાં ચૌદ જણાં રહેતાં હતાં. તેમાંનાં બે માણસો રાતપાળી કરતા હતા. આ ઘરમાં ટોયલેટ જવા માટે ક્યૂ લાગી જતી. સવારે તો બધાંને કામ પર જવાનું, એટલે બધાં જ ઉતાવળમાં હોય. બહાર થોભેલા સાથીઓ ટોયલેટમાં બેઠેલાને ઝટ બહાર આવી જવા દબાણ કરતા હતા. હદ તો ત્યારે થઈ, કે જ્યારે બે ત્રણ જણા તો પ્લાસ્ટિક્ની થેલીમાં ઝાડો કરી તેને ડસ્ટબીન્માં ફેંકી આવતા ! આ ડસ્ટબીનો સુધરાઈના કામદારો અઠવાડિયામાં એક વાર સાફ કરતા. ચારપાંચ દિવસનો આ કચરો એટલો તો ગંધ મારતો હતો કે કાઉન્સિલના આ કામદારો આવો કચરો સાફ કરતાં તંગ આવી ગયા. તેમને આવા ગંદવાડથી ઉબકા આવતા હતા. તેમણે કાઉન્સિલને આ બાબતે ફરિયાદ કરી.

સવારે બાથરૂમમાં જવા માટે પણ પડાપડી થતી હતી. કેટલાક યુવાનો રોજ સ્વારે સ્નાન નહોતા કરતા. તપન અને લક્ષ્મી આ બધું જોઈને અકળાઈ ગયાં. તેઓ આ અંગે કશું કરી શકે તેમ નહોતાં. તેઓ ચૂપ રહ્યાં. પણ તેમના અંદર રહેલા જીવો ત્રાસી ગયા. તેમને લાગ્યું કે, તેમના જેવા અહીં આવેલા લોકોની અધોગતિની આ પરાકાષ્ટા હશે.

તપન અને લક્ષ્મીની પ્રાઇવસી આ ઘરમાં નહોતી જળવાતી. જાહેર રસ્તા પર જ તેમની પ્રાઈવસી જળવાતી. તેમને કોઈ ખાનગી વાત કરવી હોય, ત્યારે તેઓ પોતાના પરામાં ફરવા નીકળી પડતાં.

એકા દિવસ તપન વેમ્બલી હાઇ રોડ પર ફરવા નીકળ્યો. કેટલાક જુવાનોને તેણે બેટિંગ-શોપમાં બેઠેલા જોયા. અહીં જુવાનિયા મસ્તીથી જીવતા જોવા મળ્યા. રસ્તા પર, ટ્રેનમાં તેઓને ઊંચા સાદે વાતો કરતા જોયા. તેઓ મોબાઈલને કાનથી અળગા નહોતા રાખતા. તેમના પર લાયકા મોબાઈલ અને જી.ટી. મોબાઈલની કૃપા હતી. વતનમાં રહેતા તેમના સ્વજનો સાથે વાત કરવા વિના તેમને ન ચાલે. દેશમાં સાંજે શેનું શાક કરવાનાં હોય તેની વાતો પણ તેમની ચર્ચાનો વિષય બની જતો ! તેમનો આ વાર્તાલાપ બાજુમાં બેઠેલા પેસેન્જરો સાંભળી શકતા હતા. જે લોકો તેમની વાતચીત સાંભળતાં થાકતાં હતાં, તેમની દરકાર પણ તેમને નહોતી. આ સ્વતંત્ર દેશ છે, તેવું તેઓ સમજતાં હતાં.

એક રવિવારે તપન વેમ્બલી હાઈ રોડ પર ફરવા નીકળ્યો. તેણે એક જુવાનને ગલોફામાં ગૂટકાનું પાન ચાવતો જોયો. તે ભાઈનું મોં પાનના રસથી ભરાઈ ગયું હતું. તે જોરથી રસ્તા પર થૂંક્યો. તેણે પાનની પિચકારી પણ મારી. અને તેણે હાશ અનુભવ્યું. તે હલકા ફૂલ જેવો થઈ ગયો. તપનમાં રહેલા પેલા શિક્ષક જીવે પેલા ભાઈને નમ્રતાથી પૂછ્યું, 'ભૈ, તમે આમ રસ્તા પર ના થૂંકો તો ના ચાલે?'

'લ્યા, એમાં તારા બાપનું શું જાય છે? એ ગંદવાડ તારે સાફ કરવો પડે છે? આજ ફરી આવી શિખામણ કોઈને નહિ આલતો, હમજ્યો?'

તપને પેલા ભાઈ તરફ જોવા માંડ્યું. પેલા ભાઈએ તપનને કહ્યું : 'ચાલતી પકડ, લ્યા, નહિતર તારાં કપડાં પર હું પિચકારી મારી દઈશ. સાલ્લો, ગાંધીનો અવતાર થઈ અહીં આવી પડ્યો લાગે છે.'

તપનને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે શું? એક કડવો ઘૂંટડો એ પી ગયો. તપને માનસિક સ્થિરતા ગુમાવી. ભૂલમાં તેણે ઊલટી દિશામાં ચાલવા માંડ્યું. દૂર ગયા પછી એને ખ્યાલ આવ્યો, કે તે ખોટી દિશામાં દૂર ચાલી ગયો હતો.

ઘેર આવી તપને પોતાની હૈયાવરાળ લક્ષ્મી આગળ કાઢી. લક્ષ્મી પતિની વ્યથા સમજી ગઈ. તેણે પતિને પોતાની બાહુમાં જકડી લીધો. ક્યાંયે સુધી. … 'તમે લોકોની ચિંતા ના કરો. આપણી પાસે ચિંતા કરવા જેવું ઘણું છે.'

તપન શાંત થવા પ્રયત્ન કરતો હતો. એને એના પિતાના શબ્દો યાદ આવ્યા : તપન, તને અહીં શું ઓછું પડ્યું છે કે તને પરદેશ જવાનો વિચાર આવ્યો? યુ.કે.માં મજૂરી કરતાં તું થાકી જઈશ. અહીં તારો દિવસભરનો થાક આ તારાં કુમળા બાળકોના ચહેરા જોતાં ઊતરી જાય છે. તારી સ્કૂલમાં તને જે માનપાન મળે છે. તે તને ક્યાંય મળવાનાં નથી. તું તારા બાળકોને તરછોડીને પરદેશ જતો નહિ, સમજ્યો? તારી પત્નીને લોકો બેન્કમાં માનથી બોલાવે છે. પરદેશમાં તને તેવાં સંબોધન સાંભળવા નહિ મળશે. તમારા કામને ઠુકરાવી પરદેશ જવાની ભૂલ ના કરીશ.'

તપન એક ખુરસી પર બેસી ગયો.

લક્ષ્મીએ લંડન જતાં પહેલાં પોતાનાં બાળકોને ચૂમી લીધાં હતાં. જાણે હજી તેના હોઠ પર તે ભીનાશ વળગી રહી ના હોય !! તેણે પોતાનો હાથ હોઠ પર ફેરવ્યો. તે શાંત થઈ ગઈ. ફરી એક આંગળી તેણે હોઠ પર ફેરવી, જાણે તે કોઈ કેમેરા સામે પોઝ આપતી ના હોય !!! મિનિટો સુધી તે મૌન રહી. તેના મનમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હતું.

તપન જ્યારે પિતાની ચરણરજ લેવા વાંકો વળેલો ત્યારે તેના પિતાએ પોતાના પગ પુત્રના હાથથી દૂર હઠાવી લીધેલા, તેનું સ્મરણ થયું. પતિ-પત્ની એકબીજાં તરફ જોતાં જ રહ્યાં. બેમાંથી એકેયે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ.

તપન અને લક્ષ્મી તેમના જીવનની નિષ્ફળતાને જીરવી શક્યાં નહિ. તપન બજારમાંથી વીડ-કિલર લાવ્યો. તેને પાણીમાં ઉકાળી તે પાણી તેણે સોડાવોટરની બે બોટલમાં ભરી દીધું. રવિવારનો એ દિવસ હતો. ઢળતી બપોરે તેઓ વેમ્બલીના કિંગ એડવર્ડ પાર્કમાં જઈને બેઠાં હતાં. પોતાની નિષ્ફળતાને તેઓ વાગોળતાં હતાં. અમદાવાદમાં ઘર ભેગાં થવા માટે એરલાઇનની ટિકિટ ખરીદવા તેમની પાસે પૈસા નહોતા બચ્યા.

વારંવાર તેમની નજર આજુબાજુમાં ફરી આવતી હતી. તટસ્થ રીતે વિચારી શકે તેવી તેમની માનસિક સ્થિતિ નહોતી. માનસિક તણાવ અને હતાશાએ તેમને ઘેરી લીધા હતાં, તે તેમના ચહેરા પર સ્પષ્ટ વંચાતાં હતાં. તેઓ જે કાંઈ વિચારી રહ્યાં હતાં, તે યોગ્ય છે કે કેમ, તેવો સવાલ પણ તેમના મનમાં ઊગ્યો નહોતો.

એક અશ્વેત જુવાનની નજર લક્ષ્મીના ગળાના ચેન પર અને તપનના કાંડાના ઘડિયાળ પર પડી. તે જુવાન પાંત્રીસેક વરસનો લાગતો હતો. પાંચ સાત માણસોને ભારે પડે તેવો હતો. તેના બાહુના સ્નાયુઓ ચાડી ખાતા હતા કે તે બહુ કદાવર હતો.

પતિ-પત્નીએ વીડ-કિલરનાં પાણીવાળી બોટલો એકબીજાના હોઠો પર અડાડી. બંને જણાં તે પ્રવાહી ગટગટાવી ગયાં. પાર્કમાં બેઠેલાં લોકો આ પ્રેમી-પંખીડાંને દૂરથી નિહાળી રહ્યાં હતાં. થોડી વારમાં તપન અને લક્ષ્મીની કાયા ધરતીને ખોળે ઢળી પડી.

પેલો અશ્વેત જુવાન ઊભી પૂછડીએ ભાગી ગયો. પાર્કમાંથી એક જુવાન તપન અને લક્ષ્મી બેઠાં હતાં ત્યાં ગયો. તેણે જોયું કે ઢળી પડેલા આ બે માનવ દેહો નિષ્પ્રાણ હતા. તેણે તરત એમ્બ્યુલન્સ અને પોલિસને આ ઘટનાની જાણ કરી.

બીજે દિવસે ઉપરોક્ત ઘટનાની વાત સમાચારપત્રમાં ફોટા સાથે લોકોને વાંચવા મળી.

મીરાંબાઈએ તો રાણાજીએ ઝેરનો પ્યાલો આપ્યો હતો. તપન અને લક્ષ્મી તો જાણી જોઈને ઝેરને ગટગટાવી ગયાં હતાં.

આ ઘટના ભારતીયોએ ધ્યાનથી વાંચી. એક વૃદ્ધે એની પત્ની સામે તે છાપું ફેંક્યું અને તેને પેલી ઘટના વાંચવા કહ્યું. એકાદ ક્ષણ પછી પેલા વૃદ્ધથી બોલાઇ ગયું : 'જીવનની સમસ્યાઓથી હારવા કરતાં તેમની સામે ઝઝૂમીને ખતમ થઈ જવામાં વધુ બહાદુરી હતી.'

યુ.કે. જવા પહેલાં તેમણે કોઈ ડંફાશ મારી ન હોત, નોકરીમાંથી તેમણે રાજીનામું આપવા કરતાં કપાત પગારે બે વર્ષની રજા લીધી હોત અને તેમણે પોતાનાં સંતાનોને સંભળ્યા હોત, તો ...?

(આ વાર્તા એક સત્ય ઘટનાને આધારે લખાઈ છે.)

**(મુદ્રાંકન સદ્‌ભાવ : વલ્લભ નાંઢા)**

e.mail : ramanlal_d_patel@hotmail.co.uk

•••••••••••

(7)

# ગાંધી બાગનો ડોસો

**• પાર્થ નાણાવટી**

શહેરમાં આવે મહિનો માસ થઈ ગયો હતો, ને શહેર થોડું થોડું સમજાવા લાગ્યું હતું. નંદિતાની જીદ હતી કે એની ઇન્ટર્નશિપ એ મોટી હોસ્પિટલમાં જ કરશે. નવા નવા લગ્ન થયા હતા; અને એક સારા ડોક્ટર બનવા માટેની એને તાલાવેલી હતી. વળી, મોટા શહેરમાં જાત ભાતના કેસ આવે એટલે શીખવા પણ ઘણું મળે. આ બધા ફેક્ટર ધ્યાનમાં લઈને શહેર શિફ્ટ થવાનો નિર્ણય લેવાયો. મારી બેન્કની દરેક શહેરમાં શાખા હતી જ અને પિતાજીની ઓળખાણને કારણે તાત્કાલિક બદલી પણ થઈ ગઈ. બેંકનું વાતાવરણ ઠીકઠાક હતું. જે ભાઈની જગ્યાએ હું આવ્યો હતો એ યુનિયનમાં સક્રિય હતા. એટલે સ્ટાફમાં ઘણાને એમની રાતોરાત બદલી થઈ એ પણ ખૂંચ્યું હતું. મેનેજર ભલા હતા. બે એક વર્ષ બાકી હશે, એટલે એ પણ સમય કાપતા હતા. મારી સહાયક શાખા પ્રબંધકની જગ્યા અને કામગીરી વ્યસ્ત રહેતી.

શહેરની બહાર બહુ મોટી ઔદ્યોગિક વસાહત હતી, જેના મોટા ભાગના ખાતા મારી પાસે હતા. લોનો આપવી, ચકાસણી કરવી, વસૂલી અને આ બધામાં મારો દિવસ ક્યાં જતો એ ખબર જ ન રહેતી. નંદિતા પણ એના કામમાં રત હતી. સાંજે ભેગા થઈને એક શાંતિવાળું રાતનું ભોજન પછી થોડું ચાલવા જવું અને રેડિયો પર જૂનાં ગીતો સાંભળતાં સાંભળતાં આંખ ક્યારે મળી જતી એ ખબર જ ન રહેતી ...

પપ્પાજીના દોસ્તનો ફ્લેટ હતો, શહેરની બહારના એક પરામાં. નાની જગ્યા હતી પણ નંદિતાનું ભણવાનું પતે એટલે પાછા ગામ જતાં રહેવું એવું મનોમન નક્કી કરી લીધું હતું ... કોણ જાણે કેમ મને શહેર કોઈ દિવસ પોતાનું લાગ્યું જ ન હતું ... હોસ્ટેલમાં રહીને એમ.બી.એ. કરતો, ત્યારે પણ અને અત્યારે પણ .... શહેર મને રેલવેના મોટા પ્લેટફોર્મ જેવું લાગતું .... લોકો આવે અને સમય થયે પોતાની ગાડી આવે એટલે નીકળી જાય ને પાછા થોડા નવા લોકો ઉમેરાય ... અહીં કંઈ જ સ્થાયી ન હતું .. સતત બદલાવ અને બદલાવ સાથે જાતને બદલવાનો પ્રયાસ .. અને આ બન્નેની વચ્ચેની હરીફાઈ ... ખેર, વરસ-દહાડાનો પ્રશ્ન હતો .. ગામની હોસ્પિટલમાં નંદિતા માટે જગ્યા ખાલી જ હતી ને જેમ હું અહીં આવ્યો હતો તેમ જ પાછી પિતાજીની ઓળખાણથી ગામ ભેગા ...

શરૂ શરૂમાં નંદિતા વહેલી ઊઠી, ભાખરી શાક ને એવું બનાવી લેતી લંચ માટે, પણ સમય જતાં થયું કે માત્ર લંચ માટે એને કલાક વહેલા ઊઠવું પડે છે, અને મોટા ભાગના દિવસોએ રાતે મોડે સુધી વાંચતી હોય છે. એટલે એની ઇચ્છા વિરુદ્ધ આ લંચ બનાવવાનો સિલસિલો મેં બંધ કરાવ્યો .. એણે મને સમ લેવરાવ્યા કે આ વાત અમારી બન્નેની વચ્ચે જ રહેશે ... પિયર કે સાસરીમાં કોઈ જાણે તો કેવું લાગે! એમ.ડી.નું ભણતી સ્ત્રીને પણ આ સમાજની દોર પર સન્તુલન રાખી, ચાલવું પડતું એ વાતનો મને ગુસ્સો પણ હતો ને કૌતુક પણ ...

મને આમ પણ લંચમાં ભારે ખાવાની ટેવ ન હતી ... બપોર આખી ઝોકાં ચડે, ને મોટા ભાગના વેપારી બપોર પછી જ આવી ચડતા હોય. એટલે ઝોકાં ખાતો મેનેજર શાખાની પ્રતિષ્ઠા માટે સારો ન લાગે, અને એ પણ જયારે ખાસ ઓળખાણથી બદલી કરાવીને આવ્યો હોય ત્યારે. અમારી ઓફિસની પાછળ સ્ટાફ રૂમ હતો, જ્યાં હું શરૂઆતમાં લંચ ટાઈમમાં જતો. ફટાફટ જમી ને કેટલાક ઉત્સાહી સ્ટાફ મેમ્બર કેરમ કે ટેબલ ટેનિસ રમતા. અમુક છાપાં ઉથલાવે ને પાને પાને, સમાચારે સમાચારે કોઈ સાંભળે કે ન સાંભળે પણ તેઓ પોતાની એક્સપર્ટ કોમેન્ટ આપે, દેશની અર્થવ્યવસ્થાથી શરૂ કરીને, એરંડાનું વાયદા બજાર, ટ્રેક્ટરનાં ઉત્પાદનમાં થયેલો ઉછાળો અને કબજિયાતમાં લીમડાનો ઉપયોગ ... જાતભાતના વિષયો પર એમની ટિપ્પણી હોય હોય ને હોય જ .... અમુક દાઝેલા જીવો મારા પર પણ થોડાક કટાક્ષ ભર્યા છણકા કરી લેતા ... થોડા સમયમાં જ મને એ વાતાવરણની ઊબ આવવા મંડી ...

હવે લંચનો પ્રશ્ન હતો નહીં. બેન્કની સામે એક ઉદ્યાન હતું ... ગાંધી બાગ તરીકે .. સરસ વૃક્ષોથી આચ્છાદિત અને લીલુંછમ શાંત વાતાવરણ ... કોઈ કહે નહીં કે આટલી શાંત જગ્યાની આસપાસ એક રઘવાટિયું શહેર વીંટળાઈને પડ્યું છે ... બગીચાની બહાર ખાણીપીણીની લારીઓ હતી, પાણીપૂરી, રગડા પેટિસ ને એવું જાત જાતનું ખાવાનું મળે. કોલેજ પણ ક્યાંક નજીકમાં જ હશે કારણ કે ઘણા યુવાનિયા અહીં જોવા મળતા. હું એક ફ્રૂટ ડીશની લારી પર જાઉં ને પેલો મને કાગળના બોક્સમાં ફ્રૂટના ટુકડા ઉપર કોઈ ગેબી મસાલો ભભરાવીને આપી દે જે અમુક દિવસોએ મારો લંચ બની જાય ..

હું બોક્સ લઈને બગીચામાં જતો રહું. ગાંધીબાગ નામ હતું કારણ કે બગીચાની વચોવચ ગાંધીજીનું પૂતળું હતું. નાનકડું ગોળ જુદા જુદા લેવલવાળું ઇંટોનું પ્લેટફોર્મ ને સૌથી ઉપરના લેવલ પર બિરાજમાન મોહનદાસ ગાંધી. એમના હાલહવાલ જોતાં લાગતું કે શહેર એમને આ જગ્યાએ સ્થાપ્યા પછી વિસરી ગયું હતું ... ઈવન બગીચાની હાલત પણ બહુ સારી ન હતી, અનેકવિધ પ્રકારની વનસ્પતિઓ ઠેર ઠેર મનફાવે એમ ઊગી નીકળી હતી અને કોઈ રેસિડન્ટ માળી હોય એવું લાગતું ન હતું ... હું થોડું ખાઈ ને નંદિતા સાથે ફોન

પર વાત કરું ને પાછી ફોનમાં જ નાખેલાં ગીતો સાંભળું ને ત્યાં તો પાછા જવાનો સમય થઈ ગયો હોય ...

બે એક દિવસ પહેલાં, એની આગવી અદાથી, ગાજવીજ સાથે ચોમાસું શહેરમાં આવી પહોચ્યું છે. પહેલી જ રાતે ધોધમાર વરસાદ ને બત્તી ગુલ. ચાલવા જવાનો પ્રશ્ન તો હતો નહીં. કેન્ડલ લાઈટ ડીનર પછી અંધારામાં બોર થતા હતાં. એટલે અમે બન્ને અંતાક્ષરી રમ્યાં. મને પહેલીવાર જાણ થઈ કે નંદિતા કેટલું સરસ ગાય છે ... એક સ્ત્રીનાં પણ કેટલાં બધાં લેયર્સ ને પરિમાણો હોય છે, મોડી રાતે સૂતાં ને ત્યાં જ લાઈટ પણ આવી ...

સવારમાં સુસ્તી હતી. કામ પર જવાનું સહેજ પણ મન હતું નહીં. પણ મારે તો છૂટકો ન હતો, ને કમને ઓફિસ જવા નીકળ્યો. નંદિતાને ડ્રોપ કરી, ને હું ઓફિસમાં પહોચ્યો. ત્યારે ત્યાં મોટો તમાશો ચાલુ હતો. રાતના વરસાદમાં અમારી બેન્કના જૂના મકાનમાં છતમાંથી પાણી ટપક્યું હશે ... એટલે ઓફિસની વચોવચ નાનું એવું તળાવ ભરાયું હતું. કોકના કાગળિયાં પલળી ગયા હતાં. કોકની પાવતી બુક. ને હો હા થતી હતી. મેનેજર સાહેબ બીમાર હતા એટલે આવ્યા ન હતા. ને આ તોફાનની વચ્ચે સ્થિતપ્રજ્ઞતાથી અમારો સ્વીપર નગીન પોતાથી થાય તેમ પાણી કાઢવામાં લાગ્યો હતો ... વરસાદના કારણે બહુ લોકો પણ આવ્યા ન હતા ... કંટાળો આવે એવું વાતાવરણ હતું. હેડ ક્લાર્ક સંઘવીને મેં કહ્યું, મારી તબિયત જરા નરમ છે, એટલે હું ચા પીને આવું .. એણે નોટો ગણતાં ગણતાં ખાલી માથું હલાવ્યું ...

ચાની કીટલી પરથી હું થર્મોકોલના કપમાં આદુ નાખેલી કડક અને મીઠી લઈને ગાંધી બાગમાં પહોચ્યો ... વરસાદ અને વાવાઝોડાએ બાગની જે હાલત કરી હતી! કાદવ, ઝુકી ગયેલાં ઝાડવા ને આ તારાજીની પાર મારું ધ્યાન ગાંધી બાપુ પર ગયું અને … ગેસ વ્હોટ?

બાપુ એકલા ન હતા, એમની સાથે કોઈ હતું ... એક ઘરડો માણસ કંઈક બબડતો બબડતો પૂતળાની આસપાસ ફરતો હતો ... પોતાના ખભે નાખેલાં લાલ રંગનાં મસોતાં જેવાં કપડાંથી બાપુને લૂછતો હતો. પાણીના ખાબોચિયાને ઉલેચવાના પ્રયત્નો કરતો હતો. પછી એકદમ પાછો બાપુની પાસે જાય અને પૂતળા સાથે વાતો કરે ... મને ગમ્મત પડી. મેં થોડે નજીક, એને ન દેખાય એવી જગ્યાએ જઈ, ને એક સારા પ્રેક્ષકની જેમ આખો શો જોવાનું નક્કી કર્યું ..

પણ વાત આગળ વધે એ પહેલાં સુધરાઈ ખાતાના માણસો આવ્યા. કાલના વાવાઝોડામાં ઈલેક્ટ્રિકનો તાર તૂટી ગયો હતો. એટલે બગીચો ખાલી કરાવવા આવ્યા હતા ... સાથેસાથે થોડી સાફસૂફી પણ ચાલુ કરી. મને એમાંના એક જણાએ બાગ છોડી જવાની સૂચના આપી. એટલે હું ચા પૂરી કર્યા વિના બહાર નીકળ્યો. ને પછી મારી પાછળ, મેં હોંકારા પડકારા સાંભળ્યા. પેલા વૃદ્ધ માણસને સુધરાઈ ખાતા વચ્ચે જંગ છેડાયો હોય એવું લાગ્યું ... હું રસ્તો ક્રોસ કરીને બેંકમાં પહોચ્યો, પણ ચાની લારી પરથી એક છોકરો બગીચામાં ગયો ને થોડી વારમાં આખું સરઘસ બહાર આવ્યું, જે મેં બેન્કના દરવાજેથી જોયું ...

આ બનાવના ચાર પાંચ દિવસ પછી, એ સવારે એ જ ડોસાને મેં બેંકના કેશિયરના કાઉન્ટર પર જોયો ..!! ભૂરું ખાદીનું ખમીશ ને નીચે ઘૂંટણ સુધી ચડાવેલો લેંઘો ... હાથમાં કાળી જરી ગયેલી છત્રી ને બીજા હાથમાં થેલી ... હજુ વધુ વિચારું એ પહેલાં, ડોસાએ યુદ્ધનું રણશિંગું ફૂંક્યું ... કેશિયરે દરવાજે ઊભેલા સિક્યુરિટી તરફ ઈશારો કર્યો. ઘરડો સિક્યુરિટી ગાર્ડ આવીને ડોસાને ધીમેથી સમજાવા લાગ્યો. હું ઝડપથી અંદરની તરફથી કેશિયર પાસે ગયો. એનું પાંજરું નિયમ પ્રમાણે લોક હતું, એટલે એણે કાચની આરપાર ડાગળી ચસકેલનો ઈશારો કર્યો ..

મેં ગાર્ડ ને પૂછ્યું, 'શું થયું ?'

ગાર્ડ ડોસાના ખેલથી વાકેફ હોય એમ, 'કંઈ નહીં, સાહેબ, આપણા જૂના કસ્ટમર છે.'

નવાઈની વાત એ હતી કે ડોસો ન મને જોતો હતો, ન ગાર્ડને સાંભળતો હતો. એ તો માત્ર કેશિયરની સામું ઘૂરકીને કંઈક અષ્ટમપષ્ટમ બોલે રાખતો હતો ...

મેં એનું ધ્યાન દોરવા કહ્યું, 'કાકા ... ઓ કાકા ... શું થયું ... મારી સાથે વાત કરો ...'

ગાર્ડે ડોસાને કહ્યું, 'જાઓ, મોટા સાહેબને કહો.'

પણ ડોસો કંઈ બોલ્યા વિના, સડસડાટ નીકળી ગયો. કેશિયર હસતો હસતો બહાર આવ્યો ...

'સાહેબ, છટકેલ છે. રેલવેમાં હતો. અહીં પેન્શન લેવા આવે છે, દર દશમીએ. એનો કકળાટ હોય ... મારે ગાંધીજીવાળી નોટ જોઈએ .... હવે પાંચસોની નોટ કેટલી હોય .. સોસોની આપું તો ના લે.'

'તમારી પાસે પાંચસોની નોટ નથી?' મારા આવા સત્તાવાહી પ્રશ્નથી એ છંછેડાયો, 'ના નથી. વિશ્વાસ ના હોય તો આપ જાતે જોઈ લો ..'

'અને હવેથી આ ગાંડિયું આવશે ત્યારે આપની પાસે જ મોકલી આપીશ.'

સ્ટાફમાં ગણગણાટ શરૂ થઈ ગયો ... હું સમયનો તકાજો સમજી, પાછો મારો ઓફિસમાં જતો રહ્યો ...

બપોરે લંચ સમયે મારી નિયત કરેલી જગ્યાએ બેઠો બેઠો હું સેન્ડવીચ ખાતો હતો, ને ડોસો આવ્યો ... મારી એકદમ પાસેથી પસાર થયો, પણ જાણે મારી હાજરીનું એને ધ્યાન જ ન હોય એમ! સીધો એ પૂતળા પાસે ગયો ... ત્યાં બેઠો. પછી બાપુ સાથે એની મહેફિલ શરૂ કરી ... મેં સાંભળવા કાન સરવા કર્યા ... એ સાવ અસ્પષ્ટ બોલતો હતો ... હું બેંચ પરથી ઊભો થઈને થોડો નજીક ગયો .. એ એની વાતોમાં મસ્ત હતો. જાણે કોઈ જૂના સ્વજન સાથે નિરાંતે ગપ્પાગોષ્ઠી ન ચાલતી હોય? મીઠાંની ચળવળ અને નેહરુ, ને એવા છૂટાછવાયા શબ્દો સંભળાય .. મને અંદરોઅંદર લાગ્યું, કે ન કરે નારાયણ, ને જો ડોસો મને જોઈ જશે, તો પાછો તમાશો કરશે ... એ બીકે હું ત્યાંથી સરકી ને બહાર નીકળ્યો પણ મારું કુતૂહલ મને પેલી ચાની લારી પર ખેંચી ગયું .. બપોરનો સમય હતો ને ઘરાકી પાતળી હતી. મેં લારી પરના છોકરાને પૂછપરછ કરી ... ડોસા વિષે.

'કંઈ નહીં, જવા દો ને, સાહેબ ... સારો માણસ છે ... આ લોકો એને છંછેડે છે.'

'પબ્લિકને કોઈ કામ ધંધો નથી.'

'એના બાપા સાબરમતી આશ્રમમાં હતા. એ ત્યાં જ મોટો થયો. બાપ તો જેલમાં મરી ગયો. આઝાદી પછી, આને રેલવેમાં નોકરી મળી ... પાંચ વરસ પહેલાં ગેંગમેન તરીકે રિટાયર થયો. અહીં રેલવે કોલોનીમાં રહે છે, એના છોકરા-વહુ સાથે .. છોકરો પણ રેલવેમાં છે. છોકરો બીમાર હતો, ડોસાએ પોતાની એક કિડની આપી. ગાંધીજીનો આશિક છે. એની વહુ મરી ગઈ, એ વખતે છોકરા સાથે મોટો ઝગડો થયો. ડોસાને કાશી જવું 'તું હાડકાં પધરાવવાં, પણ છોકરો ન માન્યો. તે દિવસથી કોઈની સાથે બહુ બોલતો નથી. ગાંધીના પૂતળા પાસે બધી જ વાતો કરે ... ગાંધી જયંતીને દિવસે પાંચસોની નોટ વાપરે. મીઠાઈ ખવરાવે, જે કોઈ બગીચામાં આવે એને, પૂતળાને હારતોરા કરે .. હમણાં સાંજ થશે, એટલે ઘર ભેગો .. કાલે પાછો આવી જશે … પણ માણસ સીધો છે ... લોકો સળી કરે એટલે અકળાય છે.'

વરસાદ ફરી શરૂ થયો હતો ... હું ચાના પૈસા ચૂકવી બેંક ભેગો થયો ....

*******

આજે મારે અને નંદિતાને રજા હતી. બીજી ઓક્ટોબર ... વરસ ક્યાં જતું રહ્યું, એ ખબર પણ ન પડી. બેંકનું રાજકારણ, નંદિતાનું ભણવાનું, વચમાં પિતાજીની લથડેલી તબિયત ... મહિના માસમાં નંદિતાનું પરિણામ આવશે. એ આ ગૂંગળામણથી છુટકારો. વિચાર છે ગામ જઈએ એ પહેલાં ક્યાંક ફરવા જવું છે ... લેઇટ હનીમુન .... હું છાપું ઉથલાવતો બેઠો હતો, ને મારી નજર એક જાહેરાત પર પડી ... કોઈ બિલ્ડરની જાહેરાત હતી ... નવો પ્રોજેક્ટ ... ગાંધી બાગની જગ્યા પર!!! આજે ગાંધી જયંતીનાં દિવસે ભૂમિ પૂજન હતું ને મને વિસરાઈ ગયેલો પેલો ડોસો યાદ આવ્યો ... કોણ જાણે કેમ, પણ એ ડોસો પણ આ શહેરની ઘણી બિનમહત્ત્વની બાબતોની જેમ મારા રૂટિનમાં ગોઠવાઈ ગયો હતો ... મારું એના વિશેનું કુતૂહલ ક્યારનું કમોતે મરી પરવાર્યું હતું. ને આ શહેરમાં રહેતા ને એ બાગમાં આવતા બીજા બધા લોકોની જેમ હું પણ સાવ અનાયાસે એ ડોસાને ભૂલી ગયો હતો ... ઘણી વાર એ બેઠો હોય ને પૂતળા સાથે વાતો કરતો હોય તો ધ્યાન પણ નહીં જતું ... હું મારા વિચારોમાં હોઉં ... ટાઈમ

ક્યાં છે, બોસ … પણ અંદરથી બહાર ને બહારથી અંદર વિકસી રહેલું શહેર પ્રગતિના નામે એક ડોસાની જીવાદોરી સમો એ બાગ ને એ પૂતળું આટલી જલદી ભરખી જશે, એની ખબર ન હતી …

મેં નંદિતાને કહ્યું ચાલ તૈયાર થઈ જા .. આંટો મારીને આવીએ … એ જરા મુંઝાણી, પણ પછી અમે બન્ને ફટાફટ તૈયાર થઈ ગાંધી બાગ પહોચ્યાં … ભૂમિપૂજનની તૈયારી જોરશોરથી થઈ હતી. મંડપને હાર તોરા … પાછળ એક બુલડોઝર પણ હતું, કોઈ નેતા મંત્રી આવવાના હશે … પિતાજીના જાણીતા! અમે બન્ને એક ખૂણામાં કાર પાર્ક કરી ઈભા રહ્યા, મારી નજર ભીડમાં એ ડોસાને શોધવા લાગી … સારી એવી ચહલપહલ હતી, લાઉડ સ્પીકર પર દેશ ભક્તિના ગીતો રેલાતાં હતાં … એક મોટા બીલબોર્ડ પર અહીં, આ જગ્યા પર જે બહુમાળી ઈમારત બનવાની હતી, એના મોડેલનો ફોટો હતો … ખબર નહીં પણ મને કોઈ ગડબડ હોય એવું લાગ્યું … પોલિસવાળા આમતેમ યુઝલેસ આંટા ફેરા ને આશીર્વાદ કરતા હતા … ચાની કીટલી ધમધમતી હતી … નંદિતા સાવ કન્ફ્યુઝ હતી … હું એને રાહ જોવાનું કહી, કારમાંથી ઉતર્યો ને સીધો ચાની કીટલી પર ગયો … પેલો છોકરો ત્યાં જ હતો … આસપાસમાં ઘણા માણસો હતા, એટલે મેં એને ઈશારાથી ગાડી પર બે કપ ચા લાવવા કહ્યું … ને હું પાછો ગાડીમાં જઈને બેઠો. થોડી વારમાં એ આવ્યો ….

ચાના કપ લઈને મેં એને પેલા બીલબોર્ડ તરફ ચીંધી પૂછ્યું … 'પેલા કાકાનું શું થયું? હવે તો અહીં બિલ્ડીંગ બનશે .. કાકો ક્યાં જશે??'

જવાબમાં છોકરો મરક મરક હસ્યો, પછી આજુબાજુ જોઈ, મારી ગાડીના કાચ પર ઝુકી બોલ્યો, 'કાકો ચાલુ આઈટેમ નીકળ્યો. એને ખબર પડી કે અહીં બિલ્ડીંગ બાંધવાના છે … બે દિવસ પે'લાં મોડી રાતે બે મજૂર ને એક રીક્ષા લઈને આવ્યો .. ને … '

પછી એકદમ સાવચેતીથી બોલ્યો, 'પૂતળું ખોદીને લઈ ગયો … રીક્ષામાં નાખીને … હું લારી પર સૂતો હતો. એટલે મારું ધ્યાન પડયું … જતાં જતાં મારી પાસે આવ્યો, મારા માથે હાથ ફેરવ્યો, ને એક ગાંધીવાળી નોટ મને પણ આપતો ગયો.'

બોલતા બોલતા છોકરાની આંખોના ખૂણે ભીનાશ ઉભરી આવી. ત્યાં એના શેઠની બૂમ પડી એટલે એ ચાલવા માંડ્યો.

*********

જાણવા મળ્યું છે કે ડોસાનો એક દોસ્તાર હતો. મહારાષ્ટ્રમાં સતારા પાસે. ડોસો પૂતળું લઈને ત્યાં પહોચ્યો હતો … ને એના ભાઈ બંધના ખેતરમાં મોહનદાસને બિરાજમાન કર્યા હતા ….

********

ઘણાં વર્ષો પછી, જયારે નંદિતાને એક કોન્ફરન્સ માટે શહેરમાં આવવાનું થયું, ત્યારે હું ગાંધીબાગ પાસે બનેલી ઊંચી ઈમારત પાસેથી પસાર થયો. ત્યારે ગાડી ઊભી રાખી, ડોસા વિષે પૂછવાની ઈચ્છા મેં ત્યાંની ત્યાં જ મારી નાખી … મારે માટે સતારાના એ ખેતરમાં ગાંધી સાથે ગમ્મત કરતો ડોસાની કલ્પના પૂરતી હતી … મને મારા સ્વભાવ મુજબ, આગળ જાણવામાં રસ ન હતો … કારણ કે કદાચ મારે એનાથી વધુ જાણવું ન હતું …

**(સિડની, લખ્યા તારીખ : ૯ જુલાઈ ૨૦૧૨)**

e.mail : parthbn@gmail.com

•••••••••••

(8)

# ઉડાન

**• નવીન વિભાકર**

'પેસેન્જર્સ ટુ ન્યુ યૉર્ક, રેડી ટુ બોર્ડ!'

એનાઉન્સમેન્ટ થતાં સીફા ઊભી થઈ ગઈ. એક્ઝીટ તરફ જવાં પગ ઉપાડતાં પાછળ ફરી લાઉન્જમાં જોયું. ને તે દોડી. જઈને માનસી તથા એલિઝબેથની બાહોમાં સમાઈ ગઈ. આંખમાંથી અશ્રુ સરી રહ્યાં. હજી તેના માન્યામાં નો'તું આવતું કે ડરબન કે દક્ષિણ આફ્રિકાના શહેરની બાજુમાં રહેલી હવે યુવતી બની અમેરિકા જઈ રહી છે. પોતાના સપના સાકાર કરવા !

'બી, બ્રેવ! સીફા!' એલિઝાબેથ બોલી.

'અને જો,' માનસી બોલી, 'મારા માતપિતા તને એરપોર્ટ પર - કેનેડી એરપોર્ટ પર લેવા આવવાનાં જ છે, તો ચિંતા શેની?'

સીફા આ બન્ને 'એન્જલ્સ' – પરીઓને જોઈ રહી. જીવન ક્યાંથી ક્યાં માનવીને લઈ જાય છે! કદી સપને પણ વિચાર્યું નો'તું, કે આવું બનશે.

તે હાથમાંનું 'કેરી ઓન' લઈ આગળ વધી. સિક્યુરિટી પતાવી, ગેઈટ પાસે આવી, બોર્ડિંગ પાસ આપ્યો ને પ્લેનમાં બેઠી. પ્લેન ઉપડતાં દિલમાં એક દર્દ ઉઠ્યું. વતન છોડવાનું દુ:ખ કેવું હોય તે તેને આજે સમજાયું. પણ વિચાર્યું, હંમેશ માટે થોડી જાય છે? માનસીની જેમ સપનું સાકાર કરીને પાછી આવશે જ ને! માનસીની જેમ જ !

***

ડરબનના પારેખ ઈન્ડ્સ્ટ્રીઝ્ના ઉદ્યોગપતિ વસંતભાઈ પારેખ ને મંજુલાબહેન પારેખ માનસીને ડરબન શહેરના એરપોર્ટ પર છોડવા આવેલાં, 'દીકરી! અશ્વિન, તારો ભાઈ, તને લેવા કેનેડી એરપોર્ટ પર આવશે. તેં બરાબર વિચાર કર્યો છે કે તારે સાયકોલોજી ને સોશ્યોલોજીનો અભ્યાસ કરવો છે?'

'મમ્મી! પપ્પા ! તમે દક્ષિણ આફ્રિકા, ડરબન ને આજુબાજુના ગામડાંઓની હાલત જોઈ છે ને? ગાંધીજી આપણને કેટલી પ્રેરણા આપી ગયા છે! હું અહીં દક્ષિણ આફ્રિકામાં જન્મી, ડરબનમાં ભણી, તો મારી જન્મભૂમિ તરફ મારું ઋણ તો અદા કરવું જોઈએ ને? અને ચાર જ વર્ષનો કોર્સ છે ! વળી રજાઓમાં તો હું પાછી આવતી જ રહીશ ને!'

અને માનસી પારેખ ન્યુ યોર્ક આવી ગઈ. પારેખ નિવાસમાં લોન્ગ આઈલેન્ડ્માં આવી. ભાઈ અશ્વિન પણ બિઝનેસ મેનેજમેન્ટનું ભણતો હતો. બંગલો વિશાળ અને આધુનિક હતો. કોલેજમાં ભણતાં માનસી ઘણા લોકોના સહવાસમાં આવવા માંડી. સારા નરસા વિદ્યાર્થીઓના પરિચયમાં આવતાં એલિઝાબેથ સ્મીથના પરિચયમાં આવી. એક નામાંકિત વકીલની દીકરી હતી. આજે માનસીનું બેકગ્રાઉન્ડ જાણી લીઝે (એલિઝાબેથનું ટૂંકુ નામ) તેને શુક્રવારે સાંજે ડીનર માટે ને વીકેન્ડ તેના ઘરે જ ગાળવા આમંત્રી. ડીનર લેતાં મિ. સ્મીથે પૂછ્યું, 'માનસી! અભ્યાસ પૂરો થયા પછી શું કરવું છે? અમેરિકામાં રહેવું છે ને? તમારે તો તમારો બંગલો પણ અહીં છે.'

'ના, અંકલ ! હું પાછી ડરબન જવાની છું.'

'કેમ?'

'એક તો મારી જન્મભૂમિ છે ને અહીં આવ્યા પછી દક્ષિણ આફ્રિકાના ગામડાંઓ - ભર વિશે જે મેં નો'તું જાણ્યું એ જાણ્યા પછી હવે મારે મારી ડિગ્રી – ભણતરનો ઉપયોગ કરવો જ રહ્યો.'

'શું તેં એવું જાણી લીધું?'

માનસી ને એલીઝબેથની આંખો મળી. તે બોલી, 'અંકલ! મારી સાથે એલિઝાબેથ એક્સચેન્જ સ્ટુડન્ટ પ્રોગ્રામમાં ડરબન આવે તો તમને વાંધો છે? એક જ વર્ષ માટે?'

'હા ! પપ્પા ! દક્ષિણ આફ્રિકાનો ઈતિહાસ વાંચી, જાણી, નેલ્સન માંડેલાના બલિદાનો સાંભળી, તેમનું પુસ્તક 'લોન્ગ વોક ટુ ફ્રીડમ' વાંચી મારા રૂંવાડા ઊભા થઈ ગયા છે. દક્ષિણ આફ્રિકા સ્વતંત્ર થયું. હવે જ એ દેશને મદદની જરૂર છે. વધુ તો સોશ્યોલોજી ને હેલ્થના વિભાગોમાં. અમારે – મારે ને માનસીએ ત્યાં એક હેલ્થ સૅન્ટર ખોલવું છે. માનસીના પિતા ઉદ્યોગપતિ છે તેથી આર્થિક મદદ તો મળશે પણ …'

'એટલે, તમે બન્નેએ શું વિચાર્યું છે?'

'અંકલ! એ દેશમાં પ્રજાને હજી શારીરિક રોગો વિષે કંઈ જ્ઞાન નથી. ગામડાંઓમાં ટુરીસ્ટો આવી 'એચ આઈ વી, એઈડ્ઝ જેવા રોગો શહેરોમાં ફેલાવી જાય છે. એવી સ્ત્રીઓને પુરુષો થકી ઘણા એ રોગોના ભોગ બનેલા છે. લોકોને એ રોગ વિષે કશી જાણકારી નથી. મારે ત્યાં ડરબનની બાજુમાં હેલ્થ સેન્ટર ને હોસ્ટેલ ખોલવી છે. એ માટે વૉલેન્ટીઅર્સ (સ્વયંસેવકો), ઈક્વીપમેન્ટ-સાધનો ને છોકરા છોકરીઓને ત્યાં જ રહેવા બધી સુવિધાઓ આપી, તેમના માટે રસોડું પણ ખોલવું છે. લોકલ ઓથોરેટીઝ તરફથી મારા પિતાની મદદથી રજા મળી જશે પણ સરકારી લેવલ પર રજા મેળવવા ….'

'માનસી! અદ્‌ભુત ! આવા વિચરો આજની પેઢીમાં આવી સ્વૈચ્ચિક સેવાઓ આપવા કરે એ જ અદ્‌ભુત છે. લીઝ તારે જવું છે?'

'હા, પપ્પા! માનસીને ઘરે રહીને જ આ બધું કરવાનું છે. માનસીના પિતાની મંજૂરી પણ મળી ગઈ છે.'

'તો માનસી ! હું અમેરિકાના દક્ષિણ આફ્રિકાના એમ્બેસેડરને ઓળખું છું. તેમને ફોન કરી તમને બધી સગવડ કરાવી આપીશ.'

***

માનસી સોશ્યોલોજીસ્ટ ને સાયકોલોજીસ્ટ બની, એલિઝાબેથ સાથે ડરબન આવી. એલિઝાબેથે જોયું કે માનસીના પિતાને સ્ટીલની ઇન્ડસ્ટ્રી હતી. આખા દક્ષિણ આફ્રિકાને સ્ટીલનાં વાસણો પૂરા પાડતાં હતા ને આજુબાજુના આફ્રિકાના દેશોને પણ પૂરા પાડતાં હતા. ખૂબ જ ધનિક અને વગવાળા માનવી હતા. એટલાં જ ઘરના બધા સંસ્કારી હતા. દક્ષિણ આફ્રિકામાં ખાસ કરી ભારતીયો તો વર્ષોથી ધંધા ઉદ્યોગ વિકસાવી દેશના આર્થિક તંત્રની કરોડરજ્જુ બની ગયા હતા.

અમેરિકન એમ્બ્સેડરની મદદથી એચ.આઈ.વી સેન્ટર માટે મોટું મકાન ને હોસ્ટેલની સગવડ થઈ ગઈ. તેમની જ મદદથી તાજા જ સ્વતંત્ર થયેલા દેશની સરકાર તરફથી થોડા આફ્રિકન વોલન્ટીઅર્સ મળી ગયા. હોસ્ટેલને સેન્ટર માટે ખાટલાઓની હોસ્ટેલમાં રહેવાના સાધનો ને રસોડા માટેની બધી સુવિધાઓ વસંતભાઈ પારેખે પૂરી પાડી.

અને જ્યારે માનસીને જાણ થઈ કે એચ.આઈ.વી. - એઈડ્ઝને એક અછૂત રોગ સમજી અભણ માબાપો બાળકોને તરછોડી તેમનો ત્યાગ કરી દેતા હતા. ખૂબ દુઃખ તેને થયું. જાણે એચ. આઈ. વી. એક મૃત્યુદંડની સજા ન હોય! ખૂબ ધીરજથી માનસી ને લીઝે આવાં તરછોડાયેલાં બાળકો, કિશોરો ને કુમારીકાને પનાહ દેવાનું શરૂ કરી, તેમના માટે કેટલા ય પ્રોગ્રામો જે અમેરિકાથી શીખી લાવ્યા હતાં, તેમાં તે સાંકળી લીધા. ઘણા બાળકો તો એટલા અશક્ત લાગ્યા હતા કે જાણે મરવા વાંકે જીવતા હતા. માનસીએ લોકલ નર્સીંગ કોલેજમાંથી થોડી સ્ત્રીઓને ભરતી કરી. નર્સ તો નામની જ કહેવાતી. કશી ટ્રેઈનિંગ નો'તી.

તેણે સેન્ટરનું નામ 'ઊહુરૂ સેન્ટર' રાખ્યું. આફ્રિકન ભાષામાં ઊહુરૂ એટલે સ્વતંત્રતા. જીવનના દુઃખોને રોગોમાંથી મુક્ત કરવા લોકોને માનસીએ આ નામ આપ્યું. વરસ એકમાં તો માનસી પારેખનું નામ આફ્રિકન સરકારમાં ગાજતું થઈ ગયું. જે લગન અને ખંતથી તેણે એઇડ્ઝ્ ને એચ.આઈ.વી રોગોયુક્ત બાળકોની સેવા આદરી, આ રોગ શું છે, કેમ થાય, તેનો પ્રસાર કેવી રીતે થાય, રોગનિરોધક સાધનોને શિક્ષણ આપવા માંડ્યું કે આફ્રિકન સ્ત્રીપુરુષો રાત્રે એ શિક્ષણના વર્ગો ભરવા આવતા થયા. જાણે એક રાત્રિશાળા ચાલુ થઈ. મિ. સ્મીથની મદદથી, આ શિક્ષણ માટે માનસીએ અમેરિકાથી શિક્ષક – શિક્ષિકાઓની ભરતી કરી. સરકારી તંત્રે તેઓને પગાર આપવાની શરૂઆત કરી. બાળકો, કુમારો, કુમારીકા ને બીજી સ્ત્રીઓની કથાઓ સાંભળી માનસી ને લીઝ તો થથરી ગઈ. લીઝે એક વરસનો તેનો પ્રોગ્રામ –ત્રણ વરસ માટે લંબાવ્યો.

'લીઝ! થેંક્યુ ! તારી મને બહુ જરૂર હતી.' એક દિવસ ઓફિસમાં બન્ને બેઠાં હતાં, વાતો કરી રહ્યાં હતાં, ત્યાં પ્યુન આવ્યો, 'મેડમ ! એક કુમારી તમને મળવા માગે છે.'

કુમારી ચકળવકળ દૃષ્ટિએ, ભય ભરેલી નજરે ઓફિસમાં પ્રવેશી. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. કાળા દેહ પર ઠેર ઠેર બ્લ્યુ ચકામા - મારનાં નિશાન હતાં. શરીર કૃશ હતું. જાણે ઘણા દિવસોથી કશું પોષણ જ ન મળ્યું હોય!

માનસી ઊઠી, તેનો હાથ પકડવા ગઈ તો ડરની મારી તે બે પગલાં પાછી હટી ગઈ ને આફ્રિકન ભાષામાં બોલી, 'મને અડશો નહીં' માનસી તો એ ભાષા જાણતી જ હતી.

'તું ડર નહીં. આ ખુરશીમાં બેસ.'

તે સંકોચાઈને બેઠી.

'બોલ ! તારું નામ શું છે?'

'સીફા - સીફા નાકેલા !'

'કેમ, તેં મને અડવાની ના પાડી?' માનસીએ પૂછ્યું.

અને દુઃખતી રગ પર હાથ અડ્યો હોય તેમ સીફાની ધીરજનાં બંધ તૂટી ગયા. ધ્રૂસ્કે ધ્રૂસ્કે તે રડી ઊઠી. હૈયું ખાલી થતાં બોલી : ''મને કદાચ એઈડ્ઝ હોય તો?' માનસી અનુકંપાથી તેના અજ્ઞાન ને ભયને જોઈ રહી. પછી બોલી, 'સીફા! એઈડઝ અડવાથી ન થાય. અને તને કેમ લાગ્યું કે તને એ રોગ હશે?'

અનુકંપા ને સહાનુભૂતિના સ્પર્શે સીફામાં થોડી હિંમત આવી.

'તું ગભરા નહીં. બધું ખુલ્લા દિલે જણાવ. અહીં તારે રહેવું હોય તો પણ વાંધો નથી. બધી વ્યવસ્થા થશે. પણ તારા વિશે પહેલાં કંઈ જણાવ. અહીં તારે કશો ડર રાખવાની જરૂર નથી. બોલ! '

'હું ઘરેથી ભાગીને આવી છું.'

'કંઈ પોલિસ ...?' માનસીના દિલમાં દ્વિધા ચમકી.

'ના, ના ! હું મારી મરજીથી આવી છું. અહીં ડરબનના બાજુના ગામડામાંથી આવું છું.'

'પણ ભાગવું કેમ પડ્યું?'

'મે'મ! તમે અહીંનાં છો ને? પણ તમારી કોમ્યુનિટી કદી આફ્રિકન સાથે ભળી નથી ને?'

'સીફા! હું અહીં જન્મીને મોટી થઈ છું. બધું જાણું છું. તમને બધાંને ને તમારી વીટંબણાઓને પણ. તેથી તુ હું આ કામ લઈને બેઠી છું.'

'તો તમને ખબર તો હશે જ કે દેશ તો હમણાં સ્વતંત્ર થયો. આફ્રિકન સ્ત્રીઓ આર્થિક રીતે પગભર નથી હોતી. મારી મા તેને વારસામાં મળેલા જમીનના ટુકડા પર વાવેતર કરી પેટિયું રળી લેતી. મારા પિતાના મૃત્યુ પછી, તેમને ટી.બી થઈ ગયો હતો. મોંઘી દવાઓ લેવાના પૈસા તો અમારી પાસે ક્યાંથી હોય? હું તો સાતેક વરસની હતી. મારું જીવન-પોષણ કેવી રીતે કરે? વળી બૂરી નજરોથી બચવા મારી માએ બીજા લગ્ન કર્યા. હું તેર વરસની થઈ ત્યાં સુધી તો બધું બરાબર ચાલ્યું. આમે ય તમને તો ખબર છે, સાંજે કામેથી કે ખેતરેથી છૂટી પુરુષો અમારી જાતિના પુરુષો ભેગા થઈ, કાચો દારૂ પીએ. પિતા - સાવકા પિતા પીને ઘરે આવતા. માને મારતા, મા બધું સહી લેતી. એમાં ય હું જ્યારે તેર વરસની થઈ ને પીને આવેલા પિતાએ પહેલી વાર, મારી માની નજર સામે મારું શિયળ લુંટ્યું. જાતિયતા વિશે તો હજી પૂરી સમજ નો'તી પણ ખૂબ જ જુગુપ્સા પ્રેરક એ કાર્ય લાગ્યું. મારી લાચાર મા વેદનાપૂર્વક બધું જોઈ રહી. મને બચાવવાની તેની હિંમત નો'તી. એ રાતે લાચારીની વેદનાથી મારી માએ હૈયાફાટ રૂદન કર્યું. અમે બન્ને આખી રાત રોતાં રહ્યાં ને જાગતાં રહ્યાં. પણ એક વાર શરમનો પરદો ચીરાય, ને તમે દબાઈ જાઓ એ હિસાબે છેલ્લા ત્રણ વરસથી મારા સાવકા પિતાના એ સિતમ મારી માની નજરની સામે થતા રહ્યા. બે વાર તો મારી માતાએ આપઘાત કરવા પણ પ્રયત્ન કર્યો પણ બચી ગઈ. હું ષોડશી-સોળ વરસની થઈ ને ગઈકાલે રાત્રે મારા સાવકા પિતાએ મારા પર આક્રમણ કરેલું. મારી માતાએ સ્વરક્ષણ માટે મને છરો આપ્યો, તે બતાવી, રાત્રે તો તેને દૂર રાખ્યા. પણ ત્રણેક દિવસ પહેલાં જ મારી માતા સરકારી ક્લિનીકમાં ગઈ હતી ને ખબર પડી કે મારા બદચલન પિતાની હરકતોથી તેમને થયેલો એઈડઝનો રોગ તેણે મારી માતામાં પ્રસાર્યો હતો. મારામાં ન પ્રસરે તે હિસાબે તેણે મને છરો આપ્યો ને આજે ભાગીને તમારી પાસે આવી છું. આ સેન્ટરનું નામ તો હવે પ્રખ્યાત થયું છે. મને ડર છે કે ક્યાંક મને એઈડઝ નહીં થયો હોય ને?' અને ધ્રુસ્કે ધ્રુસ્કે તેનો વિલાપ શરૂ થયો.

માનસીએ તેનું હૈયું ખાલી થવા દીધું. એલિઝાબેથ તો આ આફ્રિકન સંસ્કૃતિનું વિકૃત રૂપ જોઈ ડઘાઈ ગઈ. તેણે અમેરિકન સંસ્કૃતિમાં આવું થાય તે વાંચ્યું હતું. પણ આવો જીવતો જાગતો દાખલો કદી જોયો નો'તો. અપાર અનુકંપા તેનામાં ઉભરાઈ. ઊભી થઈ પાણીનો પ્યાલો લાવી સીફાને આપ્યો.

સીફા સ્વસ્થ થઈ. સેન્ટરમાં આશરો મળ્યો ને તેણે લગનપૂર્વક સેન્ટરનું કામ ઉપાડી લીધું. બીજી નર્સોની મદદથી બાળકોની શુશ્રૂષા ઉપાડી લીધી. નર્સનું કામ તેને ખૂબ ગમી ગયું. એક સપનું તેનામાં આકાર લેવા લાગ્યું. જ્યારે તેને

ચેકઅપમાં ખબર પડી કે તે એ ઈડઝ- કે એચ. આઈ. વી. જેવા રોગથી મુક્ત છે. માનસીને તો એક વફાદાર સ્ત્રીમિત્ર ને પરિચારિકા મળી ગઈ.

તે એક બાળકને તેડી ઑફિસમાં આવી ને માનસીને બોલતાં સાંભળી, 'એલિઝાબેથ, તું હવે થોડા સમયમાં અમેરિકા પાછી જાય છે. તને ખૂબ જ મીસ કરીશ - તારી ગેરહાજરી ખૂબ સાલશે.'

'માનસી! મેં નિર્ણય કર્યો છે. મારો બાકીનો અભ્યાસ પૂરો કરી હું પાછી આવવાની છું. તને વાંધો નથી ને?'

'અરે લીઝ! નેકી ઔર પૂછ પૂછ! તું જલદી બે વરસમાં હવે તારો ડોક્ટરીનો અભ્યાસ પૂરો કરી આવી જ જા. મારા માતાપિતા થોડા મહિના માટે તેમનો બિઝનેસ સંભાળવા અમેરિકા ગયાં છે. તું તેમને ત્યાં મળીશ જ ને?'

સીફા બધું સાંભળી રહી હતી. તેના હાથમાં કૃશકાય બાળકને જોઈ માનસી બોલી, 'સીફા ! આ બાળકને એઇડઝ છે. હવે તો તેને અડવાથી ડર નથી લાગતો ને?'

સીફા શરમાઈ ગઈ. 'મેમ ! અજ્ઞાન એક એવું વિજ્ઞાન છે જે માણસોએ દૂર કરવાનું છે. એઇડઝ અડવાથી થાય તે માન્યતા શિક્ષણ પછી દૂર થઈ છે. આ બાળકને પોષણની જરૂર છે. આપણો અમેરિકા કરેલાં 'એન્સ્યોર' વીટામીન સપ્લીમેન્ટનો ઓર્ડર આવી ગયો? આને ખૂબ જરૂર છે.' મમતાથી સીફાએ બાળક પર સ્નેહથી હાથ ફેરવ્યો. માનસી એ સ્નેહના આવિષ્કારને પ્રશંસાથી જોઈ રહી.

'સીફા ! ! તું એક સુંદર નર્સ – પરિચારિકા આ સેન્ટર માટે પૂરવાર થઈ છે. હું ખૂબ ખુશ છું. જો લીઝ હવે થોડા વખતમાં અમેરિકા જાય છે. તને ગમશે?'

'મેમ ! તમે બન્ને તો મારા જીવનના ઉત્કર્ષની દીવાદાંડીઓ છો. કેમ ભુલાય?' અને તે બન્નેને પ્રશ્નાર્થભરી નજરે કંઈ કહેવું હોય તેમ જોઈ રહી. માનસીએ તે જોયું.

'સીફા! કંઈ કહેવું છે તારે?'

'મેમ ! અચકાતા સીફા બોલી, 'નાને મોઢે મોટી વાત લાગશે, પણ ... પણ ...'

'હાં, બોલને?'

'મેમ ! તમને લાગે છે કે હું સારી પરિચારિકા છું?'

'હા! કેમ?'

'મેમ ! હું 'ક્વોલીફાઈડ' નર્સ બની શકું?'

'અરે ! સીફા ! તેં તો મારા મનની વાત છીનવી લીધી. હું અહીંની કોલેજમાં તારા માટે એપ્લાય કરી દઉં.'

'મેમ ! અહીંની કોલેજમાં બધી સુવિધાઓ ક્યાં છે? લીઝ મેમ ડોક્ટર થઈને આવે તો તેમને ક્વોલીફાઈડ નર્સ તો જોઈએ ને?'

અને એક નવું જીવન પોતાના હાથે સંવારી શકશે એ અનુભૂતિ માનસીને થઈ. લીઝ સામે જોઈ, મરક મરક હસતાં માનસી બોલી, 'જોયું? લીઝ, સીફા કેવી ચાલાક થઈ ગઈ છે?' ને સીફા તરફ ફરી બોલી, 'તો તારે ક્યાં ભણવા જવું છે?'

'મેમ!' જમીન ખોતરતાં, નીચી નજરે સીફા બોલી, 'અમેરિકાના ભણતરનાં ખૂબ વખાણ સાંભળ્યા છે, ત્યાં જઈ શકાય?'

'અરે! સીફા!' લીઝ આ અફ્રિકન છોકરીની હિંમત પર વારી ગઈ. 'હું આજે જ મારા પિતાને કોલેજના દાખલા માટે એપ્લાય કરવાનું કહી દઉં છું. તેઓ બધી વ્યવસ્થા કરી દેશે. હું પણ ત્રણેક મહિનામાં ત્યાં આવી પહોંચીશ.'

'સીફા ! મારા માતાપિતા ત્યાં છે. ભાઈ ત્યાં છે. જતાં વેંત હોટેલમાં જતાં પહેલાં મારા માતપિતા પાસે રહેજે. તેઓ હવે તને સારી રીતે ઓળખે છે. બસ?'

સીફા આ બન્ને પરીઓ - માનસી અને લીઝાને - દેવનાં અવતાર જેવાં માનવીઓને જોઈ રહી. અદૃષ્ટ આંસુ તેની આંખોમાં આવી ગયાં. માનસી એ જોઈ ગઈ. સમજી ગઈ હોય તેમ બોલી, ;સીફા, જતાં પહેલાં માને મળવું છે?'

'ના ! ના ! ત્યાં નહીં.' હજીય સાવકા પિતાના ચહેરાને ના જોવો હોય તેમ ડરની મારી બોલી ઊઠી.

'સીફા! ડર નહીં. તું હવે અઢારની થઈ ગઈ. તારી માને અહીં બોલાવીશું, બસ!'

બે મહિનામાં તો મિ. સ્મીથ ને અમેરિકન એમ્બેસેડરની મદદથી સ્ટુડન્ટ વીઝા મળી ગયા. ન્યુયોર્કની નર્સીંગ કોલેજમાં સીફાને એડમિશન પણ મળી ગયું. મા મળવા આવી ને દીકરીનો ઉત્કર્ષ જોઈ, બાહોંમાં ભરી. ખૂબ ભેટી વહાલ કર્યું. માનસી - લીઝ ને મા સાથે તે ડરબન એરપોર્ટ પર આવી. કોલ થયો. બેગેજ સાથે આગળ વધી. પ્લેનમાં બેઠી. પ્લેન 'એરબોર્ન' થયું. બારીમાંથી તેણે બધાંને વિદાયના હાથ હલાવતા જોયા. અને નર્સ બની જન્મભૂમિની સેવા કરવા પોતાના સપનાને સાકર કરવા સીફાએ જીવનની એક નવી સફરની ઉડાન ભરી.

**(મુદ્રાંકન સદ્‌ભાવ : વલ્લભ નાંઢા)**

e.mail : navinvibhakar@hotmail.com

---

# ગુફ્તગૂ –

## 'ફેસબુક' કરતા હોય અને પતિ-પત્ની હોય કે થવાના હોય તે આ વાંચે

## પતિ-પત્ની ઔર ફેસબુક : એક વિચાર

**• કનૈયાલાલ ભટ્ટ**

આજના આધુનિક યુગનું સૌથી પ્રભાવક માધ્યમ ફેસબુક છે. કે જેણે બાળકોથી લઈને વૃદ્ધો સુધીના લોકોને પોતાના પ્રભાવમાં લઈ લીધા છે. આ ફેસબુકે દુનિયાભરના દરવાજા ખોલી નાખ્યા છે. અભિવ્યક્તિનાં તમામ માધ્યમોને પાછળ રાખીને ફેસબુક આમ લોકોથી લઈને હાઈ-ફાઈ લોકો સુધી ફેલાઈ ગયું છે. વિશ્વના અન્ય પાશ્ચાત્ય દેશો તો ઠીક છે પણ એશિયાઈ દેશો ઉપર ફેસબુકની કેટલીક નકારાત્મક અસર પણ થઈ છે. ખાસ કરીને ભારત પર ... આપણો દેશ ધર્મ-સંસ્કૃતિ અને સંસ્કારના પાયા પર ઊભો છે. પરંતુ આજે આ ત્રણેય પાયાઓ હચમચી રહ્યા હોય એવું લાગે છે. ભારતીય સંસ્કૃતિની સૌથી મહત્ત્વની વ્યવસ્થા હોય તો તે છે 'પારિવારિક વ્યવસ્થા'. પતિ-પત્નીની ભાવના અને બાળકોનો ઉછેર તથા વડીલોની-વૃદ્ધોની સંભાળ રાખવાના સંસ્કારની વ્યવસ્થા છે. જો કે છેલ્લા દશકમાં આ વ્યવસ્થા તૂટી રહી છે કેમ કે હવે ૨૧મી સદીમાં યુગ બદલાઈ રહ્યો છે. પ્રત્યેક દેશોની જૂની સંસ્કૃતિ-વિચારધારા બદલાઈ રહ્યા છે આજે દુનિયાનો પ્રત્યેક માણસ અન્યની સામે અભિવ્યક્ત થવા ઈચ્છે છે. પોતાની આવડત, કલા બીજાને બતાવવા ઈચ્છે છે. આ પ્રકૃતિગત સ્વભાવ શરીરથી, હાવભાવથી, વિચારથી, ફોટાથી અન્યને આકર્ષવાના પ્રયત્નો કરે છે.

આમ જોઈએ તો ફેસબુક વિશાળ મહાસાગર છે. જેમાં ગંગા, યમુના, બ્રહ્મપુત્ર, ભગીરથી, ટેમ્સ, નાઈલ કે અન્ય પવિત્ર નદીઓના જળ પણ ઠલવાય છે. હવે આપણે અત્યાર સુધી ઘરના બાથરૂમમાં કે બહુ-બહુ તો નાના-મોટા તળાવમાં નહાવા ટેવાયેલા હોય અને અચાનક આવડો મોટો મહાસાગર મળી જાય એટલે મોટાભાગે ૯૦% બગડી જવાના ચાન્સ વધારે હોય એ સ્વાભાવિક છે. વળી એક વાત તો હકીકત છે. સત્ય છે કે ફેસબુકે ભારતીય સંસ્કૃતિની આખી પરંપરા હચમચાવી નાખી છે. કેમ કે જે છોકરી લગ્ન પહેલાં પોતાના ભાવિ પતિનું મુખ પણ માંડ-માંડ જોઈ શકતી હતી તે છોકરી આજે એકલી ... ફેસબુક ઉપર .. કોઈની સાથે ચેટીંગ કરીને ડેટીંગ ઉપર જતી થઈ ગઈ છે. આજે અભિવ્યક્તિની બાબતે છોકરાઓ કરતાં છોકરીઓ વધુ મુક્ત અને સ્વતંત્ર મિજાજ ધરાવે છે. કેમ કે મારા માનવા પ્રમાણે બુદ્ધિની મર્યાદિત ક્ષમતાને કારણે તે આગળ-પાછળનું, ભાવિનું, પરિવારનું, સમાજનું કે દેશનું લાંબુ વિચારતી નથી અને ફિલ્મો તથા ટી.વી. સિરિયલોની અસરમાં પોતાના ગમે તેવા ફોટા અપલોડ કરી દે છે અને છોકરાઓ તો રાહ જોઈને જ બેઠા હોય છે. જેવો ફોટો અપલોડ થયો નથી કે Likeથી લઈને 'Love you' સુધીની કોમેન્ટ્સ મોકલી દે છે.

ભલે આપણે માનીએ છીએ કે વિશ્વ બદલાયું છે. યુગ બદલાયો છે. વિચારધારા બદલાઈ છે. પણ મૂલ્યો નથી બદલાતા. સંસ્કાર નથી બદલાતા અને જ્યાં જ્યાં બદલાયા છે ત્યાં ત્યાં મોટા અનર્થો થયા છે. પણ આજની યુવા પેઢી એ નથી વિચારતી કે ફેસબુકના તમામ ફ્રેન્ડસ કે તમારી ફ્રેન્ડ્સ તમારામાંથી જ કેટકેટલાંનાં દામ્પત્યજીવન બગાડશે ? આ ફેસબુકે પારિવારિક મૂલ્યોને ખૂબ જ નુકસાન પહોંચાડ્યું છે. એમ કહીએ તો જરાય ખોટું નથી.

આજની છોકરીઓ એ નથી વિચારતી કે આજનો છોકરો પોતે ગમે તેટલી છોકરીઓ સાથે ફ્રેન્ડશીપ કરે પણ પોતાની પત્ની તો કોઈ છોકરા સાથે ફ્રેન્ડશીપ કરવી જ ના જોઈએ ... એવું માને છે. શું આ શક્ય છે ? આજે છોકરાઓ કરતાં છોકરીઓને ફ્રેન્ડ્સ વધારે હોય છે. તેથી સારા પતિ કે પત્ની થઈ એક જ સારા પરિવારમાં આખું જીવન વિતાવવું હોય તો આજની યુવાપેઢીએ આ ફેસબુકનું વળગણ-પ્રભાવ ઓછો કરવો પડશે. ખૂબ જ સમજદારીથી - મૂલ્યો જાળવીને એનો ઉપયોગ કરવો પડશે. નહિતર આવનાર વર્ષોમાં એનાં પરિણામો ગંભીર આવશે.

પતિ-પત્ની બાબતે પણ આ જ સમસ્યા છે. પુરુષ સાંજે ઑફિસથી ઘેર આવી ફેસબુક ઉપર લાગી જાય છે અને છેક મોડી રાત સુધી જ્યાં અને ત્યાં આડે-અવળે Like, કોમેન્ટ્સ અને ટેગ કે શૅર કર્યા કરે છે અને સુંદર-આકર્ષક-મોહક સ્ત્રીઓના ફોટા જોઈ-જોઈને પોતાની પત્નીમાં રસ ઓછો થતો જાય છે અને ધીમે-ધીમે પતિ-પત્નીમાં માનસિક અને શારીરિક અંતર વધતું જાય છે. કેટલીક જગ્યાએ પત્નીઓ પણ આ ચક્રમાં ફસાયેલી છે. પતિની, પરિવારની, બાળકોની કે સગાં સંબંધીઓની સહેજ પણ પરવા કર્યા વિના પોતાના સારા-નરસા બધા જ ફોટા ફેસબુક ઉપર અપલોડ કર્યે રાખે છે.

હવે દેખાવે જરાય સારી ના હોય, ફોટા સહેજેય સારા ન આવતા હોય. તેવી સ્ત્રીઓ પોતાના ફોટા વારંવાર શા માટે મૂકતી હશે એ મને હજી સુધી સમજાયું નથી અને પુરુષો (પરિણીત) પાછા આવા આકર્ષક ફોટાઓ ઉપર પણ Like કરે અથવા કોમેન્ટ્સ કરે 'Nice pic'. શું આ બધું એમના પતિઓને ગમતું હશે ? બાળકોને ગમતું હશે ? પણ પુરુષનું ઘરમાં ચાલતું નહીં હોવાથી પણ એ મોકો મળતા બહાર આજુબાજુ-સ્ટાફમાં કે ગમે ત્યાં બીજી સ્ત્રી સાથે સંબંધ કેળવે છે ... પતિ હોય કે પત્ની હોય. જો એકલા-અલગ-અલગ ફેસબુક કરતા હશો તો આવનાર ભવિષ્યમાં બહુ મોટા પ્રશ્નો ઊભા થશે. પરિવારો તૂટશે એ નક્કી છે. તમારો વર્ષોનો પ્રેમ, માન-મર્યાદા-સન્માન-પ્રતિષ્ઠા બધુ એક જ ઝાટકે ફેસબુક તોડી નાખશે. કેમ કે આજે 'Like' થી 'Love you' સુધી બધુ નોર્મલ, સરળ અને સસ્તું થઈ ગયું છે. થોડાં જ વર્ષો પહેલાં આપણને કોઈ કહેતું કે 'તમે મને ખૂબ ગમો છો' તો એની અસર મહિનાઓ-વર્ષો સુધી રહેતી. જ્યારે આજે 'I love you'ની કોઈ જ કિંમત રહી નથી. આવતીકાલે એવું પણ બનશે કે આપણી હાજરીમાં આપણી જ પત્નીને કે પતિને કોઈ જાહેરમાં 'I love you' કહેશે. ભેટશે કે kiss કરશે અને સાથે ઘેર આવવાનું, ફિલ્મ જોવાનું નિમંત્રણ આપશે. એ વખતે આપણે શું કરીશું ? એ અત્યારથી વિચારવું પડશે. અથવા ધારો કે તમે પતિ-પત્ની બનવાના છો ... ધારો કે લગ્ન થઈ ગયા અને લગ્ન પછી પણ ફેસબુકીઆ ફ્રેન્ડ્સ જે પોતાની જાતને તમારા લવર્સ સમજે છે એ તમને ગમે ત્યારે બજારમાં, પારિવારિક, સામાજિક પ્રસંગોમાં-કાર્યક્રમોમાં, મળશે અને એકદમ ભેટીને 'Love you yaar' કહેશે ત્યારે સાથે રહેલા તમારા પતિને કે પત્નીને શું જવાબ આપશો ? જો બંને પક્ષે આવી ઘટનાઓ બને અને તે સ્વીકારાતી હોય તો ફેસબુક બિન્દાસ્તથી કરવામાં વાંધો નથી. નહિતર અત્યારથી ચેતી જવું સારું. કેમ કે આવા ફેસબુકિયા ફ્રેન્ડ્સ કમ લવર્સને તમારા લગ્નથી કે તમારા ગમે તેટલા બોય/ગર્લ્સ ફ્રેન્ડ્સથી કોઈ ફરક પડતો નથી, કેમ કે એમને તો ગમે ત્યારે-ગમે ત્યાં મોકો મળે એની જ રાહ જોવાની હોય છે. પણ એ વખતે તમારું નવું-નવું કે જૂનું લગ્ન જીવન નહીં તૂટે એની શી ખાત્રી ? કેમ કે લગ્ન જીવનનો, દામ્પત્ય જીવનનો મુખ્ય પાયો વિશ્વાસ છે. ભરોસો છે. પતિ-પત્નીનો એકબીજાના ઉપરનો ભરોસો-વિશ્વાસ એ જ પરિવારનું ગૌરવ છે. આ વિશ્વાસ કે ભરોસો ફેસબુકને કારણે તૂટ્યો કે ગુમાવ્યો તો પછી આખી જિંદગી એ પાછો મેળવી નહીં શકાય અને નાની-નાની વાતમાં શંકાઓ, સમાધાન, ઝગડાઓ સાથે જિંદગી જીવવી પડશે અને અંતે છૂટા પણ થવું પડે. કેમ કે આપણે પાશ્ચાત્ય દેશના તો છીએ નહીં કે ગમે ત્યારે ગમે તેની સાથે હરી-ફરી શકીએ. ગમે તે કરી શકીએ ... માટે જે પતિ-પત્ની છે અથવા ભવિષ્યમાં થવાના છે, એવા દરેકે સૌ પ્રથમ તો કોઈ બુદ્ધિજીવી પાસે બેસીને 'ફેસબુક'ના કલ્ચર-સ્વભાવ અને મનોવિજ્ઞાન વિશે સમજવું જોઈએ અને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે પોતે એમાં કેવા ફોટાઓ અપલોડ કરે છે.

આ બધી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ કેમ કે આપણી પ્રત્યેક પ્રવૃત્તિમાં આપણી 'વૃત્તિ' પ્રગટતી હોય છે. વિચાર પ્રગટતા હોય છે. ફેસબુકમાં આપણી પ્રોફાઈલ આપણા સંસ્કાર-વિચારનું પ્રતિબિંબ છે એનાથી આપણું-આપણાં વ્યક્તિત્વનું મૂલ્યાંકન થતું હોય છે. આજે વિદેશોમાં મોટી-મોટી કંપનીઓ ફેસબુકની પ્રોફાઈલ જોઈને જ યુવાનોને નોકરીએ રાખે છે. આવતીકાલે 'લગ્નો' પણ ફેસબુકની પ્રોફાઈલ જોઈને થવાના ... એ વખતે તમે અપલોડ કરેલા ફિલ્મોના ફોટાઓ, મિત્રોએ મોકલેલા જેવા-તેવા ઉત્તેજક ફોટાઓ, લખાણ, તમારું જીવન અને કારકિર્દી બગાડી શકે છે. કેમ કે ફેસબુક એ માત્ર મોજ-મજા કે મસ્તી કે ફ્લર્ટ કરવા માટેનું માધ્યમ નથી, એના બીજા ઘણા સકારાત્મક ઉપયોગો પણ છે. હા અભિવ્યક્ત ચોક્કસ થાવ ... સારાં કપડાં પહેર્યાં છે ? ફરવા ગયા ? કાર્યક્રમો, પ્રસંગો, પાર્ટીઓ .. બધાના ફોટા મૂકો. લખો પણ એમાં એક મર્યાદા હોવી જોઈએ એનાથી આપણા વ્યક્તિત્વનું, પરિવારનું કે પ્રતિષ્ઠાનું મૂલ્ય ઘટવું ના જોઈએ. નહિતર આવતા પાંચ-દશ વર્ષમાં લગ્ન કરવા માટે કોઈ સારી છોકરીને સારો છોકરો કે સારા છોકરાને સારી છોકરી નહીં મળે ... અને મળશે તો લગ્નના એકાદ-બે વર્ષમાં જ લગ્નજીવન તૂટશે. જેમ 'કરેલાં કર્મોનું ફળ' અહીં જ મળે છે તેમ 'ફેસબુકનાં કર્મોનું ફળ' પણ અહીં જ મળે છે. એ વાત હંમેશાં યાદ રાખવી. હવે નક્કી આપણે કરવાનું છે કે આપણને કેવું જીવન ગમશે ? ખાસ કરીને છોકરીઓએ ગમે તેવા ફોટા ઉપર Like કરવું, શૅર કરવા, ટેગ કરવા કે કોમેન્ટ્સ કરવાથી બચવું જોઈએ. કેમ કે એની નોંધ લઈને જ મોટાભાગના છોકરાઓ, પુરુષો આગળ વધતા હોય છે.

વળી ફેસબુકનું સૌંદર્ય મોટેભાગે જૂઠું હોય છે. ફોટા બીજાના હોય છે અને ફોટામાં દેખાતી સુંદરતા સામે આવે છે ત્યારે ખબર પડે છે કે ... વળી ધારો કે સુંદરતા સાચી છે તો શું ચહેરાની કે શરીરની સુંદરતા ઉપર આખું જીવન પસાર થશે ખરું ? આથી ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જો તમારે સારી પત્ની કે સારી માતા કે સારી સ્ત્રી બનવું છે કે સારા પતિ-પિતા કે પુત્ર બનવું છે તો આપણા મૂળ સંસ્કારનાં મૂલ્યને ભૂલશો નહીં. નહિતર શરીરના બાહ્ય આકર્ષણમાં, ક્ષણિક સુખ મેળવવામાં, ફિલ્મોની અસરમાં તમે તમારું ચારિત્ર્ય, ઈજ્જત અને માન-સન્માન ગુમાવી બેસશો અને થોડાં વર્ષો પછી સાવ એકલવાયું જીવન જીવવું પડે એવું પણ બની શકે છે. જેમ દેશ ચલાવવા, રાજ્ય કે સમાજ ચલાવવા કાયદા-કાનૂન જરૂરી છે તેમ પરિવાર ચલાવવા માટે પણ એના પારિવારિક કાયદા-કાનૂન જરૂરી છે. એક વ્યવસ્થા ગોઠવાયેલી હોય એ જરૂરી છે અને આ વ્યવસ્થાના દાયરામાં રહીને ફેસબુક કરશો તો કોઈ વાંધો નથી.

Email - 9426060601.india@gmail.com

**– એતાનશ્રી**

## વિશ્વશાંતિ માટેનો નોબેલ પુરસ્કાર હવે આરબ દેશો અને ભારત-પાકિસ્તાનને મળશે

• ૨૦૧૨ની સાલમાં નોબેલ પુરસ્કાર સમિતિએ વ્યક્તિ વિશેષ ઉપરાંત યુરોપીય રાષ્ટ્ર સંઘને પુરસ્કારથી નવાજીને એક નવો ચીલો પાડ્યો છે.

માનવ ઈતિહાસમાં અનેક ફરિશ્તાઓ, સમાજ સુધારકો અને વૈજ્ઞાનિક સંશોધકોએ પોતાને મળેલ ઈશ્વરીય સંદેશાઓ, સામાજિક વિજ્ઞાનના અભ્યાસથી લાધેલ ઊંડી સમજ અને વૈજ્ઞાનિક પ્રયોગોને આધારે સિદ્ધ કરેલ જ્ઞાનની લહાણી કરીને લાખો અને કરોડો લોકોના જીવનને નવો રાહ ચીંધ્યો છે, શાંતિ સ્થાપી છે અને શારીરિક પીડાઓથી મુક્તિ અપાવી છે. આ કામ કદાચ

સહેલું છે, પરંતુ એક માનવ સમૂહ માટે પણ સામૂહિક પ્રયાસોથી સમાન હેતુ સિદ્ધ કરવો કઠિન છે, તેવામાં જુદા જુદા દેશોએ મળીને માત્ર વેપારી કરારો જ નહીં, પણ યુદ્ધો અટકાવવા માટે શાંતિ કરારોને ચુસ્તપણે વળગી રહીને એક અસંભવ મુકામ પાર કર્યો છે.

જેમ વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધો ખેલાયા તેનાં કારણભૂત અને પરિણામો ભોગવનાર મુખ્યત્વે યુરોપના દેશો હતા. તેમ એકવીસમી સદીમાં પ્રવર્તતા આંતરિક અને બે દેશો વચ્ચેનાં યુદ્ધોનું ઉદ્દ્ભવસ્થાન અને એની બૂરી અસરો ભોગવતા મુખ્યત્વે આરબ દેશો છે. જે દેશોની રાજકીય ધૂરા ઇસ્લામ પર આધારિત છે એવા મોટા ભાગના દેશોમાં અત્યારે આંતર વિગ્રહ અને અન્ય દેશો સાથે લડાઈનો રવૈયો ચાલી રહ્યો છે. બે વિશ્વયુદ્ધોમાં બનેલું તેમ જ આજે પણ હજારો સૈનિકો જાન ગુમાવે છે. લાખો નિર્દોષ નાગરિકો વિનાકારણ મૃત્યુને ભેટે છે. કરોડો લોકો બેઘર બને છે અને વધારામાં એ દેશોના અર્થતંત્ર ખોરવાઈ ગયા છે. પ્રજા અકલ્પનીય ગરીબીમાં સરતી જાય છે.

આરબ લીગના સભ્ય દેશોને પણ યુરોપના દેશોની જેમ હવે લાગ્યા વિના નહીં રહે કે જે તે દેશોના સરમુખત્યારો નાહકના પોતાની જ પ્રજાનો પ્રાણ હરે છે, જેને કારણે તેમના જ દેશની પાયમાલી થાય છે. પછી તેઓ રાજ્ય કોના પર કરશે? એક જ મઝહબના બંદાઓ શિયા-સુન્નીનું મહોરું પહેરીને પરસ્પરની કતલ કરીને પોતાના જ ધર્મ – કે જેનો અર્થ અમન-શાંતિ થાય છે તેને લાંછન લગાવે છે. એ દેશની આમ પ્રજા અને મોટા ભાગના રાજ્યકર્તાઓને કદાચ ખબર હશે કે દુનિયાના બીજા દેશોના નાગરિકો અંદર અંદર વાત કરે છે, 'અરે જુઓને આ મુસ્લિમો કેવો આતંક ફેલાવે છે?! એમનો કેમ વિશ્વાસ કરી શકાય?' એવા ચપટી ભર સત્તાધારીઓ કે જેઓ હિંસક પગલાંથી જ પોતાની સત્તા ટકાવી રાખવામાં મશગૂલ છે તેમને કારણે અને બીજા કેટલાક અન્તિમવાદીઓના ઝનૂનને કારણે મોટાભાગની શાંતિપ્રિય જનતાને દુનિયાની આંખે અપ્રિય થવું પડે છે.

હવે એવો સમય દૂર નથી જયારે આરબ દેશોમાં વસતી પ્રજા એના શાસકોને કહેશે કે હવે તમારા દમનને અમે સાંખી નહીં લઈએ. એટલું જ નહીં પણ આ આંતર વિગ્રહને પણ થંભાવીશું જેથી અમારા અમૂલ્ય યુવાધનને નાહક વેડફી ન નાખવું પડે. આમ પ્રજાજનો અને લોકશાહી ઢબે ચૂંટાએલી સરકારો વચ્ચે શાંતિમય સહઅસ્તિત્વ સ્થપાશે અને જુદા જુદા ફિરકાઓ વચ્ચે પણ સુલેહ થશે. મોટા ભાગના આરબ દેશો પાસે અઢળક કુદરતી સંપત્તિ છે તેથી વેપાર અને શાંતિના કરાર કર્યેથી એમની આર્થિક સ્થિતિ ઘણી સલામતી અનુભવશે. વળી મોટા ભાગના દેશોમાં આરબીક ભાષા બોલાય છે, મોટા ભાગના લોકો એક ધર્મને અનુસરે છે અને તેમની સંસ્કૃતિમાં પણ ઘણું સામ્ય છે. આ બધા કારણસર તેમનું સંગઠન ઘણું મજબૂત અને દીર્ઘકાલીન બનશે. સાથે સાથે વિશ્વના અન્ય દેશો તેઓની સંસ્કૃતિ પર વાર કરશે એવો ભય પણ દૂર થશે.

અત્યારે પશ્ચિમના આગેવાન દેશોએ સંઘર્ષોથી પીડિત ભૂમધ્ય પ્રદેશના દેશોને વધુ શસ્ત્રો વેચવાને બદલે એમને પણ યુરોપિયન યુનિયનની જેમ આરબ લીગનું એવું સંગઠન બનાવવામાં સહાય કરવી જોઈએ કે જેથી એ સમગ્ર ભૂ ભાગમાં ખેલાતી યુદ્ધની હોળી શમે. એમાં ન માત્ર આરબ દેશોનું ભલું છે પણ ખુદ પશ્ચિમના દેશોને પણ લાભ જ થશે. ખરેખર જો આરબ દેશોનું આવું સંગઠન આકાર લે તો તેમને પણ નોબેલ શાંતિ પારિતોષિક જરૂર મળશે એવી શ્રધ્ધા છે.

એવી જ બીજી શક્યતા ભારત-પાકિસ્તાનના શાંતિમય સહ અસ્તિત્વની છે. બન્ને દેશોના શાસકોએ સાથે મળીને જરા વિચારવા જેવું છે કે કાશ્મીરના પ્રશ્નને લઈને આજીવન દુશ્મન બની રહેવું છે કે તેનો શાંતિમય ન્યાયી ઉકેલ લાવીને રાજકીય સુલેહ કરી, વ્યાપારી અને સાંસ્કૃતિક કરારો કરીને બન્ને દેશોને વધુ સમૃદ્ધ બનાવવા છે? બ્રિટિશ સલ્તનત સામે માથું ઊંચકતી વખતે હિંદુ-મુસ્લિમ સૌ એક થઈને ઊભા રહેલા. ત્યારે પોતાનો પગદંડો થોડો હલબલી ગયેલો જણાતા બ્રિટિશ સરકારે ભાગલા કરીને રાજ કરવાની નીતિ અપનાવી. અને ત્યારથી એ બે કોમ વચ્ચે તિરાડ પડી. એ જાણે પૂરતું ન હોય તેમ ભારતને સ્વતંત્રતા આપવી અનિવાર્ય છે એમ સમજ્યા પછી બન્ને કોમ વચ્ચે અવિશ્વાસની આગ એવી તો ભડકાવી કે છેવટ એક દેશના બે ભાગ પડ્યા. તેમ બે નવા દેશોની સીમારેખા દોરવાનું કામ ભારતની ભૂગોળ, તેનાં નદી-પર્વતો, તેની ભાષા અને સંસ્કૃતિથી તદ્દન અજાણ એવા અફસરને સોંપીને અંગ્રેજો ઝટપટ સંકેલો કરીને પોબારા ભણી ગયા. એક મગની બે ફાડ જેવા ભારત અને પાકિસ્તાને સાથે મળીને વિચારવું જોઈએ કે ભાઈ, આ તો આપણા તે વખતના શાસકોની પેરવી હતી કે આમ કરવાથી આ પડોશી દેશો કાશ્મીરના કબજાની બાબતે જીવશે ત્યાં સુધી લડતા રહેશે. એમાં એમને પણ ફાયદો થાય. પોતાના દેશમાં બનતા શસ્ત્રો વેચીને પેટિયું રળે. ખરેખર નુકસાન તો આપણને જ થયું છે. આમ પહેલાં રાજ કર્યું અને સ્વરાજ આપવાની સાથે મૂર્ખ પણ બનાવ્યા. અને આપણે પાછા છ છ દાયકાઓ સુધી અંદર અંદર વેરઝેરનું વાવેતર કરતા રહ્યા!

હવે ભારત અને પાકિસ્તાનને પણ ભાન થશે કે આપણા બન્ને દેશો વચ્ચે ઘણું સામ્ય છે. ભલે પ્રજાઓ જુદા ધર્મો પાળે છે, પણ પહેલાંની જેમ શાંતિપૂર્વક રહી પણ શકશે. વળી મોગલ રાજ્યની મહેરબાની છે કે ઉર્દૂ હજી પણ મોટાભાગના ભારતીયોને પોતીકી લાગે છે. બન્ને દેશો હસ્ત કલાકારીગરી, સંગીત, સાહિત્ય અને અન્ય સાંસ્કૃતિક બાબતોમાં ઘણું સામ્ય ધરાવે છે. આપણે ઝઘડતા રહીએ તો એટલા નિર્બળ થઈએ એથી પણ બીજા દેશો ભારત-પાકિસ્તાનના પ્રશ્નોનો ઉકેલ ન આવે એવું ઇચ્છતા હોય એ સંભવ છે.

'મુસ્લિમો બીજાના દેશોમાં ત્યાની પ્રજા સાથે હળીમળીને નથી રહેતા અને એમને બીજા ધર્મના અનુયાયીઓ સામે વાંધો છે. કેટલાક ધર્મો પ્રત્યે તો તિરસ્કારથી પ્રેરાઈને હિંસા પણ ફેલાવે છે.' એવા તહોમતનો ડાઘ હવે ઇસ્લામના અનુયાયીઓએ પોતાના માથા પરથી ધોઈ નાખવો હોય, તો તેની શરૂઆત પાકિસ્તાન અને ભારત વચ્ચે એક મૈત્રીપૂર્ણ રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક સંગઠન રચીને કરવી જોઈએ. જો આ સ્વપ્ન સાકાર થાય તો તેમને પણ યુરોપિયન સંગઠનની માફક નોબેલ પુરસ્કાર મળ્યા વિના નહીં રહે એવી પૂરેપૂરો વિશ્વાસ છે.

**— આશા બૂચ**

[71, Half Edge Lane, Eccles, Manchester M30 9AZ U.K.]
Email: ten_men@htomail.com

---

## રમત

**• નિરંજના દેસાઈ**

ચાલો હવે,
આપણે 'મ્યુઝિકલ ચેર'ની રમત રમીએ,
ને ઈશ્વર પોતે વાંસળી વગાડતો હશે!
કોને બહાર કાઢવા,
ને કોને રમતમાં રાખવા,
એની એને સાચે જ તમા છે કે નહીં
તે કોઈને ખબર નથી !

આપણને માત્ર એટલી જાણ છે કે
આ રમતના એકાદ ચક્રાવામાં
આપણે આપણી ખુરસી ગુમાવવાની
તૈયારી આખવી પડશે !
તો આવો,
ચાલવાનું ને દોડવાનું
ચાલુ રાખી,
નેક દિલથી,
આપણે –
એક નવી ધરતી પર પગ માંડીએ !

[60, Wilson Gardens, WEST HARROW, Middlesex HA1 4DZ, U.K.]

**અસ્તમાન 2012ને ભાવે સિધાવજો કહીએ. ઉદયમાન 2013ને સહૃદય આવકારો દઈએ.**

**... સાલ મુબારક ...**



# પુસ્તકોની છાજલી

છાજલી પર પુસ્તકો
અ થી જ્ઞ સુધીનાં .........
દુનિયાના નકશા જેવો
મારો અભ્યાસખંડ લટકે છે વિશ્વમાં.

'છાજલી પર પુસ્તકો'
– એમ કહું કહું ત્યાં
છાજલી તળે ઠોકેલા ખીલા મને કરે છે ચૂપ.
તે કહે છે : 'આ તો ફરિશ્તાઓની વસ્તી છે !'
ને છાજલી હકારમાં વધુ ઝૂકે છે ...

અહીં શબ્દોનો બગીચો મઘમઘે છે
-એમ બબડતું કોઈ પુસ્તક.
મારા બે પૃષ્ઠ વચ્ચે છે સ્વર્ગ.
- એવું જાહેર કરે કોઈ ઝીણકુડી ચોપડી.
ખોખરા અવાજે બોલે છે શબ્દકોશ :
'અલ્યા અહીં તો બધી ભાષાઓ
ગાય છે ગીત.
ગીત – ફૂટપાથ પર ઠૂંઠવાતા ભિખારીઓનાં,
ગીત – ખૂણે બેસી આંસુ પાડતી નવવિધવાનાં,
ગીત – યુદ્ધમાં કપાઈ ગયેલા સૈનિકોનાં,
ગીત – ભૂખથી વલવલતાં શિશુઓનાં,
ગીત – હોસ્પિટલોમાં કણસતા રુગ્ણોનાં,
ગીત – માનવ્યનાં,
ગીત – માનવ્ય માટે ઝૂઝતા ચપટીક શ્વાસોનાં,
ગીત – નિઃશ્વાસ નાખી રસ્તે જતા થાકેલા પ્રવાસીનાં.'

'અહીં ફિલસૂફોએ ઉકેલી નાખ્યો છે
કાળનો કોયડો....' એમ ધીમેશથી કહે કોઈ જર્જરિત ચોપડી.

'આ બધા ગ્રંથો છે સમાજની યાદદાસ્ત'
– એમ કહી ટપ્પ્ કરતું નીચે પડે કોઈ પુસ્તક.

મારા અભણ કપાળમાં શબ્દનું ટીલું.
અહીં અક્ષર છે, ધર્મ -
જે ખંડિત કરતો નથી કશું,
જે બનતો નથી કદી પશુ.
બે પૃષ્ઠ વચ્ચેથી નીકળી તે
કોઈનાં ઘર કે સપનાં સળગાવતો નથી.
નથી ભોંકતો કોઈને છૂરો.

અહીં મંદિરની જગાએ મૂકો મસ્જિદની ચોપડી
તો બકરી યે કરે નહીં બેં,
એવું રામરાજ્ય છે !
અહીં એકે અક્ષર નથી ધર્માન્ધ.
અહીંથી જ ઊગે છે સૂર્ય
જે અજવાળે છે ભીતરી બ્રહ્માંડ .......

ચાચા ગાલિબ એના દીવાનમાંથી
ડોકિયું કરી પૂછે : 'તું કોણ ?'
તો હોઠ બોલી ઊઠે – 'હું મુસલમાન !'

મીરાં, કબીર, તુલસી, નાનક
પૂછે તારું કયું થાનક,
જ્યાં તું ટેકવે તારું મસ્તક
ને ભીડ પડ્યે કોને દરવાજે દે તું દસ્તક ?
તો હું ચીંધું મારાં પુસ્તકની છાજલી .....

ખ્રિસ્ત, બુદ્ધ કે મહાવીર મને ચીંધે દિશા
પુસ્તકમાં જાય – આવે મારા વિચાર લિસ્સા !

મારી છાજલી રામની જન્મભૂમિ નથી;
એ તો છે વૃંદાવન,
જ્યાં વિશ્વની તમામ સુંદરતા
ગોપી બનીને રાસ રમે
મારું અંતર એમાં ફેરફુદરડી ભમે ...

ધર્મનો ધ
બે પૂઠાં વચ્ચેથી નીકળીને
બીજાં પુસ્તકમાં વધ કરવા નથી જતો ...

તો ઉપદેશકો, હોશિયાર !
મારી છાજલી પર પુસ્તકોની કતાર.
જેમાં પ્રત્યેક ધર્મ ને મનુષ્ય પ્રતિષ્ઠિત પૂરબહાર ...

તમારાં કંઠીકંઠા મારા અભ્યાસખંડને ન અભડાવે
બિભત્સતા મારા ખંડનાં બારણાં ન અભડાવે
તો બસ.
આખા વિશ્વમાં સૌથી પવિત્ર જગા છે -
મારાં પુસ્તકોની છાજલી.
મારો અભ્યાસખંડ તીર્થ છે, મારા માંહ્યલાનું,
તમે આવો તો તમારું ય !

(18.10.'89)

— રમેશ પારેખ

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.12.2012]